શ્રીમદ્ રાજચંદ્ર

# આત્મકથા

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
• અગાસ •

પ્રકાશક—
મનુભાઈ ભ. મોદી,
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ,
સ્ટે અગાસ, પો. બોરીઆ
વાયા—આણંદ (ગુજરાત)

પ્રથમાવૃત્તિ—પ્રત ૩૦૦૦

| વિક્રમ સવત્ | ઈસ્વી સન્ | વીર સવત્ |
| --- | --- | --- |
| ૨૦૩૫ | ૧૯૭૯ | ૨૫૦૫ |

મુદ્રક—
યુનિવર્સિટી પ્રેસ,
વલ્લભવિદ્યાનગર



શાંતમૂર્તિ શ્રી સુભાગ્ય

# અર્પણ-પત્રિકા

"પરમાર્થના અખંડ નિશ્ચયી, નિષ્કામસ્વરૂપ રાયચંદના વારવાર સ્મરણરૂપ, મુમુક્ષુ પુરુષોએ અનન્ય પ્રેમે સેવન કરવા યોગ્ય, પરમ સરળ અને શાંતમૂર્તિ એવા શ્રી *સુભાગ્ય તેમના પ્રત્યે—"

"હે શ્રી સોભાગ્ય ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનુ સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર કરું છુ"

આ શબ્દોથી જેમના સબધે શ્રીમદે ઉલ્લેખ કરેલ છે, જેમણે શ્રીમદ્ સંબધી એક પત્તામા પોતાની ગ્રામ્યભાષામા કહેલ છે કે "આપની સમરથાઈ અદ્ભુત છે. તે વિષે કાઈ લખી શકતો નથી. જાણે છે તે જાણે છે ને જાણે છે તે માણે છે," જેમના આત્મપયોગ અર્થે તત્ત્વસારરૂપે શ્રીમદે દોઢ દિવસમાં 'આત્મસિદ્ધિશાસ્ત્ર' રચી મોકલ્યું હતુ, જેમની પાસે પોતાનુ ઘણું ખરુ હૃદય ખોલ્યુ હતુ અને આ આત્મકથાનો ઘણો ભાગ જેમના ઉપરના પત્રોમાનો છે તે શ્રી સોભાગ્યને પરમ પ્રેમભક્તિએ આ લઘુ આત્મકથા અર્પણ

—હેમચંદ્ર ટોકરશી મહેતા

---

* સદ્ગત શ્રી 'સુભાગ્ય'નું નામ સોભાગચંદ લલ્લુભાઈ હતું તેઓ કાઠિયાવાડમાં મૂળી પાસે સાયલાના રહીશ હતા. અને શ્રીમદ્‌ના હયાતી કાળમાં—સંવત્ ૧૯૫૩માં —તેમનો દેહોત્સર્ગ થયો હતો

# પ્રસ્તાવના

શ્રી હેમચદ ટોકરશી મહેતાએ સ ૧૯૯૩મા "શ્રીમદ્ રાજચદ્ર" ગ્રથમાથી સશોધન કરી "શ્રીમદ્ રાજચદ્ર આત્મકથા" નામથી એક પુસ્તક પ્રકાશિત કરેલ તે કેટલાય વખતથી અપ્રાપ્ય હોવાથી તેની આ નવીન આવૃત્તિ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસ તરફથી પ્રસિદ્ધ કરવામા આવે છે

શ્રી હેમચંદ ટોકરશીનું પ્રથમાવૃત્તિનુ નિવેદન આ સાથે આપેલ છે જેથી પુસ્તકનો પરિચય સહેજે થશે

આ પુસ્તકમા દરેક પત્રના મથાળે ડાબી બાજુના કૌંસમાં આપેલ આક "શ્રીમદ્ રાજચદ્ર" ગ્રથની આશ્રમ–પ્રકાશિત આવૃત્તિ પ્રમાણે છે

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચદ્ર પ્રભુના આભ્યંતર જીવનનો તેમના જ વચનો દ્વારા ખ્યાલ આપવા કરેલ આ યત્કિંચિત્ પ્રયત્ન સર્વ મુમુક્ષુઓને પ્રેરકરૂપ બનો એ જ શુભેચ્છા.

—પ્રકાશક

# પ્રથમાવૃત્તિનું નિવેદન

શ્રીમદ્ રાજચંદ્રનું જીવન ગ્રંથારૂઢ થયેલું જોવાની ઇચ્છા ઘણા જિજ્ઞાસુ-ઓની છે, તથાપિ તે ઇચ્છાને અનુકૂલ થવું શક્ય જણાયું નથી, કેમકે તેઓશ્રીનું જીવન મુખ્ય કરી આભ્યંતર દશાનો વિષય હોઈ તેવી આભ્યંતર દશાનું ચિત્ર આલેખવું તે વિશેષ નહીં તો તથારૂપ દશા અને સામર્થ્યધારક મહાશયોનું કાર્ય છે, સામાન્ય બુદ્ધિનું નથી. તેમના વિચારોના પૃથક્કરણપૂર્વક હાર્દો શોધવા માટે અને પછી તેને એક જીવનવૃતના ઘાટમાં મૂકવા માટે તેઓના સમાગમમાં આવેલા કોઈ કોઈ સજ્જનોએ યત્નો કરી જોયાં છે, તથાપિ તેઓએ તે કાર્ય પોતાની શક્તિ ઉપરાંતનું અનુભવમાં આવતાં પોતાના તે પ્રયત્નો અત્યાર સુધીમાં તો પડતા મૂક્યા છે.— (મુરબ્બી મનસુખલાલ રવજીભાઈ—રાજ-જયંતિ પ્રસ્તાવના)

શ્રીમદ્‌ના બાહ્ય વ્યાપારી ગૃહસ્થ—જીવન ઉપરથી તેમની અણીશુદ્ધ નીતિમત્તા—પ્રામાણિકતા જણાશે, પરંતુ તેઓની આત્મિક આભ્યંતરદશાનો ખ્યાલ આવી નહીં શકે, તેઓનું આભ્યંતર જીવન જાણવા માટે તેઓના લખેલા પત્રો અને લેખો જ માત્ર સાધન ગણી શકાય આ પત્રો વગેરે "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાં એકત્રિત કરી અપાયા છે તેમાંથી તેઓએ પોતાના અંગત જીવન, વ્યાપાર—વ્યવહાર, અને આંતરિક દશા સંબંધે જે જે ઉદ્‌ગારો જુદી જુદી વ્યક્તિઓ પરત્વેના પત્રોમાં લખેલા તેમાંનો કેટલોક ભાગ એકત્રિત કરી શબ્દશઃ આ પુસ્તકમાં આપ્યો છે, જેથી તેઓની અંગત સ્થિતિ કેવા પ્રકારની હતી અને બાહ્ય વ્યવહારમાં કેવી રીતે તેમને રહેવું પડતું હતું તેનો કાંઈક ખ્યાલ આવશે તદુપરાંત શ્રીમદ્‌ના આત્મિક જીવનની ઉચ્ચ ઉત્ક્રાંતિ દરેક મહાપુરુષને થાય છે તેમ ઉત્તરોત્તર થઈ હતી એ તેમના હૃદયોદ્‌ગારને ક્રમબદ્ધ વિચારતાં સ્પષ્ટ જણાઈ આવશે. બાકી તો શોધક દૃષ્ટિએ તેમના બધા લેખો અને જીવનપ્રસંગો વગેરે તપાસી તે ઉપર વિશેષતાથી તેમનું બૃહદ્

જીવનવૃત્તાન્ત લખવામા આવે તો તેનાથી તેમના જીવન ઉપર બહુ પ્રકાશ પાડી શકાય તેવુ છે એ કાર્ય કોઈ શોધક મહાશય કરશે મારી શક્તિ ઉપરાંતનુ *છે.

થોડાક વખત પહેલા ભાઈ ગોપાલદાસ દેસાઈએ "શ્રીમદ્‌ની જીવનયાત્રા" અને "શ્રીમદ્ રાજચદ્રના વિચારરત્નો"મા તેઓનું જીવનચરિત્ર આપવા પ્રયત્ન કર્યો છે. પણ તે બહુ ઉપલક દૃષ્ટિએ થયો છે

ઘાટકોપર, શ્રીમદ્ જન્મતિથિ
સ ૧૯૯૩

—હેમચંદ ટોકરશી મહેતા

* 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા' નામનુ પુસ્તક આ આશ્રમ તરફથી પ્રકાશિત થયેલ છે જેમા શ્રીમદ્‌ના જીવનપ્રસગોનો વ્યવસ્થિત અને સુંદર રીતે સગ્રહ કરવામા આવેલો છે

# સહજ નોંધ

જે પુરુષ આ ગ્રથમાં સહજ નોધ કરે છે તે પુરુષ માટે પ્રથમ સહજ તે પુરુષ લખે છે તેની હમણા એવી દશા અતરગમા રહી છે કે કઈક વિના સર્વ સસારી ઇચ્છાની પણ તેણે વિસ્મૃતિ કરી નાખી છે તે કઈક પામ્યો પણ છે, અને પૂર્ણનો પરમ મુમુક્ષુ છે છેલ્લા માર્ગનો નિ શક જિજ્ઞાસુ છે હમણા જે આવરણો તેને ઉદય આવ્યા છે, તે આવરણોથી એને ખેદ નથી પરતુ વસ્તુભાવમા થતી મદતાનો ખેદ છે તે ધર્મની વિધિ, અર્થની વિધિ, કામની વિધિ અને તેને આધારે મોક્ષની વિધિને પ્રકાશી શકે તેવો છે થોડા પુરુષને પ્રાપ્ત થયો હશે એવો એ કાળનો ક્ષયોપશમી પુરુષ છે. તેને પોતાની સ્મૃતિ માટે ગર્વ નથી, તર્ક માટે ગર્વ નથી તેમ તે માટે તેનો પક્ષપાત પણ નથી, તેમ છતા કઈક બહાર રાખવુ પડે છે તેને માટે ખેદ છે તેનુ અત્યારે એક વિષય વિના બીજા વિષય પ્રતિ ઠેકાણુ નથી, તે પુરુષ જો કે તીક્ષ્ણ ઉપયોગવાળો છે તથાપિ તે તીક્ષ્ણ ઉપયોગ બીજા કોઈ પણ વિષયમા વાપરવા તે પ્રીતિ ધરાવતો નથી

—"શ્રીમદ્ રાજચંદ્ર" હાથનોંધમાંથી

# સ્વાત્મદશા*

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે,
દશ વર્ષે રે ધારા ઉલસી, મટયો ઉદયકર્મનો ગર્વ રે ધન્ય૦

ઓગણીસસે ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે,
ઓગણીસસે ને બેતાલીસે, અદ્ભુત વૈરાગ્ય ધાર રે ધન્ય૦

ઓગણીસસે ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યુ રે,
શ્રુત અનુભવ વધતી દશા, નિજસ્વરૂપ અવભાસ્યુ રે. ધન્ય૦

ત્યા આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રચ રે ધન્ય૦

વધતુ એમ જ ચાલિયુ, હવે દીસે ક્ષીણ કાઈ રે,
ક્રમે કરીને રે તે જશે, એમ ભાસે મન માહિ રે. ધન્ય૦

યથાહેતુ જે ચિત્તનો, સત્યધર્મનો ઉદ્ધાર રે,
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે ધન્ય૦

આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે,
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહવિયોગ રે ધન્ય૦

અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક જ ધારીને, જાશુ સ્વરૂપ સ્વદેશ રે ધન્ય૦


—"શ્રીમદ્ રાજચંદ્ર" હાથનોધમાથી

* આ સ્વાત્મદશાના પદો શ્રીમદે પોતાના દેહોત્સર્ગ પહેલાં ચાર વર્ષ અગાઉ (સંવત્ ૧૯૫૩મા) લખ્યા હતા. આ પદો શ્રીમદ્‌ના હસ્તાક્ષરમાં ભિન્ન ભિન્ન અવસ્થાના ચિત્રપટમાં વચ્ચે આપેલ છે.




શ્રીમદ્ રાજચંદ્ર

ભિન્ન ભિન્ન અવસ્થા



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ :
વિ સ ૧૯૨૪

દેહવિલય :
વિ સ ૧૯૫૭

# શ્રીમદ્ રાજચંદ્ર

# આત્મકથા

[ ૮૯ ] [ મુંબઈ, કારતક સુદ ૧૫, ૧૯૪૬ ]

સવત ૧૯૨૪ ના કાર્તિક સુદિ ૧૫, રવિએ મારો જન્મ હોવાથી આજે મને સામાન્ય ગણતરીથી બાવીસ વર્ષ પૂરા થયા બાવીસ વર્ષની અલ્પવયમા મે અનેક રગ આત્મા સબધમા, મન સબધમા, વચન સબધમા, તન સબધમા અને ધન સબંધમા દીઠા છે નાના પ્રકારની સૃષ્ટિરચના, નાના પ્રકારના સસારી મોજા, અનત-દુખનુ મૂળ, એ બધાનો અનેક પ્રકારે મને અનુભવ થયો છે સમર્થ તત્ત્વજ્ઞાનીઓએ અને સમર્થ નાસ્તિકોએ જે જે વિચારો કર્યા છે તે જાતિના અનેક વિચારો તે અલ્પવયમા મે કરેલા છે મહાન ચક્રવર્તીએ કરેલા તૃષ્ણાના વિચાર અને એક નિસ્પૃહી મહાત્માએ કરેલા નિસ્પૃહાના વિચાર મે કર્યા છે અમરત્વની સિદ્ધિ અને ક્ષણિકત્વની સિદ્ધિ ખૂબ વિચારી છે અલ્પવયમા મહત્ વિચારો કરી નાખ્યા છે મહત્ વિચિત્રતાની પ્રાપ્તિ થઈ છે એ સઘળુ બહુ ગંભીર ભાવથી આજે હું દૃષ્ટિ દઈ જોઉ છુ તો પ્રથમની મારી ઊગતી વિચાર શ્રેણી, આત્મદશા અને આજને આકાશ—પાતાળનુ અતર છે, તેનો છેડો અને આનો છેડો કોઈ કાળે જાણે મળ્યો મળે તેમ નથી પણ શોચ કરશો કે એટલી બધી વિચિત્રતાનુ કોઈ સ્થળે લેખન—ચિત્રન કર્યું છે કે નહીં? તો ત્યા એટલુ જ કહી શકીશ કે લેખન—ચિત્રન સઘળુ સ્મૃતિના ચિત્રપટમા છે બાકી પત્ર-લેખિનીનો સમાગમ કરી જગતમાં દર્શાવવાનુ પ્રયત્ન કર્યું નથી યદિ હુ એમ સમજી શકુ છુ કે તે વય—ચર્યા જનસમૂહને બહુ ઉપયોગી, પુન પુન મનન કરવા યોગ્ય, અને પરિણામે તેઓ ભણીથી મને શ્રેયની પ્રાપ્તિ થાય તેવી છે, પણ મારી સ્મૃતિએ તે પરિશ્રમ લેવાની મને ચોખ્ખી

બાવીસમે વર્ષે લખેલ વયચર્યા

વિચારો કેવા કર્યા?

પ્રથમની અને અત્યારની દશામા અંતર

વય—ચર્યાનું જનસમૂહને ઉપયોગીપણું

ના કહી હતી, એટલે નિરુપાયતાથી ક્ષમા ઈચ્છી લઉં છું. પારિણામિક વિચારથી તે સ્મૃતિની ઈચ્છાને દબાવી તે જ સ્મૃતિને સમજાવી, તે વય—ચર્યા ધીરે ધીરે બનશે તો, અવશ્ય ધવળ—પત્ર પર મૂકીશ, તોપણ સમુચ્ચયવયચર્યા સભારી જઉં છું :—

સાતથી અગીયારમા વર્ષ સુધીની ચર્યા

સાત વર્ષ સુધી એકાત બાળવયની રમતગમત સેવી હતી એટલુ મને તે વેળા માટે સ્મૃતિમાં છે કે વિચિત્ર કલ્પના—કલ્પનાનું સ્વરૂપ કે હેતુ સમજ્યા વગર—મારા આત્મામા થયા કરતી હતી રમતગમતમા પણ વિજય મેળવવાની અને રાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની પરમ જિજ્ઞાસા હતી.

વર્તનમા વિદેહી દશા

વસ્ત્ર પહેરવાની, સ્વચ્છ રાખવાની, ખાવાપીવાની, સૂવાબેસવાની, બધી વિદેહી દશા હતી, છતા હાડ ગરીબ હતુ એ દશા હજુ બહુ સાભરે છે. અત્યારનુ વિવેકી જ્ઞાન તે વયમાં હોત તો મને મોક્ષ માટે ઝાઝી જિજ્ઞાસા રહેત નહીં એવી નિરપરાધી દશા હોવાથી પુન પુન: તે સાંભરે છે

કેળવણીમા બળવત્તર સ્મૃતિ

સાત વર્ષથી અગિયાર વર્ષ સુધીનો કાળ કેળવણી લેવામાં હતો આજે મારી સ્મૃતિ જેટલી ખ્યાતિ ભોગવે છે, તેટલી ખ્યાતિ ભોગવવાથી તે કઈક અપરાધી થઈ છે, પણ તે કાળે નિરપરાધી સ્મૃતિ હોવાથી એક જ વાર પાઠનુ અવલોકન કરવુ પડતુ હતું, છતા ખ્યાતિનો હેતુ નહોતો, એટલે ઉપાધિ બહુ ઓછી હતી સ્મૃતિ એવી બળવત્તર હતી કે જેવી સ્મૃતિ બહુ જ થોડા મનુષ્યોમા આ કાળે, આ ક્ષેત્રે હશે અભ્યાસમા પ્રમાદી બહુ હતો વાતડાહ્યો, રમતિયાળ અને આનદી હતો પાઠ માત્ર શિક્ષક વચાવે તે જ વેળા વાચી તેનો ભાવાર્થ કહી જતો એ ભણીની નિશ્ચિતતા હતી

સર્વથી એકત્વભાવ

તે વેળા પ્રીતિ—સરળવાત્સલ્યતા—મારામા બહુ હતી, સર્વથી એકત્વ ઈચ્છતો, સર્વમા ભ્રાતૃભાવ હોય તો જ સુખ, એ મને સ્વાભાવિક આવડ્યુ હતુ લોકોમા કોઈ પણ પ્રકારથી જુદાઈના અકુરો જોતો કે મારુ અત કરણ રડી પડતુ તે

વેળા કલ્પિત વાતો કરવાની મને બહુ ટેવ હતી આઠમા વર્ષમા મેં કવિતા કરી હતી, જે પાછળથી તપાસતા સમાપ હતી

આઠમા વર્ષે કવિતા

અભ્યાસ એટલી ત્વરાથી કરી શક્યો હતો કે જે માણસે મને પ્રથમ પુસ્તકનો બોધ દેવો શરૂ કર્યો હતો, તેને જ ગુજરાતી કેળવણી ઠીક પામીને તે જ ચોપડીનો પાછો મે બોધ કર્યો હતો ત્યારે કેટલાક કાવ્યગ્રથો મે વાચ્યા હતા તેમજ અનેક પ્રકારના બોધગ્રથો—નાના—આડાઅવળા મે જોયા હતા, જે પ્રાયે હજુ સ્મૃતિમા રહ્યા છે ત્યાસુધી મારાથી સ્વાભાવિક રીતે ભદ્રિકપણું જ સેવાયુ હતુ, હુ માણસ જાતનો બહુ વિશ્વાસુ હતો, સ્વાભાવિક સૃષ્ટિરચના પર મને બહુ પ્રીતિ હતી

અભ્યાસમા ત્વરા

ભદ્રિકપણું

મારા પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા હતા. તેમની પાસે તે વયમા કૃષ્ણકીર્તનના પદો મે સાભળ્યા હતા, તેમજ જુદા જુદા અવતારો સબધી ચમત્કારો સાભળ્યાં હતા, જેથી મને ભક્તિની સાથે તે અવતારોમા પ્રીતિ થઈ હતી, અને રામદાસજી નામના સાધુની સમીપે મે બાળલીલામા કંઠી બધાવી હતી, નિત્ય કૃષ્ણના દર્શન કરવા જતો, વખતોવખત કથાઓ સાભળતો, વારવાર અવતારો સંબધી ચમત્કારમા હુ મોહ પામતો અને તેને પરમાત્મા માનતો, જેથી તેનુ રહેવાનુ સ્થળ જોવાની પરમ જિજ્ઞાસા હતી તેના સપ્રદાયના મહત હોઈએ, સ્થળે સ્થળે ચમત્કારથી હરિકથા કરતા હોઈએ અને ત્યાગી હોઈએ તો કેટલી મજા પડે ? એ જ વિકલ્પના થયા કરતી, તેમજ કોઈ વૈભવી ભૂમિકા જોતા કે સમર્થ વૈભવી થવાની ઇચ્છા થતી, 'પ્રવીણસાગર' નામનો ગ્રથ તેવામા મે વાચ્યો હતો, તે વધારે સમજ્યો નહોતો, છતા સ્ત્રી સબધી નાના પ્રકારના સુખમા લીન હોઈએ અને નિરુપાધિપણે કથાકથન શ્રવણ કરતા હોઈએ તો કેવી આનદદાયક દશા, એ મારી તૃષ્ણા હતી ગુજરાતી ભાષાની વાચનમાળામાં જગત્કર્તા સબધી કેટલેક સ્થળે બોધ કર્યો છે તે મને દૃઢ થઈ ગયો હતો, જેથી જૈન લોકો ભણી મારી

અવતારોમા પ્રીતિ

કંઠી બંધાવવી

વિકલ્પો કેવા થતા ?

જગતકર્તાની દૃઢતા

જૈનો ભણી જુગુપ્સા

બહુ જુગુપ્સા હતી, બનાવ્યા વગર કોઈ પદાર્થ બને નહીં માટે જૈન લોકો મૂર્ખ છે, તેને ખબર નથી તેમજ તે વેળા પ્રતિમાના અશ્રદ્ધાળુ લોકોની ક્રિયા મારા જોવામા આવતી હતી, જેથી તે ક્રિયાઓ મલિન લાગવાથી હુ તેથી બીતો હતો, એટલે કે તે મને પ્રિય નહોતી

પાનારો કોનો હતો ?

જન્મભૂમિકામા જેટલા વાણિયાઓ રહે છે, તે બધાની કુળશ્રદ્ધા ભિન્ન ભિન્ન છતા કઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લગતી હતી, એથી મને તે લોકોનો જ પાનારો હતો પહેલેથી સમર્થ શક્તિવાળો અને ગામનો નામાંકિત વિદ્યાર્થી લોકો મને ગણતા, તેથી મારી પ્રશસાને લીધે ચાહીને તેવા મડળમા બેસી મારી ચપળશક્તિ દર્શાવવા હુ પ્રયત્ન કરતો. કઠીને માટે વારવાર તેઓ મારી હાસ્યપૂર્વક ટીકા કરતા, છતા હુ તેઓથી વાદ કરતો અને સમજણ પાડવા પ્રયત્ન કરતો પણ હળવે હળવે મને તેમનાં પ્રતિક્રમણસૂત્ર

જૈનોના પુસ્તકના પરિચયથી તે તરફ રુચિ

ઇત્યાદિક પુસ્તકો વાચવા મળ્યા, તેમા બહુ વિનયપૂર્વક સર્વ જગતજીવથી મિત્રતા ઇચ્છી છે તેથી મારી પ્રીતિ તેમાં પણ થઈ અને પેલામા પણ રહી હળવે હળવે આ પ્રસગ વધ્યો. છતા સ્વચ્છ રહેવાના તેમજ બીજા આચાર—વિચાર મને વૈષ્ણવના પ્રિય

કઠી ફરી ન બધાવવી

હતા અને જગત્કર્તાની શ્રદ્ધા હતી તેવામા કઠી તૂટી ગઈ, એટલે ફરીથી મે બાધી નહીં. તે વેળા બાધવા ન બાધવાનુ કંઈ કારણ મે શોધ્યુ નહોતુ આ મારી તેર વર્ષની વયની ચર્યા છે પછી હુ મારા પિતાની દુકાને બેસતો અને મારા અક્ષરની છટાથી કચ્છદરબારને ઉતારે મને લખવા માટે બોલાવતા ત્યારે હુ ત્યા જતો દુકાને મે નાના પ્રકારની લીલાલહેર કરી છે અનેક પુસ્તકો વાંચ્યા છે, રામ ઇત્યાદિકનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે, સસારી તૃષ્ણાઓ કરી

ઓછું અધિક ન કહેવુ—દેવુ

છે, છતા કોઈને મે ઓછોઅધિકો ભાવ કહ્યો નથી, કે કોઈને મે ઓછુઅધિકુ તોળી દીધુ નથી, એ મને ચોક્કસ સાભરે છે

[ ૮૨ ] [ વિ. સં ૧૯૪૫ ]

દુખિયા મનુષ્યોનુ પ્રદર્શન કરવામા આવ્યુ હોય તો ખચીત

તેના શિરોભાગમા હુ આવી શકુ આ મારાં વચનો વાચીને કોઈ વિચારમા પડી જઈ, ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરશે અને કા તો ભ્રમ ગણી વાળશે, પણ તેનુ સમાધાન અહીં જ ટપકાવી દઉં છુ તમે મને સ્ત્રી સબધી કઈ દુ ખ લેખશો નહીં, લક્ષ્મી સબધી દુ ખ લેખશો નહીં, પુત્ર સબધી લેખશો નહીં, કીર્તિ સબધી લેખશો નહીં, ભય સબધી લેખશો નહીં; કાયા સબધી લેખશો નહીં, અથવા સર્વથી લેખશો નહીં, મને દુ ખ બીજી રીતનુ છે તે દરદ વાતનુ નથી, કફનું નથી કે પિત્તનુ નથી, તે શરીરનુ નથી, વચનનુ નથી કે મનનુ નથી ગણો તો બધાંયનુ છે અને ન ગણો તો એકકેનુ નથી, પરતુ મારી વિજ્ઞાપના તે નહીં ગણવા માટે છે, કારણ એમા કોઈ ઓર મર્મ રહ્યો છે તમે જરૂર માનજો, કે હુ વિના—દિવાનાપણે આ કલમ ચલાવુ છુ રાજચદ્ર નામથી ઓળખાતો વવાણિયા નામના નાના ગામનો, લક્ષ્મીમા સાધારણ એવો પણ આર્ય તરીકે ઓળખાતા દશાશ્રીમાળી—વૈશ્યનો પુત્ર ગણાઉં છુ આ દેહમા મુખ્યે બે ભવ કર્યા છે, અમુખ્યનો હિસાબ નથી નાનપણની નાની સમજણમા કોણ જાણે કયાથીયે મોટી કલ્પનાઓ આવતી સુખની જિજ્ઞાસા પણ ઓછી નહોતી, અને સુખમા પણ મહાલય, બાગબગીચા, લાડીવાડીના કઈક માન્યા હતાં, મોટી કલ્પના તે આ બધુ શુ છે તેની હતી તે કલ્પનાનુ એક વાર એવુ રૂપ દીઠુ કે, પુનર્જન્મે નથી, પાપે નથી, પુણ્યે નથી, સુખે રહેવુ અને સસાર ભોગવવો એ જ કૃતકૃત્યતા છે એમાથી બીજી પચાતમા નહીં પડતાં, ધર્મની વાસનાઓ કાઢી નાખી કોઈ ધર્મ માટે ન્યૂનાધિક કે શ્રદ્ધાભાવપણું રહ્યુ નહીં થોડો વખત ગયા પછી એમાથી ઓર જ થયુ જે થવાનું મે કલ્પ્યુ નહોતુ, તેમ તે માટે મારા ખ્યાલમા હોય એવું કઈ મારુ પ્રયત્ન પણ નહોતુ, છતા અચાનક ફેરફાર થયો, કોઈ ઓર અનુભવ થયો અને જે અનુભવ પ્રાયે શાસ્ત્રમા લેખિત ન હોય, જડવાદીઓની કલ્પનામા પણ નથી, તેવો હતો તે ક્રમે કરીને વધ્યો,

કેવા પ્રકારનુ અતરગ દુ:ખ હતું?

કેવા સુખની ઇચ્છા હતી?

અશ્રદ્ધાભાવ થયો

એક 'તુંહિ તુંહિ' સુધી પહોંચવું

વધીને અત્યારે એક 'તુંહિ તુંહિ'નો જાપ કરે છે હવે અહીં સમાધાન થઈ જશે આગળ જે મળ્યા નહીં હોય, અથવા ભયાદિક હશે, તેથી દુ ખ થશે તેવુ કંઈ નથી, એમ પ્રતીત સમજાશે સ્ત્રી સિવાય બીજો કોઈ પદાર્થ ખાસ કરીને મને રોકી શકતો નથી બીજો કોઈ પણ સંસારી ભાવને માની પ્રીતિ મેળવી નથી, તેમ કોઈ ભયે મને બહુલતાએ ઘેર્યો નથી સ્ત્રીના સબંધમા જિજ્ઞાસા ઓર છે અને વર્તના ઓર છે એક પક્ષે તેનુ કેટલાક કાળ સુધી સેવન કરવું સમ્મત કર્યું છે તથાપિ ત્યા સામાન્ય પ્રીતિ—અપ્રીતિ છે પણ દુ ખ એ છે કે જિજ્ઞાસા નથી, છતા પૂર્વકર્મ કા ઘેરે છે? એટલેથી પતતુ નથી, પણ તેને લીધે નહીં ગમતા પદાર્થોને જોવા, સૂંઘવા, સ્પર્શવા પડે છે અને એ જ કારણથી પ્રાયે ઉપાધિમાં ભોગવુ પડે છે

મુખ્ય બંધન સ્ત્રીનું—એ જ કારણે ઉપાધિ

અંતરંગચર્યા કહેવાના પાત્રોની દુર્લભતા

મહારભ, મહાપરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ કે એવુ તેવુ જગતમા કંઈ જ નથી એમ વિસ્મરણધ્યાન કરવાથી પરમાનદ રહે છે તેને ઉપરના કારણોથી જોવા પડે છે એ મહા ખેદ છે. અતરગચર્યા પણ કોઈ સ્થળે ખોલી શકાતી નથી એવા પાત્રોની દુર્લભતા મને થઈ પડી એ જ મહા દુ ખમતા કહો

[ ૫૦ ] [ વવાણિયા, મહા વદ ૭, શુક્ર, ૧૯૪૫ ]

વૈરાગ્યભણીના મારા આત્મવર્તન વિષે . પ્રમાણ શુ આપી શકીશ? તો પણ ટૂકામા એમ જ્ઞાનીનુ જે માન્ય કરેલુ (તત્ત્વ?) સમ્મત કરીએ, કે ઉદય આવેલા પ્રાચીન કર્મો ભોગવવા, નૂતન ન બાધાય એમાં જ આપણુ આત્મહિત છે એ શ્રેણીમાં વર્ત્તન કરવા મારી પ્રપૂર્ણ આકાક્ષા છે, પણ તે જ્ઞાનીગમ્ય હોવાથી બાહ્ય—પ્રવૃત્તિ હજુ તેનો એક અશ પણ થઈ શકતી નથી

ઉદય વેદાય, નવા ન બંધાય તેમ વર્તવું

આતર્—પ્રવૃત્તિ ગમે તેટલી નિરાગશ્રેણી ભણી વળતી હોય પણ બાહ્યને આધીન હજી બહુ વર્તવુ પડે એ દેખીતું છે બોલતા, ચાલતા, બેસતા, ઊઠતા અને કાઈ પણ કામ કરતા લૌકિક શ્રેણિને અનુસરીને ચાલવુ પડે, જો એમ ન થઈ શકે તો

લોક કુતર્કમાં જ જાય, એમ મને સાભવે છે. તો પણ કંઈક પ્રવૃત્તિ કરતી રાખી છે તમારા સઘળાઓનુ માનવુ મારી (વૈરાગ્યમયી) વર્ત્તનાને માટે કાઈ વાધાભરેલું છે, તેમજ કોઈનું માનવુ મારી તે શ્રેણી માટે શકાભરેલુ પણ હોય, એટલે તમે ઈત્યાદિ વૈરાગ્યમા જતો અટકાવવા પ્રયત્ન કરો અને શકાવાળા તે વૈરાગ્યના ઉપેક્ષિત થઈ ગણકારે નહીં, એથી ખેદ પામી સસારની વૃદ્ધિ કરવી પડે, એથી મારું માન્ય એમ જ છે, કે સત્ય અત કરણ દર્શાવવાની પ્રાયે ભૂમિતળે બહુ જ થોડી જગ્યાઓ સંભવે છે જેમ છે તેમ આત્માનુ આત્મામા સમાવી જીવન પર્યંત સમાધિભાવ સંયુક્ત રહે, તો પછી સસાર ભણીના તે ખેદમા પડવુ જ નહીં હમણા તો તમે જુઓ છો તેમ છુ સસારી પ્રવર્ત્તન થાય છે તે કરુ છુ ધર્મસબધી મારી વર્તના તે સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમા દશ્ય થતી હોય તે ખરી, પૂછવી જોઈતી નહોતી પૂછતાં કહી શકાય તેવી પણ નથી સહજ ઉત્તર આપવો ઘટે તે આપ્યો છે શુ થાય છે અને પાત્રતા ક્યા છે? એ જોઉં છુ ઉદય આવેલાં કર્મો ભોગવુ છુ ખરી સ્થિતિમા હજુ એકાદ અંશ પણ આવ્યો હોઉં એમ કહેવુ તે આત્મપ્રશસારૂપ જ સભવે છે

વૈરાગ્યમયી વર્ત્તનમા અટકાવ તેથી સંસારવૃદ્ધિ

સમાધિભાવ-સયુક્ત રહેવું

ઉદયકર્મ ભોગવવાં

[ ૩૭ ] [ મુબઈ બદર, આસો, વદ ૨ ગુરુ, ૧૯૪૪ ]

જગતને રૂડુ દેખાડવા અનતવાર પ્રયત્ન કર્યું તેથી રૂડુ થયુ નથી કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે એક ભવ જો આત્માનુ રૂડુ થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનત ભવનુ સાટુ વળી રહેશે, એમ હુ લઘુત્વભાવે સમજ્યો છુ, અને તેમ કરવામા જ મારી પ્રવૃત્તિ છે આ મહાબધનથી રહિત થવામાં જે જે સાધન, પદાર્થ શ્રેષ્ઠ લાગે, તે ગ્રહવા એ જ માન્યતા છે, તો પછી તે માટે જગતની અનુકૂળતા—પ્રતિકૂળતા શુ જોવી? તે ગમે તેમ બોલે પણ આત્મા જો બધનરહિત થતો હોય, સમાધિમય દશા પામતો હોય

આત્માનું રૂડું થાય તેવી પ્રવૃત્તિ

બંધનરહિત થવા જગતસ્પૃહાનો ત્યાગ

તો તેમ કરી લેવું એટલે કીર્તિ—અપકીર્તિથી સર્વકાળને માટે રહિત થઈ શકાશે

અત્યારે એ વગેરે એમના પક્ષના લોકોના જે વિચારો મારે માટે પ્રવર્તે છે, તે મને ધ્યાનમાં સ્મૃત છે, પણ વિસ્મૃત કરવા એ જ શ્રેયસ્કર છે તમે નિર્ભય રહેજો મારે માટે કોઈ કંઈ કહે તે સાંભળી મૌન રહેજો, તેઓને માટે કંઈ શોક—હર્ષ કરશો નહીં જે પુરુષ પર તમારો પ્રશસ્ત રાગ છે, તેના ઇષ્ટદેવ પરમાત્મા જિન, મહાયોગીન્દ્ર પાર્શ્વનાથાદિકનું સ્મરણ રાખજો અને

સંકલ્પ-વિકલ્પ-રહિત થવું

જેમ બને તેમ નિર્મોહી થઈ મુક્તદશાને ઇચ્છજો જીવિતવ્ય કે જીવન-પૂર્ણતા સંબંધી કંઈ સંકલ્પ—વિકલ્પ કરશો નહીં ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ—વિકલ્પને ભૂલી જજો, પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો, અને તે જ અભિલાષા રાખ્યા રહેજો, એ જ તમને પુન પુન આશીર્વાદપૂર્વક મારી શિક્ષા છે આ અલ્પજ્ઞ આત્મા પણ તે પદનો અભિલાષી અને તે પુરુષના ચરણ-કમળમાં તલ્લીન થયેલો દીન શિષ્ય છે . . *આ તમારા માનેલા 'મુરબ્બી' માટે કોઈ પણ પ્રકારે હર્ષ—શોક કરશો નહીં, તેની ઇચ્છા માત્ર સંકલ્પ—વિકલ્પથી રહિત થવાની જ છે, તેને અને આ વિચિત્ર જગતને કંઈ લાગતું વળગતું કે લેવા દેવા નથી એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય, તે ભણી હવે

ઋણમુક્ત થવું

જવા ઇચ્છા નથી જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળા કર્યાં છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું, એ જ તેની સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે, બાકી તેને કંઈ આવડતું નથી, તે બીજું કંઈ ઇચ્છતો નથી, પૂર્વકર્મના આધારે

પૂર્વકર્માનુસાર વિચરવું

તેનું સઘળું વિચરવું છે, એમ સમજી પરમ સંતોષ રાખજો, આ વાત ગુપ્ત રાખજો કેમ આપણે માનીએ છીએ, અથવા કેમ વર્તીએ

*લખાણમાં કોઈ કોઈ સ્થળે આવાં ચિહ્ન મૂક્યાં છે તે એમ સૂચવવા અર્થે છે કે મૂળ લેખમાંનો અમુક ભાગ અન્ય વિષયક હોઈ અહીં મૂક્યો નથી —સંશોધક

છીએ તે જગતને દેખાડવાની જરૂર નથી, પણ આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઈચ્છે છે તો સંકલ્પ—વિકલ્પ, રાગ—દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઈ બાધા હોય તો તે કહે તે તેની મેળે માની જશે, અને તે તેની મેળે મૂકી દેશે. જ્યાંત્યાંથી રાગ—દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે

[ ૨૮ ] [ મુંબઈ બ ૬૨, સોમવાર, ૧૯૪૩ ]

હજી મારા દર્શનને જગતમાં પ્રવર્તન કરવાને કેટલોક વખત છે હજી હું સંસારમાં તમારી ધારેલી કરતાં વધારે મુદત રહેવાનો છું જિંદગી સંસારમાં કાઢવી અવશ્ય પડશે તો તેમ કરીશું હાલ તો એથી વિશેષ મુદત રહેવાનું બની શકશે પંચમકાળમાં પ્રવર્તન કરવામાં જે જે ચમત્કારો જોઈએ તે એકત્ર છે અને થતા જાય છે હમણાં એ સઘળા વિચારો કેવળ પવનથી પણ ગુપ્ત રાખજો

દર્શનોદ્ધાર વિષે વિચારો

[ ૨૭ ] [ મુંબઈ, સં ૧૯૪૩ ]

વૈરાગ્યને લીધે જોઈતા ખુલાસા લખી શકતો નથી હું કેવળ હૃદયત્યાગી છું થોડી મુદતમાં કંઈક અદ્ભુત કરવાને તત્પર છું સંસારથી કંટાળ્યો છું

સંસારથી કંટાળવું

દુનિયા મતભેદના બંધનથી તત્ત્વ પામી શકી નથી સત્ય સુખ અને સત્ય આનંદ તે આમાં નથી તે સ્થાપન થવા એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે.

મતભેદના કારણે તત્ત્વની અપ્રાપ્તિ

[ ૩૫ ] [ વવાણિયા, શ્રાવણ વદ ०)), ૧૯૪૪ ]

ધર્મકરણીનો થોડો વખત મળે છે, આત્મસિદ્ધિનો પણ થોડો વખત મળે છે, શાસ્ત્રપઠન અને અન્ય વાચનનો પણ થોડો વખત મળે છે, થોડો વખત લેખનક્રિયા રોકે છે, થોડો વખત આહાર—વિહાર—ક્રિયા રોકે છે, થોડો વખત શૌચક્રિયા રોકે છે, છ કલાક નિદ્રા રોકે છે, થોડો વખત મનોરાજ રોકે છે, છતાં છ કલાક વધી પડે છે સત્સંગનો લેશ અંશ પણ નહીં મળવાથી બિચારો આ આત્મા વિવેકઘેલછા ભોગવે છે

દિનચર્યા

[૧૧૩] [મુંબઈ, વૈશાખ વદ ૧૨, ૧૯૪૬]

ગૃહાશ્રમ સંબંધ કેવો હતો?

ગૃહાશ્રમી જેને લઈને કહી શકાય છે, તે વસ્તુ અને મને તે વખતમાં કંઈ ઘણો પરિચય પડયો નથી, તોપણ તેનું બનતું કાયિક, વાચિક અને માનસિક વલણ મને તેથી ઘણું ખરુ સમજાયું છે, અને તે પરથી તેનો અને મારો સંબંધ અસંતોષપાત્ર થયો નથી, એમ જણાવવાનો હેતુ એવો છે કે ગૃહાશ્રમનું વ્યાખ્યાન સહજ માત્ર પણ આપતા તે સંબંધી વધારે અનુભવ ઉપયોગી થાય છે, મને કંઈક સંસ્કારિક અનુભવ ઊગી નીકળવાથી એમ કહી શકું છું કે મારો ગૃહાશ્રમ અત્યાર સુધી જેમ અસંતોષપાત્ર નથી, તેમ ઉચિત સંતોષપાત્ર પણ નથી તે માત્ર મધ્યમ છે, અને તે મધ્યમ હોવામાં પણ મારી કેટલીક ઉદાસીનવૃત્તિની સહાયતા છે.

તત્ત્વજ્ઞાનનો વિવેક ઊગવો

તત્ત્વજ્ઞાનની ગુપ્ત ગુફાના દર્શન લેતા ગૃહાશ્રમથી વિરક્ત થવાનું અધિકતર સૂઝે છે અને ખચીત તે તત્ત્વજ્ઞાનનો વિવેક પણ આને ઊગ્યો હતો, કાળના બળવત્તર અનિષ્ટપણાને લીધે તેને યથાયોગ્ય સમાધિસંગની અપ્રાપ્તિને લીધે તે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડયો; અને ખરે! જો તેમ ન થઈ શક્યું હોત તો તેના (આ પત્રલેખકના) જીવનનો અંત આવત

બાહ્ય અપ્રાધાન્યતાથી ખેદ

જે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડયો છે, તે વિવેકમાં જ ચિત્તવૃત્તિ પ્રસન્ન રહી જાય છે, બાહ્ય તેની પ્રાધાન્યતા નથી રાખી શકાતી એ માટે અકથ્ય ખેદ થાય છે તથાપિ જ્યાં નિરુપાયતા છે, ત્યાં સહનતા સુખદાયક છે, એમ માન્યતા હોવાથી મૌનતા છે

વિવેક-આવરણ વખતે મૂંઝવણ-દેહત્યાગ જેવી સ્થિતિ

કોઇ કોઈ વાર સંગીઓ અને પ્રસંગીઓ તુચ્છ નિમિત્ત થઈ પડે છે, તે વેળા તે વિવેકપર કોઈ જાતિનું આવરણ આવે છે, ત્યારે આત્મા બહુ જ મૂંઝાય છે જીવનરહિત થવાની, દેહત્યાગ કરવાની દુઃખસ્થિતિ કરતાં તે વેળા ભયંકર સ્થિતિ થઈ પડે છે, પણ એવું ઝાઝો વખત રહેતું નથી; અને એમ જ્યારે રહેશે ત્યારે ખચીત

દેહત્યાગ કરીશ પણ અસમાધિથી નહી પ્રવર્ત્તું એવી અત્યાર સુધીની પ્રતિજ્ઞા કાયમ ચાલી આવી છે

[ ૮૩ ] [ વિ સં. ૧૯૪૫ ]

તત્ત્વજ્ઞાન ગુફાદર્શન

તત્ત્વજ્ઞાનની ઊંડી ગુફાનુ દર્શન કરવા જઈએ તો, ત્યા નેપથ્યમાથી એવો ધ્વનિ જ નીકળશે કે, તમે કોણ છો ? ક્યાથી આવ્યા છો ? કેમ આવ્યા છો ? તમાગ્ની સમીપ આ સઘળુ શુ છે ? તમારી તમને પ્રતીતિ છે ? તમે વિનાશી, અવિનાશી વા કોઈ ત્રિરાશી છો ? એવા અનેક પ્રશ્નો હૃદયમા તે ધ્વનિથી પ્રવેશ કરશે, અને એ પ્રશ્નોથી જયા આત્મા ઘેરાયો ત્યા પછી બીજા વિચારોને બહુ જ થોડો અવકાશ રહેશે, યદિ એ વિચારોથી જ છેવટે સિદ્ધિ છે, એ જ વિચારોના વિવેકથી જે અવ્યાબાધ સુખની ઈચ્છા છે, તેની પ્રાપ્તિ થાય છે, એ જ વિચારોના મનનથી અનતકાળનુ મૂઝન ટળવાનુ છે, તથાપિ તે સર્વને માટે નથી વાસ્તવિક દૃષ્ટિથી જોતા તેને છેવટ સુધી પામનારા પાત્રોની ન્યૂનતા બહુ છે, કાળ ફરી ગયો છે, એ વસ્તુનો અધીરાઈ અથવા અશૌચતાથી અત લેવા જતા ઝેર નીકળે છે; અને ભાગ્યહીન અપાત્ર બન્ને લોકથી ભ્રષ્ટ થાય છે, એટલા માટે અમુક સતોને અપવાદરૂપ માની બાકીનાઓને તે ક્રમમા આવવા, તે ગુફાનું દર્શન કરવા ઘણા વખત સુધી અભ્યાસની જરૂર છે, કદાપિ તે ગુફાદર્શનની તેની ઈચ્છા ન હોય તો પણ પોતાના આ ભવના સુખને અર્થે પણ જન્મ્યા તથા મૂઆની વચ્ચેનો ભાગ કોઈ રીતે ગાળવા માટે પણ એ અભ્યાસની ખચીત જરૂર છે એ કથન અનુભવગમ્ય છે, ઘણાને તે અનુભવમા આવ્યુ છે ઘણા આર્ય સત્પુરુષો તે માટે વિચાર કરી ગયા છે, તેઓએ તે પર અધિકાધિક મનન કર્યું છે

આપણે થોડી વાર તત્ત્વજ્ઞાનની ગુફાની વિસ્મરણા કરી, આર્યોએ બોધેલા અનેક ક્રમપર આવવા માટે પરાયણ છીએ, તે સમયમા જણાવી જવું યોગ્ય જ છે કે, પૂર્ણાહ્‌લાદકર જેને માન્યુ

છે, પરમ સુખકર, હિતકર, અને હૃદયમય જેને માનેલ છે, તેમ છે, અનુભવગમ્ય છે, તે તો તે જ ગુફાનો નિવાસ છે, અને નિરંતર તેની જ જિજ્ઞાસા છે અત્યારે કંઈ તે જિજ્ઞાસા પૂર્ણ થવાનાં ચિહ્ન નથી, તો પણ ક્રમે, એમા લેખકનો પણ જય થશે એવી તેની ખચીત શુભાકાંક્ષા છે, અને તેમ અનુભવગમ્ય પણ છે. અત્યારથી જ જો યોગ્ય રીતે તે ક્રમની પ્રાપ્તિ હોય તો, આ પત્ર લખવા જેટલી ખોટી કરવા ઈચ્છા નથી; પરતુ કાળની કઠિનતા છે, ભાગ્યની મદતા છે, સતોની કૃપાદૃષ્ટિ દૃષ્ટિગોચર નથી, સત્સગની ખામી છે

અંતર્શાંતિ થવી તેથી જીવવું

તોપણ તે ક્રમનુ બીજ હૃદયમા અવશ્ય રોપાયુ છે, અને એ જ સુખકર થયું છે સૃષ્ટિના રાજથી જે સુખ મળવા આશા નહોતી, તેમ જ કોઈ પણ રીતે ગમે તેવા ઔષધથી, સાધનથી, સ્ત્રીથી, પુત્રથી, મિત્રથી કે બીજા અનેક ઉપચારથી જે અતર્શાંતિ થવાની નહોતી તે થઈ છે નિરંતરની—ભવિષ્યકાળની—ભીતિ ગઈ છે અને એક સાધારણ ઉપજીવનમા પ્રવર્ત્તતો એવો આ તમારો મિત્ર એને જ લઈને જીવે છે, નહીં તો જીવવાની ખચીત શકા જ હતી, વિશેષ શુ કહેવુ? આ ભ્રમણા નથી, વહેમ નથી, ખચીત સત્ય જ છે એ ત્રિકાળમાં એક જ પરમપ્રિય અને જીવનવસ્તુની પ્રાપ્તિ, તેનુ બીજારોપણ કેમ વા કેવા પ્રકારથી થયુ એ વ્યાખ્યાનો પ્રસગ અહીં નથી, પરતુ ખચીત એ જ મને ત્રિકાળ સમ્મત હો!

[ ૭૭ ] [ વિ સં ૧૯૪૫ ]

લઘુવયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ,
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કા શોધ?
જે સસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાય,
વિના પરિશ્રમ તે થયો, ભવશકા શી ત્યાય?

[૧૫૭–૧૩] [મુંબઈ, અષાડ સુદ ૫, રવિ, ૧૯૪૬]

વ્યવહારોપાધિ સમાધિરૂપ થવા વર્તન

જ્યારે આ વ્યવહારોપાધિ ગ્રહણ કરી ત્યારે તે ગ્રહણ કરવાનો હેતુ આ હતો —

ભવિષ્યકાળે જે ઉપાધિ ઘણો વખત રોકશે, તે ઉપાધિ વધારે દુખદાયક થાય તો પણ થોડા વખતમા ભોગવી લેવી એ વધારે શ્રેયસ્કર છે

એ ઉપાધિ નીચેના હેતુથી સમાધિરૂપ થશે એમ માન્યુ હતુ —

ધર્મસબધી વધારે વાતચીત આ કાળમા ગૃહવાસપરત્વે ન આવે તો સારુ

ઘેરામાં ન ઘેરાવું

ભલે તને વસમું લાગે, પણ એ જ ક્રમમા પ્રવર્ત ખચીત કરીને એ જ ક્રમમા પ્રવર્ત દુખને સહન કરી, ક્રમની સાચવણીના પરિષહને સહન કરી, અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી તુ અચળ રહે અત્યારે કદાપિ વસમુ, અધિકતર લાગશે, પણ પરિણામે તે વસમુ સમુ થશે ઘેરામા ઘેરાઈશ નહીં ફરી ફરી કહુ છુ, ઘેરાઈશ નહીં દુખી થઈશ, પશ્ચાત્તાપ કરીશ, એ કરતા અત્યારથી આ વચનો ઘટમા ઉતાર—પ્રીતિપૂર્વક ઉતાર

૧ કોઈના પણ દોષ જો નહીં તારા પોતાના દોષથી જે કંઈ થાય છે, તે થાય છે, એમ માન

૨ તારી (આત્મ) પ્રશસા કરીશ નહીં, અને કરીશ તો તુ જ હલકો છે, એમ હુ માનુ છુ

૩ જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણૂક કરવાનુ પ્રયત્ન કરજે એકદમ તેમા તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે, તથાપિ દૃઢ આગ્રહથી હળવે–હળવે તે ક્રમપર તારી નિષ્ઠા લાવી મૂકજે

વ્યવહારમા અન્ય સાથેનું વર્તન

૪. તુ વ્યવહારમા જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ તેને અનુકૂલ આવે તો તેમ, નહીં તો તે જણાવે તેમ પ્રવર્તજે સાથે જણાવજે કે તમારા

કાર્યમા (જે મને સોપો તેમા) કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોચાડુ, તમે મારા સબધમા બીજી કઈ કલ્પના કરશો નહીં, મને વ્યવહારસબધી અન્યથા લાગણી નથી, તેમ હુ તમારાથી વર્તવા ઇચ્છતો નથી, એટલુ જ નહીં પણ કઈ મારુ વિપરીતાચરણ મનવચનકાયાએ થયુ, તો તે માટે પશ્ચાત્તાપી થઈશ એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ તમે સોપેલું કામ કરતા હુ નિરભિમાની રહીશ મારી ભૂલને માટે મને ઠપકો આપશો તે સહન કરીશ મારુ ચાલશે ત્યા સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સબધી કોઈપણ જાતની અન્યથા કલ્પના કરીશ નહીં તમને કોઈ જાતની શકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ, અને તેનો ખરો ખુલાસો કરીશ ખુલાસો નહીં

અસત્ય ન બોલવું

થાય તો મૌન રહીશ, પરતુ અસત્ય બોલીશ નહીં માત્ર તમારી પાસેથી એટલુ જ ઇચ્છુ છુ કે, કોઈપણ પ્રકારે તમે મને નિમિત્ત રાખી અશુભયોગમા પ્રવૃત્તિ કરશો નહીં, તમારી ઇચ્છાનુસાર તમે વર્તજો, તેમા મારે કંઈ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિશ્રેણિમાં વર્તવા દેતા કોઈ રીતે તમારુ અત કરણ ટૂકુ કરશો નહીં, અને ટૂકુ કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચીત

નિવૃત્તિ શ્રેણિ સાચવવી

કરીને મને આગળથી જણાવી દેજો તે શ્રેણિને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હુ યોગ્ય કરી લઈશ મારુ ચાલતા સુધી હું તમને દુભાવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણી તમને અપ્રિય હશે તોપણ હુ જેમ બનશે તેમ જાળવણીથી, તમારી સમીપથી, તમને કોઈ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ

[૧૩૯] [મોરબી, બી ભા. વદ ૭, રવિ, ૧૯૪૬]

અહો ! અનત ભવના પર્યટનમા કોઈ સત્પુરુષના પ્રતાપે આ દશા પામેલા એવા આ દેહધારીને તમે ઇચ્છો છો, તેની પાસેથી

ધર્મ ઈચ્છે છે, અને તે તો હજુ કોઈ આશ્ચર્યકારક ઉપાધિમા પડ્યો છે! નિવૃત્ત હોત તો બહુ ઉપયોગી થઈ પડત વારુ! તમને તેને માટે આટલી બધી શ્રદ્ધા રહે છે તેનું કંઈ મૂળ કારણ હસ્તગત થયું છે? એના પર રાખેલી શ્રદ્ધા, એનો કહેલો ધર્મ અનુભવ્યે અનર્થકારક તો નહીં લાગે? અર્થાત્ હજુ તેની પૂર્ણ કસોટી કરજો, અને એમ કરવામા તે રાજી છે, તેની સાથે તમને યોગ્યતાનું કારણ છે, અને કદાપિ પૂર્વાપર પણ નિ શક શ્રદ્ધા જ રહેશે એમ હોય તો તેમજ રાખવામા કલ્યાણ છે

પોતાપર શ્રદ્ધા રાખવા પહેલાં કસોટી કરાવવી

[ ૧૩૩ ] [ વવાણિયા, બી ભા સુદ ૨, ભોમ, ૧૯૪૬ ]

અત્ર જે ઉપાધિ છે, તે એક અમુક કામથી ઉત્પન્ન થઈ છે, અને તે ઉપાધિ માટે શુ થશે એવી કઈ કલ્પના પણ થતી નથી, અર્થાત્ તે ઉપાધિ સબધી કઈ ચિંતા કરવાની વૃત્તિ રહેતી નથી એ ઉપાધિ કળિકાળના પ્રસગે એક આગળની સગતિથી ઉત્પન્ન થઈ છે અને જેમ તે માટે થવુ હશે તેમ થોડા કાળમાં થઈ રહેશે એવી ઉપાધિઓ આ સંસારમા આવવી, એ કઈ નવાઈની વાત નથી.

ઉપાધિની ઉત્પત્તિ અમુક કાર્યથી

ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે જેનોદૃઢ વિશ્વાસ હોય છે, તે દુ ખી હોતો નથી, અથવા દુ ખી હોય તો દુ ખ વેદતો નથી દુ ખ ઊલટુ સુખરૂપ થઈ પડે છે

ઈશ્વર પર વિશ્વાસથી દુ ખ સુખરૂપ

આત્મેચ્છા એવી જ વર્તે છે કે સસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવા શુભાશુભ ઉદય આવો, પરતુ તેમા પ્રીતિ–અપ્રીતિ કરવાનો આપણે સકલ્પ પણ ન કરવો

શુભાશુભ પ્રસંગે સમ રહેવું

રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે, અધિક શુ કહેવુ? હાડ, માસ, અને તેની મજ્જાને

પરમાર્થ વિષયનુ રટણ

એક જ એ જ રંગનુ રગન છે એક રોમ પણ એનો જ જાણે
અંતર-બાહ્ય સ્થિતિ-કંઈ જ ન ગમવુ
વિચાર કરે છે, અને તેને લીધે નથી કઈ જોવુ ગમતુ, નથી કંઈ સૂઘવુ ગમતુ, નથી કંઈ સાભળવુ ગમતુ, નથી કઈ ચાખવુ ગમતુ કે નથી કઈ સ્પર્શવુ ગમતુ, નથી બોલવુ ગમતુ કે નથી મૌન રહેવુ ગમતુ, નથી બેસવુ ગમતુ કે નથી ઊઠવુ ગમતુ, નથી સૂવુ ગમતુ કે નથી જાગવું ગમતુ, નથી ખાવુ ગમતુ કે નથી ભૂખ્યુ રહેવુ ગમતુ, નથી અસગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે, તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કઈ જ ઊગતુ જણાતુ નથી તે હો તો પણ ભલે અને ન હો તો પણ ભલે, એ કઈ દુખના કારણ નથી દુખનુ કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે

સમવૃત્તિથી સમાધિ
એ વૃત્તિને લીધે સમાધિ રહે છે તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અતરાય છે ત્યારે હવે કેમ

અનિચ્છાએ પ્રવૃત્તિ
કરવુ? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવુ, એ જ રટાય છે તથાપિ બહારની અમુક સસારી પ્રવૃત્તિ કરવી પડે છે તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી પરમાનદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ? અને એ જ કારણથી

જ્યોતિષ્ય અને સિદ્ધિઓમાં ઉદાસીનતા
જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી ગમે તેવા ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી તેમ તેઓનો ઉપયોગ કરવામા ઉદાસીનતા રહે છે

[૧૨૬] [વવાણિયા, પ્ર ભાદ્ર સુદ ૩, સોમ, ૧૯૪૬]

જ્ઞાનીઓએ કલ્પેલો ખરેખરો આ કળિકાળ જ છે જનસમુદાયની વૃત્તિઓ વિષયકષાયાદિકથી વિષમતાને પામી છે એનુ બળવત્તરપણુ પ્રત્યક્ષ છે રાજસીવૃત્તિનુ અનુકરણ તેમને પ્રિય થયુ

વિષમ કળિકાળમા જન્મ
છે તાત્પર્ય, વિવેકીઓની અને યથાયોગ્ય ઉપશમપાત્રની છાયા પણ મળતી નથી એવા વિષમકાળમા જન્મેલો આ દેહધારી

આત્મા અનાદિકાળના પરિભ્રમણના થાકથી વિશ્રાંતિ લેવા આવતા અવિશ્રાંતિ પામી સપડાયો છે માનસિક ચિંતા કયાય કહી શકાતી નથી કહેવાના પાત્રોની પણ ખામી છે, ત્યા હવે શુ કરવુ? જો કે યથાયોગ્ય ઉપશમભાવને પામેલો આત્મા સસાર અને મોક્ષ પર સમવૃત્તિવાળો હોય છે, એટલે અપ્રતિબદ્ધપણે વિચરી શકે છે, પણ આ આત્માને તો હજુ તે દશા પ્રાપ્ત થઈ નથી. તેનો અભ્યાસ છે ત્યાં તેને પડખે આ પ્રવૃત્તિ શા માટે ઊભી હશે?

અવિશ્રાંતિમાં સપડાવું

માનસિક ચિંતા કહેવાના પાત્રોની ખામી

જેની નિરુપાયતા છે તેની સહનશીલતા સુખદાયક છે અને એમ જ પ્રવર્તન છે, પરંતુ જીવન પૂર્ણ થતા પહેલા યથાયોગ્યપણે નીચેની દશા આવવી જોઈએ.—

સહનશીલતા સુખદાયક માનવી

૧ મન, વચન અને કાયાથી આત્માનો મુક્તભાવ ૨ મનનું ઉદાસીનપણે પ્રવર્તન ૩ વચનનું સ્યાદ્વાદપણું (નિરાગ્રહપણું) ૪ કાયાની વૃક્ષદશા (આહાર, વિહારની નિયમિતતા) અથવા સર્વ સદેહની નિવૃત્તિ, સર્વ ભયનુ છૂટવું, અને સર્વ અજ્ઞાનનો નાશ

જીવનપૂર્ણતા પહેલાની સ્થિતિ

અનેક પ્રકારે સતોએ શાસ્ત્રવાટે તેનો માર્ગ કહ્યો છે, સાધનો બતાવ્યા છે, યોગાદિકથી થયેલો પોતાનો અનુભવ કહ્યો છે, તથાપિ તેથી યથાયોગ્ય ઉપશમભાવ આવવો દુર્લભ છે તે માર્ગ છે, પરંતુ ઉપાદાનની બળવાન સ્થિતિ જોઈએ ઉપાદાનની બળવાન સ્થિતિ થવા નિરતર સત્સાગ જોઈએ, તે નથી.

ઉપાદાન અર્થે સત્સંગ-તેનો અભાવ

શિશુવયમાથી જ એ વૃત્તિ ઊગવાથી કોઈ પ્રકારનો પરભાષાભ્યાસ ન થઈ શકયો અમુક સપ્રદાયથી શાસ્ત્રાભ્યાસ ન થઈ શકયો સંસારના બધનથી ઇહાપોહાભ્યાસ પણ ન થઈ શકયો, અને તે ન થઈ શકયો તેને માટે કંઈ બીજી વિચારણા નથી એથી આત્મા અધિક વિકલ્પી થાત, (સર્વને માટે વિકલ્પીપણું નહીં, પણ એક હુ પોતાની અપેક્ષાએ કહું છુ). અને વિકલ્પાદિક

ઉદાસીનતાના કારણે અભ્યાસ ન થવો-છતા પરિચય

ક્લેશનો તો નાશ જ કરવો ઇચ્છ્યો હતો, એટલે જે થયું તે કલ્યાણકારક જ, પણ હવે શ્રી રામને જેમ મહાનુભાવ વસિષ્ઠ ભગવાને આ જ દોષનુ વિસ્મરણ કરાવ્યુ હતુ તેમ કોણ કરાવે? અર્થાત્ શાસ્ત્રનો ભાષાભ્યાસ વિના પણ ઘણો પરિચય થયો છે, ધર્મના વ્યાવહારિક જ્ઞાતાઓનો પણ પરિચય થયો છે, તથાપિ આ આત્માનુ આનદાવરણ એથી ટળે એમ નથી, માત્ર સત્સંગ સિવાય, યોગસમાધિ સિવાય, ત્યાં કેમ કરવુ?

[૧૨૮] [વવાણિયા, પ્ર ભાદ્ર સુદ ૬, ૧૯૪૬]

અન્ય પ્રત્યે ક્ષમાપના

પ્રથમ સવત્સરી અને એ દિવસ પર્યંત સબંધીમા કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુન પુન ક્ષમાવુ છુ

પરિભ્રમણના સ્મરણથી વૈરાગ્ય

અતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમા, જે સમયમા આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સકલ્પ—વિકલ્પનુ રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય નિરતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

સ્વચ્છંદ એ પરિભ્રમણનો હેતુ

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છદથી કરતા જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતા, માયા કરતા, લોભ કરતા કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કા ન જાણ્યું? અર્થાત્ એમ જાણવુ જોઈતુ હતુ, છતા ન જાણ્યુ એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હુ નહીં જીવી શકુ એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત-

વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંતકાળ પણ થઈ ગયો, તથાપિ તેના વિના જિવાયુ એ કંઈ થોડુ આશ્ચર્યકારક નથી અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે

કલ્પિત પ્રીતિ-ભાવથી વૈરાગ્ય

વળી જેનુ મુખ કોઈ કાળે પણ નહીં જોઉં, જેને કોઈ કાળે હુ ગ્રહણ નહીં જ કરું, તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જતુપણે, શા માટે જન્મ્યો? અર્થાત્ એવા દ્વેપથી એવા રૂપે જન્મવું પડ્યું! અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી! કહો એ સ્મરણ થતા આ કલેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય? અર્થાત્ આવે છે

આત્મા પરત્વે જુગુપ્સા

વધારે શું કહેવુ? જે જે પૂર્વના ભવાતરે ભ્રાતિપણે ભ્રમણ કર્યું, તેનુ સ્મરણ થતા હવે કેમ જીવવું એ ચિતના થઈ પડી છે ફરી ન જ જન્મવુ અને ફરી એમ ન જ કરવુ એવું દઢત્વ આત્મામા પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યા કેમ કરવુ? જે દઢતા છે તે પૂર્ણ કરવી, જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કઈ આડુ આવે છે, તે કોરે કરવુ પડે છે, અર્થાત્ ખસેડવુ પડે છે, અને તેમા કાળ જાય છે જીવન ચાલ્યુ જાય છે, એને ન જવા દેવુ, જયાસુધી યથાયોગ્ય જય ન થાય ત્યાંસુધી, એમ દઢતા છે તેનુ કેમ કરવુ? કદાપિ કોઈ રીતે તેમાનુ કઈ કરીએ તો તેવું સ્થાન કયાં છે કે જયા જઈને રહીએ? અર્થાત્ તેવાં સતો કયા છે, કે જયા જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ? ત્યારે હવે કેમ કરવું?

ભવાતર સ્મરણ–ફરી ન જન્મવાનું દઢત્વ

પરિભ્રમણત્યાગ અર્થે કર્તવ્ય

સંતોનો અભાવ

“ગમે તેમ હો, ગમે તેટલા દુ ખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી

વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાસુધી હે જીવ! છૂટકો નથી"

આમ નેપથ્યમાથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે

શું જોઈએ છે? શુ નથી જોઈતું?

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી અમુક કાળ સુધી શૂન્ય સિવાય કઈ નથી જોઈતુ, તે ન હોય તો અમુક કાળ સુધી સત સિવાય કંઈ નથી જોઈતું, તે ન હોય તો અમુક કાળ સુધી સત્સાગ સિવાય કઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્યપુરુષોએ કરેલા આચરણ) સિવાય કંઈ નથી જોઈતું, તે ન હોય તો જિનભક્તિમા અતિ શુદ્ધભાવે લીનતા સિવાય કઈ નથી જોઈતુ; તે ન હોય તો પછી માગવાની ઈચ્છા પણ નથી

[ ૧૩૦ ] [ વવાણિયા, પ્ર ભાદ્ર સુદ ૧૧, ભોમ, ૧૯૪૬]

અ તઃકરણમાં એક મહાન ઇચ્છા—તેથી વિટંબનદશા

કેટલાક વર્ષ થયાં એક મહાન ઈચ્છા અંત.કરણમા પ્રવર્તી રહી છે, જે કોઈ સ્થળે કહી નથી, કહી શકાઈ નથી, કહી શકાતી નથી, નહીં કહેવાનું અવશ્ય છે મહાન પરિશ્રમથી ઘણુ કરીને તે પાર પાડી શકાય એવી છે, તથાપિ તે માટે જેવો જોઈએ તેવો પરિશ્રમ થતો નથી, એ એક આશ્ચર્ય અને પ્રમત્તતા છે એ ઇચ્છા સ્વાભાવિક ઉત્પન્ન થઈ હતી જ્યાસુધી તે યથાયોગ્ય રીતે પાર નહીં કરાય ત્યાસુધી આત્મા સમાધિસ્થ થવા ઈચ્છતો નથી, અથવા થશે નહીં કોઈ વેળા અવસર હશે તો તે ઈચ્છાની છાયા જણાવી દેવાનું પ્રયત્ન કરીશ એ ઈચ્છાના કારણને લીધે જીવ ઘણું કરીને વિટંબનદશામાં જ જીવન વ્યતીત કર્યો જાય છે જો કે તે વિટંબનદશા

પણ કલ્યાણકારક જ છે, તથાપિ બીજા પ્રત્યે તેવી કલ્યાણ-કારક થવામા કઈક ખામીવાળી છે

[૧૩૪] [વવાણિયા, દ્વિ. ભાદ્ર સુદ ૮, રવિ, ૧૯૪૬]

આ ક્ષેત્રમાં આ કાળે આ દેહધારીનો જન્મ થવો યોગ્ય નહોતો, જો કે સર્વ ક્ષેત્રે જન્મવાની તેણે ઈચ્છા રૂધી જ છે, તથાપિ થયેલા જન્મ માટે શોક દર્શાવવા આમ રુદન વાકય લખ્યું છે કોઈ પણ પ્રકારે વિદેહી દશા વગરનું, યથા-યોગ્ય જીવનમુક્ત દશા વગરનું, યથાયોગ્ય નિર્ગ્રન્થદશા વગરનું ક્ષણ એકનું જીવન પણ ભાળવું જીવને સુલભ લાગતુ નથી તો પછી બાકી રહેલુ અધિક આયુષ્ય કેમ જશે, એ વિટબના આત્મેચ્છાની છે આ ક્ષેત્રે જન્મ થવો જોઈતો નહોતો

યથાયોગ્ય દશાનો હજુ મુમુક્ષુ છુ કેટલીક પ્રાપ્તિ છે. તથાપિ સર્વ પૂર્ણતા પ્રાપ્ત થયા વિના આ જીવ શાંતિને પામે એવી દશા જણાતી નથી એક પર રાગ અને એક પર દ્વેષ એવી સ્થિતિ એક રોમમા પણ તેને પ્રિય નથી અધિક શું કહેવું? પરના પરમાર્થ સિવાયનો દેહ જ ગમતો નથી તો? યથાયોગ્ય દશા પ્રાપ્ત થયે જ શાંતિ પરમાર્થે જ દેહ ગમવો

[૭૧] [ભરૂચ, શ્રાવણ સુદ ૩, બુધ, ૧૯૪૫]

જ્યાસુધી ગૃહવાસ પૂર્વકર્મના બળથી ભોગવવો રહ્યો છે, ત્યાસુધી ધર્મ, અર્થ અને કામ ઉલ્લાસિત—ઉદાસીન ભાવે સેવવાં યોગ્ય છે બાહ્યભાવે ગૃહસ્થ શ્રેણી છતાં અંતરંગ નિર્ગ્રંથ શ્રેણી જોઈએ, અને જ્યા તેમ થયું છે ત્યા સર્વ સિદ્ધિ છે મારી આત્માભિલાષા તે શ્રેણિમા ઘણા માસ થયાં વર્તે છે. ધર્મોપજીવનની પૂર્ણ અભિલાષા કેટલીક વ્યવહારો-પાધિને લીધે પાર પડી શકતી નથી, પણ પ્રત્યક્ષે સત્પદની સિદ્ધિ આત્માને થાય છે નિર્ગ્રન્થના ઉપદેશને અચલભાવે નિર્ગ્રંથ શ્રેણીની અભિલાષા–ગૃહ-વાસે ઉદાસીનતા

અને વિશેષે સમ્મત કરતા અન્ય દર્શનના ઉપદેશમાં મધ્યસ્થતા પ્રિય છે કેટલાક જ્ઞાનવિચારો લખતા ઔદાસીન્ય ભાવની વૃદ્ધિ થઈ જવાથી ધારેલું લખી શકાતુ નથી

[૧૨૦] [મુબઈ, અષાડ વદ ૦)), ૧૯૪૬]

વાસના ક્ષયની વૃત્તિ—પ્રારબ્ધ વેદતા અદૈન્યતા

કોઈ પણ વાટે કલ્પિત વાસનાઓનો નાશ થઈ યથાયોગ્ય સ્થિતિની પ્રાપ્તિ સિવાય અન્ય ઈચ્છા નથી, પણ વ્યવહાર પરત્વે કેટલીક ઉપાધિ રહે છે, એટલે સત્સમાગમનો અવકાશ જોઈએ તેટલો મળતો નથી એક જન્મ અને તે થોડા જ કાળનો પ્રારબ્ધાનુસાર ગાળી લેવો તેમા દૈન્યતા ઉચિત નથી, એ નિશ્ચય પ્રિય છે સહજ ભાવે વર્તવાની અભ્યાસપ્રણાલિકા કેટલાક (જૂજ) વર્ષ થયા આરંભિત છે, અને એથી નિવૃત્તિની વૃદ્ધિ છે. . જૈનના આગ્રહથી જ મોક્ષ છે, એમ આત્મા ઘણા વખત થયા માનવુ ભૂલી ગયો છે મુક્તભાવમા (!) મોક્ષ છે એમ ધારણા છે

મોક્ષ' જૈનના આગ્રહે નહી-પણ મુક્તભાવે

[૧૮૨] [વવાણિયા, બી ભા. વદ ૧૩, શનિ ૧૯૪૬]

પાત્રતામા ન્યૂનતા

[આત્મિક]લાભ આપવાની જે યથાયોગ્ય પાત્રતા તેમા મને હજુ કઈક આવરણ છે, અને તે લાભ લેવા ઇચ્છનારની પણ કેટલીક રીતે યોગ્યતાની મને ન્યૂનતા લાગ્યા કરે છે. એટલે એ બન્ને યોગ જ્યાસુધી પરિપક્વતાને નહીં પામે ત્યાસુધી ઇચ્છિત સિદ્ધિ વિલબમા રહી છે

[૧૪૮] [વવાણિયા, બી. ભા વદ ૦)`, સોમ, ૧૯૪૬]

'તું'હિ તું'હિ'ના રટણની જ ઇચ્છા

ચૈતન્યનો નિરતર અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે, એ જ જોઈએ છે બીજી કંઈ સ્પૃહા રહેતી નથી રહેતી હોય તોપણ રાખવા ઇચ્છા નથી એક 'તુંહિ તુંહિ' એ જ યથાર્થ વહેતી પ્રવાહના જોઈએ છે અધિક શું કહેવુ? લખ્યુ લખાય તેમ નથી, કથું કથાય તેમ નથી જ્ઞાને માત્ર ગમ્ય છે કા તો

શ્રેણિએ શ્રેણિએ સમજાય તેવુ છે બાકી તો અવ્યક્તતા જ છે, માટે જે નિસ્પૃહ દશાનું જ રટણ છે, તે મળ્યે, આ કલ્પિત ભૂલી ગયે છૂટકો છે

[૧૬૫] [મુંબઈ, કાર્તિક સુદ ૫, સોમ, ૧૯૪૭]

સર્વ સમર્થ પુરુષો આપને પ્રાપ્ત થયેલા જ્ઞાનને જ ગાઈ ગયા છે એ જ્ઞાનની દિન પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે હું ધારુ છુ કે કેવળજ્ઞાન સુધીની મહેનત કરી અલેખે તો નહીં જાય મોક્ષની આપણને કાઈ જરૂર નથી નિઃશકપણાની, નિર્ભયપણાની, નિર્મુઝનપણાની અને નિસ્પૃહપણાની જરૂર હતી, તે ઘણે અશે પ્રાપ્ત થઈ જણાય છે, અને પૂર્ણ અશે પ્રાપ્ત કરાવવાની કરુણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે. છતા વળી એથીયે અલૌકિક દશાની ઈચ્છા રહે છે, ત્યા વિશેષ શુ કહેવું ?

કૈવલ્યદશાએ પહોંચવાની વૃત્તિ

નિસ્પૃહતાની પ્રાપ્તિ

અનહદ ધ્વનિમા મણા નથી પણ ગાડીઘોડાની ઉપાધિ શ્રવણનુ સુખ થોડુ આપે છે. નિવૃત્તિ વિના અહીં બીજુ બધુય લાગે છે.

અનહદ ધ્વનિમા અંતરાય

જગતને, જગતની લીલાને બેઠા બેઠા મફતમા જોઈએ છીએ.

[૧૭૬] [મુંબઈ, કાર્તિક વદ ૯, શુક્ર, ૧૯૪૭]

એક બાજુથી પરમાર્થમાર્ગ ત્વરાથી પ્રકાશવા ઈચ્છા છે, અને એક બાજુથી અલખ 'લે'મા શમાઈ જવુ એમ રહે છે અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીને કરવો એ એક રટણ છે પરમાર્થનો માર્ગ ઘણા મુમુક્ષુઓ પામે, અલખ સમાધિ પામે તો સારુ અને તે માટે કેટલુંક મનન છે દીનબધુની ઈચ્છા પ્રમાણે થઈ રહેશે અદ્ભુત દશા નિરતર

અલખ 'લે'મા શમાવાની ઇચ્છા

અદ્ભુત દશા રહેવી

રહ્યા કરે છે અબધુ થયા છીએ, અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દૃષ્ટિ છે.

[૧૭૮] [મુંબઈ, કારતક વદ ०)), શુક્ર, ૧૯૪૭]

સ્પષ્ટ ધર્મ આપવાની અનિચ્છા -તેનું કારણ

હમણા તો હુ કોઈને સ્પષ્ટ ધર્મ આપવાને યોગ્ય નથી, અથવા તેમ કરવા મારી ઇચ્છા રહેતી નથી. ઇચ્છા રહેતી નથી એનુ કારણ ઉદયમા વર્તતા કર્મો છે . ઇચ્છુ છુ કે કોઈ પણ જિજ્ઞાસુ હો તે ધર્મ પામેલાથી ધર્મ પામો, તથાપિ વર્ત્તમાન વર્ત્તુ છુ તે કાળ એવો નથી

[૨૨૩] [મુંબઈ, ફાગણ વદ ૧૪, બુધ, ૧૯૪૭]

નિ:સ્પૃહ દશા- લેખનશક્તિમાં શૂન્યતા

સમાગમમા જ રહેવાની ઇચ્છાનુ ગમે તે પ્રકારે વિસ્મરણ કરવુ પડે છે, અને પત્રનો સવિગત ઉત્તર લખવા ઇચ્છા થાય છે તો તે ઇચ્છા પણ ઘણુ કરીને ક્વચિત્ જ પાર પડે છે. એના બે કારણ છે એક તો એ વિષયમા અધિક લખવા જેવી દશા રહી નથી તે, અને બીજું કારણ ઉપાધિયોગ ઉપાધિયોગ કરતા વર્તતી દશાવાળુ કારણ અધિક બળવાન છે; જે દશા બહુ નિસ્પૃહ છે, અને તેને લીધે મન અન્ય વિષયમા પ્રવેશ કરતુ નથી, અને તેમા પણ પરમાર્થ વિષે લખતા કેવળ શૂન્યતા જેવુ થયા કરે છે, એ વિષયમા લેખનશક્તિ તો એટલી બધી શૂન્યતા પામી છે, વાણી પ્રસગોપાત્ત હજુ એ વિષયમા કેટલુક કાર્ય કરી શકે છે વાણી પણ જેવી આગળ ક્રમપૂર્વક વાત કરી શકતી, તેવી હવે લાગતી નથી, લેખનશક્તિ શૂન્યતા પામ્યા જેવી થવાનું કારણ એક એવું પણ છે કે ચિત્તમા ઊગેલી વાત ઘણા નયયુક્ત હોય છે, અને તે લેખમાં આવી શકતી નથી; જેથી ચિત્ત વૈરાગ્ય પામી જાય છે

ચિત્તમાં ઘણા નય પૂર્વકની વાતો

[૧૭૦] [મુબઈ, કારતક સુદ ૧૪, ૧૯૪૭]

આત્મા જ્ઞાન પામ્યો એ તો નિ સશય છે, ગ્રથિભેદ થયો એ ત્રણે કાળમા સત્ય વાત છે સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત

નિર્વિકલ્પ સમાધિની ઇચ્છા

સ્વીકારી છે હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈપણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનુ આવરણ બાધ કરે નહીં, અવલોકત સુખનુ અલ્પ પણ વિસ્મરણ થાય નહીં, 'તુહિ તુંહિ' વિના બીજી રટના રહે નહીં, માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે વિકલ્પનો અશ રહે નહીં એ એકવાર જો યથાયોગ્ય આવી જાય તો પછી ગમે તેમ પ્રવર્તાય, ગમે તેમ બોલાય, ગમે તેમ આહાર વિહાર કરાય, તથાપિ તેને કોઈ પણ જાતની બાધા નથી પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી તેનુ કરેલું સર્વ સવળું છે આવી દશા પામવાથી પરમાર્થ માટે કરેલો પ્રયત્ન સફળ થાય છે અને એવી દશા થયા વિના પ્રગટ માર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે. માટે દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટમાર્ગ કહેવો—પરમાર્થ પ્રકાશવો—ત્યાસુધી નહીં અને એ દશાને હવે કઈ ઝાઝો વખત પણ નથી. પદર અશે તો પહોચી જવાયુ છે નિર્વિકલ્પતા તો છે જ, પરતુ નિવૃત્તિ નથી, નિવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય. ત્યાર પછી ત્યાગ જોઈએ, અને ત્યાર પછી ત્યાગ કરાવવો જોઈએ

માર્ગપ્રકાશક દશાની સમીપતા –નિવૃત્તિનો અંતરાય

મહાન પુરુષોએ કેવી દશા પામી માર્ગ પ્રકાશ્યો છે, શું શું કરીને માર્ગ પ્રકાશ્યો છે, એ વાતનુ આત્માને સારી રીતે સ્મરણ રહે છે, અને એ જ પ્રગટમાર્ગ કહેવા દેવાની ઈશ્વરી ઇચ્છાનું લક્ષણ જણાય છે

ગુપ્ત રહેવું– અજ્ઞાની જેવી દશાએ વાસ

આટલા માટે હમણા તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે. એક અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. આપની ઇચ્છા જાળવવા ક્યારેક ક્યારેક પ્રવર્તન છે, અથવા ઘણા પરિચયમા આવેલા યોગપુરુષની ઇચ્છા માટે કઈક અક્ષર

ઉચ્ચાર અથવા લેખ કરાય છે બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઈને વાસ કરવાની ઇચ્છા બાંધી રાખી છે તે એવી કે અપૂર્વ કાળે જ્ઞાન પ્રકાશતા ભાવ ન આવે.

વ્યવહાર સાચવવા પુસ્તક વાચવાં

આટલા કારણથી કઈ લખતો નથી. ગુણઠાણા ઇત્યાદિકનો ઉત્તર લખતો નથી સૂત્રને અડતોય નથી વ્યવહાર સાચવવા થોડાએક પુસ્તકોના પાના ફેરવુ છુ બાકી બધુંય પથ્થરપર પાણીના ચિત્ર જેવુ કરી મૂક્યુ છે. તન્મય આત્મયોગમા પ્રવેશ છે ત્યા જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે, અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે વેદોદયનો નાશ થતા સુધી ગૃહવાસમા રહેવુ યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે કારણ, પચમકાળમા પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેની થોડી જ ઇચ્છા લાગે છે

વેદોદય અર્થે ગૃહવાસ

તીર્થંકરે કર્યાં પ્રમાણે કરવાની ઉન્મત્તતા

તીર્થંકર જે સમજ્યા અને પામ્યા તે આ કાળમા ન સમજી શકે અથવા ન પામી શકે તેવુ કઈ જ નથી આ નિર્ણય ઘણાય વખત થયા કરી રાખ્યો છે જો કે તીર્થંકર થવા ઇચ્છા નથી, પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે, એટલી બધી ઉન્મત્તતા આવી ગઈ છે તેને શમાવવાની શક્તિ પણ આવી ગઈ છે પણ ચાહીને શમાવવાની ઇચ્છા રાખી નથી .. વૃદ્ધમાંથી યુવાન થવું, અને આ અલખવાર્ત્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવુ.

ગુણસ્થાનક— ઉપશમ-ક્ષપક શ્રેણીનો અનુભવ

ગુણઠાણા એ સમજવા માટે કહેલા છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે ઉપશમમા પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી, ક્ષપકમા છે. પ્રત્યક્ષ દર્શનના સભવને અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે ઉપશમ શ્રેણી બે પ્રકારે છે. એક આજ્ઞારૂપ, એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો

નથી પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઈ શાસ્ત્રમાથી નીકળી આવશે ન નીકળે તો કંઈ બાધ નથી તીર્થકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યુ છે.

દશપૂર્વધારી ઈત્યાદિકની આજ્ઞાનુ આરાધન કરવાની મહાવીરદેવની શિક્ષા વિષે આપે જણાવ્યુ તે ખરું છે એણે તો ઘણુંય કહ્યુ હતુ, પણ રહ્યુ છે થોડુ અને પ્રકાશક પુરુષ ગૃહસ્થાવાસમા છે બાકીના ગુફામા છે કોઈ કોઈ જાણે છે પણ તેટલુ યોગબળ નથી.. ... સૂત્ર લઈ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં સૂત્ર અને તેનાં પડખા બધાય જણાયા છે

મહાવીરે કહ્યું ઘણું—રહ્યું થોડું—તે પ્રકાશકની ખામી

[૧૬૮] [મુંબઈ, કાર્તિક સુદ ૧૩, સોમ, ૧૯૪૭]

અગિયારમેથી લથડેલો ઓછામા ઓછા ત્રણ અને ઘણામાં ઘણા પંદર ભવ કરે, એમ અનુભવ થાય છે.

[૧૮૭] [મુંબઈ, માગશર વદ ૦)), ૧૯૪૭]

પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદભાવે અપૂર્વ સમાધિમા સ્મરુ છું... છેવટનુ સ્વરૂપ સમજાયામા, અનુભવાયામા અલ્પ પણ ન્યૂનતા રહી નથી જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયુ છે સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતા બાકી સર્વ અનુભવાયુ છે એક દેશ સમજાયા વિના રહ્યો નથી, પરંતુ યોગ (મન, વચન, કાયા) થી અસગ થવા વનવાસની આવશ્યકતા છે, અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમા જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે, અને એ ઉત્પન્ન કરવાની (તેમ) આકાક્ષા રહી નથી, છતા ઉત્પન્ન કેમ થશે? એ વળી આશ્ચર્યકારક છે! પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન તો ઉત્પન્ન થયુ જ છે, અને એ સમાધિમાથી નીકળી લોકા-

છેવટનું સ્વરૂપ સમજાયુ

પરિપૂર્ણ સ્વરૂપ-જ્ઞાન ઉત્પન્ન થયું

લોકદર્શન પ્રત્યે જવુ કેમ બનશે? એ પણ એક... વિકલ્પ થાય છે! .. હવે અમે અમારી દશા કોઈ પણ પ્રકારે કહી શકવાના નથી, તો લખી ક્યાંથી શકીશું?... (કંઈ) મુક્તિયે નથી જોઈતી, અને જૈનનુ કેવળજ્ઞાનેય જે પુરુષને નથી જોઈતું, તે પુરુષને પરમેશ્વર હવે કયું પદ આપશે?

કેવળજ્ઞાનની પણ અનિચ્છા

[૨૧૭] [મુંબઈ, માહ સુદ, ૧૯૪૭]

પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તો પણ કરવો યોગ્ય જ છે સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મય ભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી આથી ખેદ રહ્યા કરે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે જો કે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી, પરંતુ ઉપાધિના પ્રસગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે, અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી. કદાપિ સર્વાત્માની એવી જ ઇચ્છા હશે તો ગમે તેવી દીનતાથી પણ તે ઇચ્છા ફેરવશું પણ પ્રેમભક્તિની પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે, અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમા જઈએ' 'વનમાં જઈએ' એમ થઈ આવે છે આપનો નિરતર સત્સગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે.

તીવ્ર વૈરાગ્ય—ઘર-વન સરખાં

અનન્ય ભક્તિ વિના દેહ ન ત્યાગવાની ઇચ્છા

જડભરતજીની શ્રીમદ્ ભાગવતમાં સુદર આખ્યાયિકા આપી છે, એ દશા વારવાર સાંભરી આવે છે અને એવું ઉન્મત્તપણુ પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે એ દશા વિદેહી હતી. ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ

જડભરતજીની અસંગતાનું બહુ સ્મરણ

હતી અને તેથી જડભરતના ભવમા અસગ રહ્યા હતા. એવા કારણથી મને પણ અસગતા બહુ જ સાભરી આવે છે, અને કેટલીક વખત તો એવુ થઈ જાય છે કે, તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે યમ અંતકાળે પ્રાણીને દુ ખદાયક નહીં લાગતો હોય પણ અમને સંગ દુ ખદાયક લાગે છે; એમ અંતર્વૃત્તિઓ ઘણી છે કે જે એક જ પ્રવાહની છે લખી જતી નથી, રહ્યું જતુ નથી, અને આપનો વિયોગ રહ્યા કરે છે સુગમ ઉપાય કોઈ જડતો નથી ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી. ભવિષ્યની એક ક્ષણનો ઘણું કરીને વિચાર પણ રહેતો નથી ઈશ્વરની ઈચ્છા એવી છે, અને તેને રાજી રાખ્યા વિના છૂટકો નથી નહીં તો આવી ઉપાધિયુક્ત દશામાં ન રહીએ, અને ધાર્યું કરીએ, પરમ પીયુષ અને પ્રેમભક્તિમય જ રહીએ! પ્રારબ્ધકર્મ બલવત્તર છે!

(અસંગતા વિના પરમદુઃખ — અદીનતા-ભવિષ્યની નિશ્ચિંતતા — પ્રારબ્ધકર્મની બળવત્તરતા)

[ ૧૯૭ ] [ મુંબઈ, મહા સુદ ૯, મંગલ, ૧૯૪૭ ]

જ્ઞાનના 'પરોક્ષ—અપરોક્ષ' વિષે પત્રથી લખી શકાય તેમ નથી, પણ સુધાની ધારા પછીનાં કેટલાક દર્શન થયા છે, અને જો અસગતાની સાથે આપનો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે, કારણ કે તે ઘણુ કરીને સર્વ પ્રકારે જાણ્યું છે અને તે જ વાટ તેના દર્શનની છે, આ ઉપાધિયોગમાં એ દર્શન ભગવત્ થવા દેશે નહીં, એમ તે મને પ્રેરે છે, માટે એકાંતવાસીપણે જ્યારે થવાશે ત્યારે ચાહીને ભગવતે રાખેલો પડદો એક થોડા પ્રયત્નમાં ટળી જશે

(અસંગતા થયે છેવટનું પરિપૂર્ણ પ્રકાશવાની ઇચ્છા)

[ ૧૯૨ ] [ મુંબઈ, પોષ સુદ ૧૪, શુક્ર, ૧૯૪૭ ]

અમારી વૃત્તિ જે કરવા ઈચ્છે છે, તે નિષ્કારણ પરમાર્થ છે, એ વિષે વારવાર જાણી શકયા છો, તથાપિ કઈ સમવાય કારણની ન્યૂનતાને લીધે હાલ તો તેમ કંઈ અધિક કરી શકાતું

(નિષ્કારણ પરમાર્થવૃત્તિ—અપ્રગટ રહેવું)

નથી માટે ભલામણ છે કે અમે હાલ કંઈ પરમાર્થજ્ઞાની છીએ અથવા સમર્થ છીએ એવું કથન કીર્તિત કરશો નહીં, કારણ કે એ અમને વર્તમાનમા પ્રતિકૂળ જેવું છે

[ ૨૦૧ ] [ મુબઈ, માહ વદ ૩, ગુરુ, ૧૯૪૭ ]

અસંગવૃત્તિએ સમુદાયમાં રહેવું

અસંગવૃત્તિ હોવાથી સમુદાયમા રહેવું બહુ વિકટ છે જેનો કોઈ પણ પ્રકારે યથાર્થ આનંદ કહી શકાતો નથી, એવુ જે સત્સ્વરૂપ તે જેના હૃદયમાં પ્રકાશ્યુ છે એવા મહાભાગ્ય જ્ઞાનીઓની અને આપની અમારા ઉપર કૃપા વર્તો અમે તો તમારી ચરણરજ છીએ, અને ત્રણે કાળ એ પ્રેમની નિરંજનદેવ પ્રત્યે યાચના છે.

નિરંજનદેવ પ્રત્યે પ્રેમ યાચના— તેની અનુગ્રહતા

આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે, આજે ઘણા દિવસ થયા ઇચ્છેલી પરાભક્તિ કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે ગોપીઓ ભગવાન વાસુદેવ (કૃષ્ણચદ્ર)ને મહીની મટુકીમા નાખી વેચવા નીકળી હતી; એવી એક શ્રીમદ્ ભાગવતમા કથા છે, તે પ્રસગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે, અમૃત પ્રવહે છે ત્યા સહસ્રદળકમળ છે, એ મહીની મટુકી છે, અને આદિપુરુષ તેમા બિરાજમાન છે તે ભગવત વાસુદેવ છે, તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતા તે ઉલ્લાસમા આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે "કોઈ માધવ લ્યો, હારે કોઈ માધવ લ્યો" એમ કહે છે, અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઈ, અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, બીજું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી, માટે તમે પ્રાપ્ત કરો. ઉલ્લાસમાં ફરી ફરી કહે છે કે તમે તે પુરાણપુરુષને પ્રાપ્ત કરો, અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો તો અમે તમને એ આદિપુરુષ આપી દઈએ, મટુકીમાં નાખીને વેચવા નીકળ્યાં

ગોપીઓની પરાભક્તિના એક પ્રસંગનુ સ્મરણ

છીએ, ગ્રાહક દેખી આપી દઈએ છીએ, કોઈ ગ્રાહક થાઓ, અચળ પ્રેમે કોઈ ગ્રાહક થાઓ, વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ મટુકીમાં નાખીને વેચવા નીકળ્યાનો અર્થ સહસ્રદળકમળમા અમને વાસુદેવ ભગવાન મળ્યા છે, મહીનુ નામ માત્ર છે, આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવભગવાન જ મહી નીકળે છે એવુ સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરીને વ્યાસજીએ અદ્‌ભુત ભક્તિને ગાઈ છે. આ વાત અને આખું ભાગવત એ એકને જ પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે, અને તે (અ)મને ઘણા કાળ થયા પહેલા સમજાયુ છે, આજે અતિ અતિ સ્મરણમા છે, કારણ કે સાક્ષાત્ અનુભવ પ્રાપ્તિ છે, અને એને લીધે આજની પરમ અદ્‌ભુત દશા છે. એવી દશાથી જીવ ઉન્મત્ત પણ થઈ ગયા વિના રહેશે નહીં, અને વાસુદેવહરિ ચાહીને કેટલોક વખત વળી અંતર્ધાન પણ થઈ જાય એવા લક્ષણના ધારક છે, માટે અમે અસગતાને ઈચ્છીએ છીએ, સત્સગની અત્ર ખામી છે, અને વિકટ વાસમા નિવાસ છે હરિ—ઈચ્છાએ હર્યાફર્યાની વૃત્તિ છે. એટલે કંઈ ખેદ તો નથી, પણ ભેદનો પ્રકાશ કરી શકાતો નથી, એ ચિંતના નિરતર રહ્યા કરે છે.

ગોપીઓનું મહી વેચવું એ રીતે વાસુદેવપ્રાપ્તિ કરાવવી

ઘણાકાળ પહેલાં સમજાયેલું ભાગવત—તેથી અદ્‌ભુત દશા

વિકટ વાસમા નિવાસ

ઘણા ઘણા પ્રકારથી મનન કરતા અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં તે મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.

ભક્તિ એ સર્વોપરી માર્ગ

વિશેષ કઈ લખ્યુ જતું નથી પરમાનદ છે, પણ અસત્સંગ છે અર્થાત્ સત્સગ નથી.

[ ૨૦૪ ] [ મુબઈ, માહ વદ ૭, ભોમ, ૧૯૪૭ ]

હજી અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી, કારણ કે જેવી જોઈએ તેવી અસગદશાથી વર્તાતુ નથી, અને મિથ્યા પ્રબંધમાં

અસંગ થયે પર-માર્થ પ્રકાશવાની ઇચ્છા

વાસ છે પરમાર્થ માટે પરિપૂર્ણ ઇચ્છા છે, પણ ઈશ્વરેચ્છાની હજુ તેમા સમ્મતિ થઈ નથી, ત્યાસુધી અમારા વિષે અંતરમાં સમજી રાખજો, અને ગમે તેવા મુમુક્ષુઓને પણ કંઈ નામપૂર્વક જણાવશો નહીં હાલ એવી દશાએ રહેવુ અમને વહાલું છે

[ ૨૦૬ ] [ મુબઈ, માહ વદ ૧૩, રવિ, ૧૯૪૭ ]

આત્મજ્ઞાનથી જાણુ

પારમાર્થિક વિષય માટે હાલ મૌન રહેવાનું કારણ પરમાત્માની ઇચ્છા છે જ્યાંસુધી અસંગ થઈશું નહીં અને ત્યાર પછી તેની ઇચ્છા મળશે નહીં, ત્યાસુધી પ્રગટ રીતે માર્ગ કહીશુ નહીં, અને આવો સર્વ મહાત્માઓનો રિવાજ છે. અમે તો દીન માત્ર છીએ ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે

[ ૧૯૮ ] [ મુબઈ, માહ સુદ ૧૧, ગુરુ, ૧૯૪૭ ]

જે કઈ પ્રિય કરવા જેવુ છે, તે જીવે જાણ્યુ નથી, અને બાકીનુ કઈ પ્રિય કરવા જેવુ નથી, આ અમારો નિશ્ચય છે

[ ૨૧૦ ] [ મુબઈ, માહ વદ ०)), ૧૯૪૭ ]

ધર્મજીવના દાસ

અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો, બાકી સર્વ જીવોના અને વિશેષે કરી ધર્મજીવના તો અમે ત્રણે કાળને માટે દાસ જ છીએ

[ ૨૧૪ ] [ મુબઈ, ફાગણ સુદ ૫, રવિ, ૧૯૪૭ ]

જગત પ્રત્યે ઉદાસીનતા

ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ કવચિત્ મનોયોગને લીધે ઇચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત, પણ અમને તો એમ લાગે છે કે આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે, તે સાવ સોનાનુ થાય તોપણ અમને તૃણવત્ છે, અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિધામ છે

[ ૨૩૪ ] [ મુબઈ, ચૈત્ર સુદ ૧૦, શનિ, ૧૯૪૭ ]

પોતાનું અથવા પારકુ જેને કઈ રહ્યુ નથી એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે, (આ દેહે છે), અને

તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ પૂર્વે જે જે વિદ્યા, બોધ, જ્ઞાન, ક્રિયાની પ્રાપ્તિ થઈ ગઈ છે તે તે સઘળા આ દેહે જ વિસ્મરણ કરી નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી, અને તેને લીધે જ આમ વર્તીએ છીએ

સ્વ-પર-રહિત દશા—નિર્વિકલ્પ વૃત્તિ

[૨૩૨] [મુબઈ, ચૈત્ર સુદ ૯, શુક્ર, ૧૯૪૭]

જો કે અમને ઉપાધિયોગ છે તથાપિ અવકાશ નથી મળતો એમ કંઈ છે નહીં, પણ દશા એવી છે કે જેમાં પરમાર્થ વિષે કઈ ન થઈ શકે, અને રુચિ પણ હાલ તો તેમ જ રહે છે

પરમાર્થ ન થઈ શકે એવી દશા

[૨૩૯] [મુબઈ, ચૈત્ર વદ ૭, ગુરુ, ૧૯૪૭]

જો કે ઉપાધિસયુક્ત કાળ ઘણો જાય છે, ઈશ્વરેચ્છા પ્રમાણે વર્તવુ શ્રેયસ્કર છે અને યોગ્ય છે, એટલે જેમ ચાલે છે તેમ ઉપાધિ હો તો ભલે, ન હો તો પણ ભલે, જે હોય તે સમાન જ છે

ઉપાધિમાં સમાન ભાવ

[૨૪૪] [મુંબઈ, વૈશાખ સુદ ૭, શુક્ર ૧૯૪૭]

પરબ્રહ્મ આનદમૂર્તિ છે, તેનો ત્રણે કાળને વિષે અનુગ્રહ ઇચ્છીએ છીએ કેટલોક નિવૃત્તિનો વખત મળ્યા કરે છે, પરબ્રહ્મવિચાર તો એમ ને એમ રહ્યા જ કરે છે, કયારેક તો તે માટે આનદકિરણ બહુ સ્ફુરી નીકળે છે, અને કઈની કઈ (અભેદ) વાત સમજાય છે, પણ કોઈને કહી શકાતી નથી, અમારી એ વેદના અથાગ છે વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે, પણ અમને આ પરમાર્થમાર્ગમા શાતા પૂછનાર મળતો નથી, અને જે છે તેનાથી વિયોગ રહે છે

પરબ્રહ્મના સતત્ વિચારથી આનંદ

વેદનામા શાતા પૂછનારનો અભાવ

[૨૪૭] [મુબઈ, વૈશાખ વદિ ૮, રવિ, ૧૯૪૭]

હરિને પ્રતાપે હરિનુ સ્વરૂપ મળશુ ત્યારે સમજાવશુ ! ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે, જેથી વ્યવહારના બધા કાર્ય ઘણુ-કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ. હરિઇચ્છા સુખદાયક માનીએ

ચિત્તની ચૈતન્ય દશા—ઉપાધિમા સમાધિ

છીએ. એટલે જે ઉપાધિજોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ ચિત્તની અવ્યવસ્થાને લીધે મુહૂર્તમાત્રમા કરી શકાય એવું કાર્ય વિચારતા પણ પખવાડિયું વ્યતીત કરી નખાય છે, અને વખતે તે કર્યા વિના જ જવા દેવાનુ થાય છે. બધા પ્રસગોમા તેમ થાય તોપણ હાનિ માની નથી, તથાપિ આપને

જ્ઞાનવાર્તા લખતાં આનંદ—ચિત્તની નિરંકુશ દશા

કંઈ કંઈ જ્ઞાનવાર્તા દર્શાવાય તો વિશેષ આનદ રહે છે, અને તે પ્રસગમા ચિત્તને કંઈક વ્યવસ્થિત કરવાની ઇચ્છા રાખ્યા કરાય છે, છતા તે સ્થિતિમાં પણ હમણા પ્રવેશ નથી કરી શકાતો એવી ચિત્તની દશા નિરંકુશ થઈ રહી છે, અને તે નિરંકુશતા પ્રાપ્ત થવામા હરિનો પરમ અનુગ્રહ કારણ છે એમ માનીએ છીએ એ જ નિરંકુશતાને પૂર્ણતા આપ્યા સિવાય ચિત્ત યથોચિત સમાધિયુક્ત નહી થાય એમ લાગે છે, અત્યારે તો બધુંય ગમે છે, અને બધુંય ગમતુ નથી, એવી સ્થિતિ છે જ્યારે બધુંય ગમશે, ત્યારે

પૂર્ણકામતાની ઇચ્છા

નિરકુશતાની પૂર્ણતા થશે. એ પૂર્ણકામતા પણ કહેવાય છે, જ્યા હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે અત્યારે કંઈક અસ્પષ્ટ ભાસે છે, પણ સ્પષ્ટ છે એવો અનુભવ છે

જગત્જીવનરસની પ્રાપ્તિ—હરિપ્રત્યે લય

જે રસ જગતનુ જીવન છે, તે રસનો અનુભવ થવા પછી હરિપ્રત્યે અતિશય લય થઈ છે અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ ૦ ૦ ૦ આવશે, એવો ભવિષ્ય કાળ ઈશ્વરેચ્છાને લીધે લખ્યો છે

અંતરંગ વિચાર લખવા અશક્ત

અમે અમારો અતરંગ વિચાર લખી શકવાને અતિશય અશક્ત થઈ ગયા છીએ; જેથી સમાગમને ઇચ્છીએ છીએ, પણ ઈશ્વરેચ્છા હજુ તેમ કરવામાં અસમ્મત લાગે છે, જેથી વિયોગે

ચિત્તની અવ્યવસ્થા—ઉપયોગમાં ન્યૂનતા

જ વર્તીએ છીએ અમારી ચિત્તની અવ્યવસ્થા એવી થઈ જવાને લીધે કોઈ કામમા જેવો જોઈએ તેવો ઉપયોગ રહેતો નથી, સ્મૃતિ રહેતી નથી, અથવા ખબર પણ રહેતી નથી, તે માટે શુ કરવું? શુ કરવુ એટલે કે વ્યવહારમાં બેઠા છતાં એવી સર્વોત્તમ દશા

બીજા કોઈને દુ ખરૂપ ન થવી જોઈએ, અને અમારા આચાર એવા છે કે વખતે તેમ થઈ જાય બીજા કોઈને પણ આનદરૂપ લાગવા વિષે હરિને ચિતા રહે છે, માટે તે રાખશે અમારુ કામ તો તે દશાની પૂર્ણતા કરવાનું છે, એમ માનીએ છીએ, તેમ બીજા કોઈને સતાપરૂપ થવાનો તો સ્વપ્ને પણ વિચાર નથી બધાના દાસ છીએ, ત્યા પછી દુ ખરૂપ કોણ માનશે? તથાપિ વ્યવહારપ્રસગમાં હરિની માયા અમને નહીં તો સામાને પણ એકને બદલે બીજું આરોપાવી દે તો નિરુપાયતા છે, અને એટલો પણ શોક રહેશે અમે સર્વ સત્તા હરિને અર્પણ કરીએ છીએ, કરી છે વધારે શું લખવુ? પરમાનદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે

બીજાને સંતાપરૂપ ન થવું

હરિને ક્ષણ પણ ન વીસરવા

[૨૫૫] [મુબઈ, અશાડ સુદ, ૧૩, ૧૯૪૭]

હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસપત્તિ વિના અમને કઈ ગમતુ નથી, અમને કોઈ પદાર્થમા રુચિ માત્ર રહી નથી, કઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી, વ્યવહાર કેમ ચાલે છે એનુ ભાન નથી, જગત શુ સ્થિતિમા છે તેની સ્મૃતિ રહેતી નથી, કોઈ શત્રુ-મિત્રમા ભેદભાવ રહ્યો નથી, કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી, અમે દેહધારી છીએ કે કેમ તે સભારીએ ત્યારે માંડ જાણીએ છીએ, અમારે શુ કરવાનુ છે તે કોઈથી કળાય તેવું નથી, અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ, વ્રત, નિયમનો કઈ નિયમ રાખ્યો નથી, જાત-ભાતનો કઈ પ્રસગ નથી, અમારાથી વિમુખ જગતમા કોઈ માન્યુ નથી, અમારાથી સન્મુખ એવા સત્સગી નહીં મળતા ખેદ રહે છે, સંપત્તિ પૂર્ણ છે એટલે સપત્તિની ઇચ્છા નથી, શબ્દાદિક વિષયો અનુભવ્યા સ્મૃતિમા આવવાથી અથવા ઈશ્વરેચ્છાથી તેની ઇચ્છા રહી નથી, પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ

અંતરંગ અદ્ભુત દશા

કરવામા આવે છે, જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ, હૃદય પ્રાયે શૂન્ય જેવુ થઈ ગયુ છે, પાચે ઇંદ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે, નય, પ્રમાણ વગેરે શાસ્ત્ર-ભેદ સાભરતા નથી, કઈ વાચતા ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે, મન પોતાને સ્વાધીન છે કે કેમ એનુ યથાયોગ્ય ભાન રહ્યું નથી આમ

ઉદાસીનતા–ઘેલછા

સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે, એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ, અને જેટલી છૂપી રખાય છે, તેટલી હાનિ છે યોગ્ય વર્તીએ છીએ કે અયોગ્ય એનો કઈ હિસાબ રાખ્યો નથી

આદિપુરુષ પ્રત્યે અખંડ પ્રેમ

આદિપુરુષને વિષે અખડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાની આકાક્ષાનો ભાગ થઈ ગયો છે; આટલુ બધુ છતા મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ, અખડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઈએ તેવી પ્રવહતી નથી, એમ જાણીએ છીએ, આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ નિશ્ચળપણે જાણીએ છીએ, પણ તે કરવામા કાળ કારણભૂત થઈ પડયો છે, અને એ સર્વનો દોષ અમને છે કે હરિને છે, એવો ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી

ઉદાસીનતા છતા વ્યવહાર-વેપાર

એટલી બધી ઉદાસીનતા છતા વેપાર કરીએ છીએ, લઈએ છીએ, દઈએ છીએ, લખીએ છીએ, વાચીએ છીએ, જાળ-વીએ છીએ, અને ખેદ પામીએ છીએ વળી હસીએ છીએ —જેનુ ઠેકાણુ નથી, એવી અમારી દશા છે, અને તેનુ કારણ માત્ર હરિની સુખદ ઇચ્છા જ્યાસુધી માની નથી, ત્યાસુધી ખેદ મટવો નથી

ભક્તિવાળા પુસ્તકો વાંચવા

સમજાય છે, સમજીએ છીએ, સમજશુ, પણ હરિ જ સર્વત્ર કારણરૂપ છે .. પ્રાણીમાત્રથી, મનથી ભિન્નભાવ રાખ્યો નથી, અને રાખ્યો રહે તેમ નથી ભક્તિવાળા પુસ્તકો ક્વચિત્–

કવચિત્ વાચીએ છીએ, પણ જે સઘળુ કરીએ છીએ તે ઠેકાણા વગરની દશાથી કરીએ છીએ...

પ્રભુની પરમ કૃપા છે અમને કોઈથી ભિન્નભાવ રહ્યો નથી, કોઈ વિષે દોષબુદ્ધિ આવતી નથી, મુનિ વિષે અમને કોઈ હલકો વિચાર નથી, પણ હરિની પ્રાપ્તિ ન થાય એવી પ્રવૃત્તિમા તેઓ પડયા છે, એકલુ બીજજ્ઞાન જ તેમનુ કલ્યાણ કરે એવી એમની અને બીજા ઘણા મુમુક્ષુઓની દશા નથી 'સિદ્ધાતજ્ઞાન' સાથે જોઈએ, એ 'સિદ્ધાતજ્ઞાન' અમારા હૃદયને વિષે આવરિતરૂપે પડ્યુ છે હરિઇચ્છા જો પ્રગટ થવા દેવાની હશે તો થશે અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે, અને તેમ છતાં આમ વહીવટમા છીએ, એ એની ઇચ્છાનુ કારણ છે

સર્વ પ્રત્યે અભિન્નભાવ

સિદ્ધાતજ્ઞાન આવરિતરૂપે

[૨૫૯] [મુંબઈ, શ્રાવણ સુદ ૧૧, બુધ, ૧૯૪૭]

અમારુ ચિત્ત તો બહુ હરિમય રહે છે પણ સાગ બધા કળિયુગના રહ્યા છે માયાના પ્રસગમા રાતદિવસ રહેવુ રહે છે, એટલે પૂર્ણ હરિમય ચિત્ત રહી શકવુ દુર્લભ હોય છે, અને ત્યાસુધી અમારા ચિત્તને ઉદ્વેગ મટશે નહીં

હરિમય ચિત્ત–માયાના પ્રસગમાં વાસ

[૨૭૧] [વવાણિયા, ભા વદ ૪, ભોમ, ૧૯૪૭]

શ્રીમાન્ પુરુષોત્તમની અનન્ય ભકિતને અવિચ્છિન્ન ઇચ્છુ છું.

[૨૬૧] [મુંબઈ, શ્રાવણ સુદ ૯, ગુરુ, ૧૯૪૭]

સર્વકાળને માટે (આયુષ્ય પર્યંત) જ્યાસુધી નિવૃત્તિ મેળવવાનો પ્રસંગ ન આવ્યો હોય ત્યાસુધી ધર્મ સબધે પણ પ્રગટમાં આવવાની ઇચ્છા રહેતી નથી

ધર્મ સબંધે અપ્રગટ રહેવું

[૪૦૮] [મુંબઈ, ભાદરવા વદ ૮, બુધ, ૧૯૪૮]

નિઃસ્નેહ સંસારમાં ઉદયાધીન વર્તન

જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું એ જ્ઞાનીપુરુષોનુ સનાતન આચરણ છે, અને તે જ આચરણ અમને ઉદયપણે વર્તે છે, અર્થાત્ જે સસારમા સ્નેહ રહ્યો નથી, તે સસારના કાર્યની પ્રવૃત્તિનો ઉદય છે, અને ઉદય અનુક્રમે વેદન થયા કરે છે એ ઉદયના ક્રમમા કોઈ પણ પ્રકારની હાનિવૃદ્ધિ કરવાની ઈચ્છા ઉત્પન્ન થતી નથી, અને એમ જાણીએ છીએ કે જ્ઞાનીપુરુષોનું પણ તે સનાતન આચરણ છે, તથાપિ જેમાં સ્નેહ રહ્યો નથી, અથવા સ્નેહ રાખવાની ઈચ્છા નિવૃત્ત થઈ છે, અથવા નિવૃત્ત થવા આવી છે, તેવા આ સસારમા કાર્યપણે—કારણપણે પ્રવર્તવાની ઈચ્છા રહી નથી, તેનાથી નિવૃત્તપણું જ આત્માને વિષે વર્તે છે, તેમ છતા પણ તેના અનેક પ્રકારના સગ—પ્રસગમા પ્રવર્તવુ પડે એવુ પૂર્વે કોઈ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે, જે સમપરિણામે વેદન કરીએ છીએ તથાપિ હજુ પણ તે કેટલોક વખત સુધી ઉદય જોગ છે, એમ જાણી કવચિત્ ખેદ પામીએ છીએ, કવચિત્ વિશેષ ખેદ પામીએ છીએ, અને તે ખેદનુ કારણ વિચારી જોતા

પરાનુકંપા અર્થે ઉદયવેદન

તો પરાનુકપારૂપ જણાય છે હાલ તો તે પ્રારબ્ધ સ્વાભાવિક ઉદય પ્રમાણે વેદન કર્યા સિવાય અન્ય ઈચ્છા ઉત્પન્ન થતી નથી, તથાપિ તે ઉદયમા બીજા કોઈને સુખ, દુખ, રાગ, દ્વેષ, લાભ, અલાભના કારણરૂપે બીજાને ભાસીએ છીએ તે ભાસવાને વિષે લોકપ્રસગની વિચિત્ર ભ્રાતિ જોઈ ખેદ થાય છે જે સસારને વિષે સાક્ષી કર્તા તરીકે મનાય છે, તે સસારમા તે સાક્ષીએ સાક્ષી-

સાક્ષી પુરુષના વિકટપણાના પ્રસંગનો ઉદય

રૂપે રહેવુ, અને કર્તા તરીકે ભાસ્યમાન થવુ તે બેધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે એમ છતા પણ કોઈને ખેદ, દુખ અલાભનુ કારણ તે સાક્ષીપુરુષ ભ્રાતિગત લોકોને ન ભાસે તો તે પ્રસંગમા તે સાક્ષીપુરુષનું અત્યત વિકટપણું

નથી અમને તો અત્યત અત્યત વિકટપણાના પ્રસગનો ઉદય છે એમા પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે ('ધર્મ' શબ્દ આચરણને બદલે છે) એકવાર એક તણખલાના બે ભાગ કરવાની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ થાય ત્યારે જે ઈશ્વરેચ્છા હશે તે થશે

[૧૭૩] [મુંબઈ, કારતક વદ ૩, શનિ, ૧૯૪૭]

દૃઢ વિશ્વાસથી માનજો કે આ—ને વ્યવહારનુ બધન ઉદયકાળમાં ન હોત તો તમને અને બીજાં કેટલાક મનુષ્યોને અપૂર્વહિતનો આપનાર થાત પ્રવૃત્તિ છે, તો તેને માટે કઈ અસમતા નથી; પરંતુ નિવૃત્તિ હોત તો બીજા આત્માઓને માર્ગ મળવાનુ કારણ થાત હજુ તેને વિલબ હશે, પચમકાળની પણ પ્રવૃત્તિ છે આ ભવે મોક્ષે જાય એવા મનુષ્યોનો સભવ પણ ઓછો છે ઇત્યાદિક કારણોથી એમ જ થયું હશે તો તે માટે કંઈ ખેદ નથી

વ્યવહારબધન અપૂર્વહિતમા નડતરરૂપ

મોક્ષનો અલ્પ સંભવ

[૨૭૭] [વવાણિયા, ભાદ્રપદ વદ ૭, ૧૯૪૭]

ચિત્ત ઉદાસ રહે છે, કઈ ગમતુ નથી, અને જે કઈ ગમતુ નથી તે જ બધું નજરે પડે છે, તે જ સભળાય છે. ત્યાં હવે શું કરવું? મન કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતું નથી જેથી પ્રત્યેક કાર્ય મુલતવાં પડે છે, કઈ વાંચન, લેખન કે જનપરિચયમા રુચિ આવતી નથી ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિષે મૃત્યુથી અધિક વેદના થાય છે.

જનપરિચયમા અરુચિ—મતમતાતર વેદનારૂપ

[૨૮૭] [વવાણિયા, આસો વદ ૧, રવિ, ૧૯૪૭]

પૂર્વાપર અવિરુદ્ધ એવું જે ભગવત્ સંબધી જ્ઞાન તે પ્રગટ કરવા જ્યાસુધી તેની ઇચ્છા નથી, ત્યાસુધી વધારે પ્રસંગ કોઈથી પાડવામાં નથી આવતો.. અભિન્ન એવુ હરિપદ જ્યાસુધી અમે અમારામા નહીં માનીએ ત્યાસુધી પ્રગટમાર્ગ

પૂર્વાપર અવિરુદ્ધ જ્ઞાન થયે માર્ગ પ્રકાશવો

કહીશું નહીં...જેઓ અમને જાણે છે, તે સિવાયના અધિકને નામ, ઠામ, ગામથી અમને જણાવશો નહીં

[૨૮૨] [વવાણિયા, ભાદ્ર. વદ ૧૪, શુક્ર, ૧૯૪૭]

*વ્યાસજી જેવી દશા—હરિરસની પ્રાપ્તિ વિના બધું શૂન્ય*

મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું, તેમ અમને હમણા વર્તે છે આત્મદર્શન પામ્યા છતા પણ વ્યાસજી આનદસપન્ન થયા નહોતા, કારણ કે હરિરસ અખડપણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે અખડ એવો હરિરસ પરમ પ્રેમે અખડપણે અનુભવતાં હજુ ક્યાથી આવશે? અને જ્યાસુધી તેમ નહિ થાય ત્યાસુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી

*કલિયુગને લઈને સાધનો ઘેરાઈ જવા*

ભગવાન વ્યાસજી જે યુગમા હતા, તે યુગ બીજો હતો; આ કળિયુગ છે, એમા હરિસ્વરૂપ, હરિનામ અને હરિજન દૃષ્ટિએ નથી આવતા, શ્રવણમા પણ નથી આવતા; એ ત્રણેમાના કોઈની સ્મૃતિ થાય એવી કોઈ પણ ચીજ પણ દૃષ્ટિએ નથી આવતી બધા સાધન કળિયુગથી ઘેરાઈ ગયા છે ઘણુંકરીને બધાય જીવ ઉન્માર્ગે પ્રવર્તે છે, અથવા સન્માર્ગની સન્મુખ વર્તતા નજરે નથી પડતા ક્વચિત્ મુમુક્ષુ છે, પણ તેને હજી માર્ગનો નિકટ સબંધ નથી

*નિષ્કપટીપણું, સન્માર્ગ-સત્સંગનો અભાવ*

નિષ્કપટીપણું પણ મનુષ્યોમાંથી ચાલ્યા ગયા જેવું થયું છે, સન્માર્ગનો એક અંશ અને તેનો પણ શતાંશ તે કોઈ આગળ પણ દૃષ્ટિએ પડતો નથી, કેવળજ્ઞાનનો માર્ગ તે તો કેવળ વિસર્જન થઈ ગયો છે કોણ જાણે હરિની ઇચ્છા શુય છે? આવો વિકટ કાળ તો હમણાં જ જોયો કેવળ મદ-પુણ્યવાળા પ્રાણી જોઈ પરમ અનુકંપા આવે છે. અમને સત્સગની ન્યૂનતાને લીધે કઈ ગમતું નથી ઘણીવાર થોડે થોડે કહેવાઈ ગયું છે, તથાપિ ચોખ્ખા શબ્દોમાં કહેવાયાથી સ્મૃતિમા વધારે રહે એટલા માટે કહીએ છીએ કે કોઈથી અર્થસંબધ

અને કામસંબંધ તો ઘણા કાળ થયા ગમતાં જ નથી, હમણા ધર્મસંબંધ અને મોક્ષસંબંધ પણ ગમતો નથી ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે, અને અમે તો તેથી પણ વિરક્ત રહેવા માગીએ છીએ. હાલ તો અમને કંઈ ગમતુ નથી, અને જે કઈ ગમે છે, તેનો અતિશય વિયોગ છે વધારે શુ લખવુ? સહન જ કરવુ એ સુગમ છે. સંબંધ માત્ર ન ગમવો

[૨૯૧] [વવાણિયા, આસો વદ ૧૨, ગુરુ, ૧૯૪૭]

આત્મા બ્રહ્મસમાધિમા છે મન વનમા છે એક બીજાના આભાસે અનુક્રમે દેહ કઈ ક્રિયા કરે છે

[૨૯૮] [વવાણિયા, કાર્તિક સુદ ૪, ગુરુ, ૧૯૪૮]

કાળ વિષમ આવી ગયો છે સત્સગનો જોગ નથી, અને વીતરાગતા વિશેષ છે, એટલે ક્યાય સાતુ નથી, અર્થાત્ મન વિશ્રાંતિ પામતું નથી અનેક પ્રકારની વિટબના તો અમને નથી, તથાપિ નિરતર સત્સગ નહીં એ મોટી વિટબના છે. લોકસગ રુચતો નથી સત્સંગનો અભાવ—વીતરાગતા

[૩૦૭] [આણદ, માગશર સુદ ૨, ગુરુ, ૧૯૪૮]

(એવુ જે) પરમસત્ય તેનું અમે ધ્યાન કરીએ છીએ ભગવત્‌ને સર્વ સમર્પણ કર્યા સિવાય આ કાળમા જીવનુ દેહાભિમાન મટવું સભવતુ નથી માટે અમે સનાતનધર્મરૂપ પરમસત્ય તેનુ નિરતર ધ્યાન કરીએ છીએ જે સત્યનુ ધ્યાન કરે છે, તે સત્ય હોય છે. પરમસત્યનું ધ્યાન

[૩૦૮] [મુબઈ, માગશર સુદિ ૧૪, ભોમ, ૧૯૪૮]

અત્ર સમાધિ છે સ્મૃતિ રહે છે, તથાપિ નિરુપાયતા વર્તે છે અસગવૃત્તિ હોવાથી અણુમાત્ર ઉપાધિ સહન થઈ શકે તેવી દશા નથી, તોય સહન કરીએ છીએ સુધાને વિષે અમને સંદેહ નથી અસંગવૃત્તિએ ઉપાધિ સહેવી

[ ૩૧૩ ] [ મુંબઈ, પોષ સુદ ૭, ગુરુ, ૧૯૪૮ ]

અપૂર્વ વીતરાગતા-આત્મભાવે વર્તન

કોઈ એવા પ્રકારનો ઉદય છે કે, અપૂર્વ વીતરાગતા છતાં વેપાર સબધી કઈક પ્રવર્તન કરી શકીએ છીએ, તેમજ બીજાં પણ ખાવાપીવા વગેરેના પ્રવર્તન માડ માંડ કરી શકીએ છીએ મન ક્યાંય વિરામ પામતુ નથી, ઘણુ કરીને અત્ર કોઈનો સમાગમ ઇચ્છતું નથી કંઈ લખી શકાતુ નથી વધારે પરમાર્થ-વાક્ય વદવા ઇચ્છા થતી નથી, કોઈએ પૂછેલાં પ્રશ્નોનો ઉત્તર જાણતા છતા લખી શકતા નથી, ચિત્તનો પણ ઝાઝો સગ નથી, આત્મા આત્મભાવે વર્તે છે.

સમયે સમયે અનતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે, જે ઘણુ કરીને કળવા દેવામાં આવતી નથી. અથવા કળી શકે તેવાનો પ્રસગ નથી

સહજ સ્મરણે જ્ઞાન

આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલુ જ્ઞાન શ્રી વર્દ્ધમાનને વિષે હતુ એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહજે સાભરી આવે છે

[ ૩૧૫ ] [ મુંબઈ, પોષ સુદ ૧૧, ૧૯૪૮ ]

આત્મસંયમને સભારીએ છીએ યથારૂપ વીતરાગતાની પૂર્ણતા ઇચ્છીએ છીએ.

[ ૩૧૭ ] [ મુબઈ, પોષ વદ ૯, રવિ, ૧૯૪૮ ]

અતરંગ અપૂર્વ દશા

ચિત્ત ઘણુ કરીને વનમા રહે છે, આત્મા તો પ્રાયે મુક્ત-સ્વરૂપ લાગે છે. વીતરાગપણુ વિશેષ છે. વેઠની પેઠે પ્રવૃત્તિ કરીએ છીએ બીજાને અનુસરવાનું પણ રાખીએ છીએ જગતથી બહુ ઉદાસ થઈ ગયા છીએ વસ્તીથી કટાળી ગયા છીએ દશા કોઈને જણાવી શકતા નથી. જણાવીએ તેવો સત્સંગ નથી, મનને જેમ ધારીએ તેમ વાળી શકીએ છીએ એટલે પ્રવૃત્તિમા રહી શક્યા છીએ. કોઈ પ્રકારથી રાગપૂર્વક પ્રવૃત્તિ

*કર્મનિર્જરાર્થે રાગરહિત પ્રવૃત્તિ*

થતી નહીં હોય એવી દશા છે, એમ રહે છે લોકપરિચય ગમતો નથી. જગતમાં સાતું નથી ..તથાપિ કરેલા કર્મ નિર્જરવાનુ છે એટલે ઉપાય નથી

[૩૧૯] [મુબઈ, માહ સુદ ૫, બુધ, ૧૯૪૮]

અમૂલ્ય એવુ જ્ઞાનજીવન પ્રપચે આવરેલુ વહ્યું જાય છે ઉદય બળવાન છે!

[૩૨૩] [મુબઈ, માહ વદ ૨, રવિ, ૧૯૪૮]

પૂર્ણજ્ઞાને કરીને યુક્ત એવી જે સમાધિ તે વારવાર સાભરે છે પરમ સત્નું ધ્યાન કરીએ છીએ. ઉદાસપણું વર્તે છે

[૩૨૯] [મુબઈ, માહ વદ, ૧૯૪૮]

*સ્વપણારહિતની ઉપાધિ*

સાંસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી. તથાપિ તેમા સ્વપણુ રહ્યું નહીં હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી. તે ઉપાધિના ઉદયકાળને લીધે હાલ તો સમાધિ ગૌણભાવે વર્તે છે, અને તે માટેનો શોચ રહ્યા કરે છે.

[૪૩૧] [મુબઈ, ફાગણ સુદ ૭, ગુરુ, ૧૯૪૯]

*'આત્માપણું' એ એક જ ધ્વનિ*

અમારો અભિપ્રાય કંઈ પણ દેહ પ્રત્યે હોય તો તે માત્ર એક આત્માર્થે જ છે, અન્ય અર્થે નહીં બીજા કોઈ પણ પદાર્થ પ્રત્યે અભિપ્રાય હોય તો તે પદાર્થ અર્થે નહીં, પણ આત્માર્થે છે. તે આત્માર્થ તે પદાર્થની પ્રાપ્તિ—અપ્રાપ્તિને વિષે હોય એમ અમને લાગતુ નથી 'આત્માપણું' એ ધ્વનિ સિવાય બીજો કોઈ ધ્વનિ કોઈ પણ પદાર્થના ગ્રહણ—ત્યાગમાં સ્મરણજોગ નથી. અનવકાશ આત્માપણું જાણ્યા વિના, તે સ્થિતિ વિના અન્ય સર્વ ક્લેશરૂપ છે

[૩૩૪] [મુબઈ, ફાગણ સુદ ૧૦, બુધ, ૧૯૪૮]

ઘણા ઘણા જ્ઞાનીપુરુષો થઈ ગયા છે, તેમાં અમારી જેવો ઉપાધિપ્રસંગ અને ચિત્તસ્થિતિ ઉદાસીન, અતિ ઉદાસીન, તેવા

ઉપાધિપ્રસંગ આત્મધ્યાનને વિઘ્નરૂપ

ઘણું કરીને પ્રમાણમા થોડા થયા છે. ઉપાધિપ્રસગને લીધે આત્મા સબધી જે વિચાર તે અખંડપણે થઈ શકતો નથી, અથવા ગૌણપણે થયા કરે છે, તેમ થવાથી ઘણો કાળ પ્રપચ વિષે રહેવુ પડે છે, અને તેમા તો અત્યત ઉદાસ પરિણામ થઈ ગયેલ હોવાથી ક્ષણવાર પણ ચિત્ત ટકી શકતું નથી, જેવી જ્ઞાનીઓ સર્વસગ પરિત્યાગ કરી અપ્રતિબદ્ધપણે વિચરે છે.

સર્વસંગ પરિત્યાગનો અર્થ

'સર્વસગ' શબ્દનો લક્ષ્યાર્થ એવો છે કે અખડપણે આત્મધ્યાન કે બોધ મુખ્યપણે ન રખાવી શકે એવો સંગ આ અમે ટૂકામા લખ્યુ છે, અને તે પ્રકારને બાહ્યથી, અતરથી ભજ્યા કરીએ છીએ

દેહ છતાં વીતરાગતા પામવી

દેહ છતા મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચલ અનુભવ છે કારણ કે અમે પણ નિશ્ચય તે જ સ્થિતિ પામવાના છીએ, એમ અમારો આત્મા અખડપણે કહે છે, અને એમ જ છે, જરૂર એમ જ છે પૂર્ણ વીતરાગની ચરણરજ નિરંતર મસ્તકે હો, એમ રહ્યા કરે છે અત્યત વિકટ એવું વીતરાગત્વ અત્યત આશ્ચર્યકારક છે, તથાપિ તે સ્થિતિ પ્રાપ્ત થાય છે, સદેહે પ્રાપ્ત થાય છે, એ નિશ્ચય છે, પ્રાપ્ત કરવાને પૂર્ણ યોગ્ય છે, એમ નિશ્ચય છે. સદેહે તેમ થયા વિના અમને ઉદાસીનતા મટે એમ જણાતુ નથી અને તેમ થવું સભવિત છે, જરૂર એમ જ છે

[ ૩૩૯ ] [ મુંબઈ, ફાગણ સુદ ૧૪, ૧૯૪૮ ]

કોઈનો દોષ નથી, અમે કર્મ બાધ્યા માટે અમારો દોષ છે જ્યોતિષની આમ્નાય સબધી.. ઘણો ભાગ તેનો જાણવામાં છે તથાપિ ચિત્ત તેમાં જરાય પ્રવેશ કરી શકતુ નથી, અને તે વિષેનુ વાચવુ, સાભળવુ કદાપિ ચમત્કારિક હોય, તોપણ બોજારૂપ લાગે છે થોડી પણ તેમા રુચિ રહી નથી

[ ૯૫૬-૧૧ ] [ મોરબી, વૈશાખ સુદ ૨, ૧૯૫૫ ]

'જ્યોતિષ'ને કલ્પિત ગણી અમે ત્યાગી દીધુ લોકોમા આત્માર્થીતા બહુ ઓછી થઈ ગઈ છે, નહીંવત્ રહી છે. સ્વાર્થ હેતુએ એ અગે લોકોએ અમને પજવી મારવા માડયા. આત્માર્થ સરે નહીં એવા એ જ્યોતિષના વિષયને કલ્પિત (સાર્થક નહીં) ગણી અમે ગૌણ કરી દીધો, ગોપવી દીધો. જ્યોતિષ બોજારૂપ જાણી ત્યાગ

[ ૩૩૯ ] [ મુબઈ, ફાગણ સુદ ૧૪, ૧૯૪૮ ]

અમને તો માત્ર એક અપૂર્વ એવા સત્‌ના જ્ઞાન વિષે જ રુચિ રહે છે બીજુ જે કઈ કરવામા આવે છે, કે અનુસરવામા આવે છે, તે બધુ આસપાસના બધનને લઈને કરવામા આવે છે સત્જ્ઞાનમાં રુચિ —બંધનને લીધે પ્રવૃત્તિ

હાલ જે કઈ વ્યવહાર કરીએ છીએ, તેમા દેહ અને મનને બાહ્ય ઉપયોગ વર્તાવવો પડે છે આત્મા તેમાં વર્તતો નથી કવચિત્ પૂર્વકર્માનુસાર વર્તાવુ પડે છે તેથી અત્યત આકુળતા આવી જાય છે જે કઈ પૂર્વે નિબંધન કરવામાં આવ્યાં છે, તે કર્મો નિવૃત્ત થવા અર્થે, ભોગવી લેવા અર્થે, થોડા કાળમા ભોગવી લેવાને અર્થે, આ વેપાર નામનુ વ્યાવહારિક કામ બીજાને અર્થે સેવીએ છીએ. વ્યાવહારિક કામ બીજા અર્થે સેવવું

હાલ જે કરીએ છીએ તે વેપાર વિષે મને વિચાર આવ્યા કરેલ, અને ત્યાર પછી અનુક્રમે તે કામની શરૂઆત થઈ ત્યારથી તે અત્યાર સુધીમા કામની દિનપ્રતિદિન કઈ વૃદ્ધિ થયા કરી છે.

અમે આ કામ પ્રેરેલુ માટે તે સંબધી ૦ ૦ ૦ બને તેટલુ મજૂરી જેવુ કામ પણ કર્યાનુ રાખ્યુ છે કામની હવે ઘણી હદ વધી ગયેલી હોવાથી નિવૃત્ત થવાની અત્યત બુદ્ધિ થઈ જાય છે. પણ ૦ ૦ ૦ ને દોષબુદ્ધિ આવી જવાનો સભવ, તે અનત સસારનુ કારણ ૦ ૦ ૦ ને થાય એમ જાણીને જેમ ઉદાસીન વૃત્તિએ મજૂરી જેવું કામ પણ કર્યે જવું,

બને તેમ ચિત્તનું સમાધાન કરી તે મજૂરી જેવુ કામ પણ કર્યા જવું, એમ હાલ તો ધાર્યું છે.

આ કામની પ્રવૃત્તિ કરતી વખતે જેટલી અમારી ઉદાસીન દશા હતી તેથી આજ વિશેષ છે અને તેથી અમે ઘણું કરીને તેમની વૃત્તિને ન અનુસરી શકીએ એવુ છે, તથાપિ જેટલુ બન્યું છે તેટલું અનુસરણ તો જેમ તેમ ચિત્ત સમાધાન કરી રાખ્યા કર્યું છે

કોઈ પણ જીવ પરમાર્થને ઇચ્છે અને વ્યાવહારિક સંગમાં પ્રીતિ રાખે, ને પરમાર્થ પ્રાપ્ત થાય એમ તો કોઈ કાળે બને જ નહીં આ કામની નિવૃત્તિ પૂર્વકર્મ જોતાં તો હાલ થાય તેવું દેખાતું નથી

વૃત્તિમા પરમાર્થ આડે અનવકાશ

આ કામ પછી 'ત્યાગ' એવુ અમે તો જ્ઞાનમાં જોયું હતું, અને હાલ આવું સ્વરૂપ દેખાય છે, એટલી આશ્ચર્ય-વાર્ત્તા છે અમારી વૃત્તિને પરમાર્થ આડે અવકાશ નથી, તેમ છતાં ઘણોખરો કાળ આ કામમા ગાળીએ છીએ; અને તેનું કારણ માત્ર તેમને દોષબુદ્ધિ ન આવે એટલુ જ છે, તથાપિ અમારી વર્તના જ એવી છે, કે જીવ તેનો જો ખ્યાલ ન કરી શકે તો તેટલુ કામ કરતા છતા પણ દોષબુદ્ધિ જ રહ્યા કરે

[ ૩૩૮ ] [ મુબઈ, ફાગણ સુદ ૧૩, શુક્ર, ૧૯૪૮ ]

અત્યંત ઉદાસીનતા છતાં પ્રવૃત્તિ-પ્રસંગ

અત્યન્ત પરિણામમા ઉદાસીનતા પરિણમ્યા કરે છે, જેમ જેમ તેમ થાય છે, તેમ તેમ પ્રવૃત્તિપ્રસંગ પણ વધ્યા કરે છે. જે પ્રવૃત્તિનો પ્રસગ પ્રાપ્ત થશે, એમ નહીં ધારેલું તે પણ પ્રાપ્ત થયા કરે છે, અને એથી એમ માનીએ છીએ કે ઉતાવળે પૂર્વે નિબન્ધન કરેલા એવા કર્મો નિવૃત્ત થવાને માટે ઉદયમાં આવે છે

[ ૩૪૭ ] [ મુબઈ, ફાગણ વદ ૦)), સોમ, ૧૯૪૮ ]

વ્યવહારમા મન ન ચોટવું

અમે વ્યાવહારિક કામ તો પ્રમાણમાં ઘણું કરીએ છીએ, તેમાં મન પણ પૂરી રીતે દઈએ છીએ, તથાપિ તે મન વ્યવહારમા

ચોટતું નથી, પોતાને વિષે જ રહે છે, એટલે વ્યવહાર બહુ બોજારૂપે રહે છે.... જાણીએ છીએ કે ઘણાકાળે જે પરિણામ પ્રાપ્ત થવાનું છે, તે તેથી થોડા કાળે પ્રાપ્ત થાય માટે તે ઉપાધિજોગ વિશેષપણે વર્તે છે .. અમે કે જેનુ મન પ્રાયે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી, રતિથી, અરતિથી, ભયથી, શોકથી, જુગુપ્સાથી કે શબ્દાદિ વિષયોથી અપ્રતિબંધ જેવુ છે, કુટુંબથી, ધનથી, પુત્રથી, વૈભવથી, સ્રીથી કે દેહથી મુક્ત જેવુ છે, તે મનને પણ સત્સગને વિષે બધન રાખવુ બહુ બહુ રહ્યા કરે છે

વૈભવાદિ કે કષાયાદિથી અપ્રતિબંધતા

[૩૫૩] [મુંબઈ, ચૈત્ર સુદ ૧૨, શુક્ર, ૧૯૪૮]

સમય માત્ર પણ અપ્રમત્તધારાને નહીં વિસ્મરણ કરતુ એવુ જે આત્માકાર મન તે વર્તમાન સમયે ઉદય પ્રમાણે પ્રવૃત્તિ કરે છે, અને જે કોઈ પણ પ્રકારે વર્તાય છે, તેનુ કારણ પૂર્વે નિબંધન કરવામા આવેલો એ ઉદય છે તે ઉદયને વિષે પ્રીતિ પણ નથી, અને અપ્રીતિ પણ નથી સમતા છે, કરવા યોગ્ય પણ એમ જ છે

અપ્રમત્તધારા-પૂર્વનિબંધન ઉદય

[૩૫૬] [મુંબઈ, ચૈત્ર વદિ ૧, બુધ, ૧૯૪૮]

આત્મસમાધિપૂર્વક યોગઉપાધિ રહ્યા કરે છે, જે પ્રતિબધને લીધે હાલ તો કઈ ઈચ્છિત કરી શકાતું નથી આવા જ હેતુએ કરીને શ્રી ઋષભાદિ જ્ઞાનીઓએ શરીરાદિ પ્રવર્તનાના ભાનનો પણ ત્યાગ કર્યો હતો

ઉપાધિ સમાધિ-રૂપ

[૩૫૭] [મુંબઈ, ચૈત્ર વદ ૫, રવિ, ૧૯૪૮]

સત્સગ થવાનો પ્રસગ ઈચ્છીએ છીએ, પણ ઉપાધિયોગનો જે ઉદય તે પણ વેદવા વિના ઉપાય નથી જગતમા બીજા પદાર્થો તો અમને કઈ રુચિના કારણ રહ્યા નથી જે કઈ રુચિ રહી છે તે માત્ર એક સત્યનુ ધ્યાન કરનારા એવા સત પ્રત્યે, જેમા આત્માને વર્ણવ્યો છે એવા સત્શાસ્ત્ર પ્રત્યે, અને

'સત્','સત્શાસ્ત્ર', 'દાનાદિ' પ્રત્યે રુચિ

પરેચ્છાએ પરમાર્થના નિમિત્ત—કારણ એવા દાનાદિ પ્રત્યે રહી છે આત્મા તો કૃતાર્થ સમજાય છે

[ ૩૬૩ ] [ મુંબઈ, વૈશાખ સુદ ૫, રવિ, ૧૯૪૮ ]

તીર્થંકરાદિકનું આત્મત્વ સાંભરવું

ઉપાધિયોગ વિશેષ વર્ત્યા કરે છે વનને વિષે ઉદાસીનપણે સ્થિત એવા જે યોગીઓ—તીર્થંકરાદિક—તેનું આત્મત્વ સાંભરે છે

[ ૩૬૧ ] [ મુંબઈ, વૈશાખ સુદ ૩, શુક્ર, ૧૯૪૮ ]

ઉપાધિમાં ભાવસમાધિ

ભાવસમાધિ છે બાહ્ય ઉપાધિ છે, જે ભાવને ગૌણ કરી શકે એવી સ્થિતિની છે, તથાપિ સમાધિ વર્તે છે

[ ૩૬૮ ] [ મુંબઈ, વૈશાખ વદ ૬, ભોમ, ૧૯૪૮ ]

પરમવૈરાગ્ય છતાં વ્યવહારપ્રતિબંધ

અમને તો જંજાળ વિષે ઉદાસીનપણું વર્તે છે અમારા વિષે વર્તતો પરમ વૈરાગ્ય વ્યવહારને વિષે ક્યારેય મન મળવા દેતો નથી, અને વ્યવહારનો પ્રતિબંધ તો આખો દિવસ રાખવો પડે છે હાલ તો એમ ઉદય સ્થિતિમાં વર્તે છે તેથી સંભવ થાય છે કે તે પણ સુખનો હેતુ છે

અન્યભાવ પ્રત્યે ઉદાસીનતા

અમે તો પાંચ માસ થયા જગત, ઈશ્વર અને અન્યભાવ એ સર્વને વિષે ઉદાસીનપણે વર્તીએ છીએ અમને તો કોઈ જાતનો ભેદભાવ નહીં ઉત્પન્ન થતો હોવાથી સર્વ જંજાળરૂપ વર્તે છે, એટલે ઈશ્વરાદિ સમેતમાં ઉદાસપણું વર્તે છે આવું જે અમારું લખવું તે વાંચી કોઈ પ્રકારે સંદેહને વિષે પડવાને યોગ્ય તમે નથી . મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે, એ તો નિઃશંક વાર્તા છે અમારું જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્યભાવને વિષે સ્થિર થતું નથી, સ્વરૂપને વિષે સ્થિર રહે છે એવું જે અમારું આશ્ચર્યકારક સ્વરૂપ તે હાલ તો ક્યાંય કહ્યું જતું નથી ઘણા માસ વીત્યાથી તમને લખી સંતોષ માનીએ છીએ... ભેદરહિત એવા અમે છીએ

મોક્ષ કેવળ નિકટપણે—ભેદરહિત દશા

[ ૩૭૯ ] [ મુંબઈ, જેઠ વદ ૦)), શુક્ર, ૧૯૪૮ ]

સસારથી કટાળ્યા તો ઘણો કાળ થઈ ગયો છે તથાપિ સસારનો પ્રસંગ હજી વિરામ પામતો નથી, એ એક પ્રકારનો મોટો ક્લેશ વર્તે છે હાલ તો 'નિર્બળ થઈ' શ્રી 'હરિને' હાથ સોપીએ છીએ અમને તો કંઈ કરવા વિષે બુદ્ધિ થતી નથી, અને લખવા વિષે બુદ્ધિ થતી નથી. કઈક વાણીએ વર્તીએ છીએ, તેમા પણ બુદ્ધિ થતી નથી, માત્ર આત્મરૂપ મૌનપણું, અને તે સંબંધી પ્રસગ, એને વિષે બુદ્ધિ રહે છે. અને પ્રસગ તો તેથી અન્ય પ્રકારના વર્તે છે એવી જ 'ઈશ્વરેચ્છા' હશે! એમ જાણી જેમ સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેમજ યોગ્ય જાણી રહીએ છીએ.

*સંસારથી કંટાળવા છતાં તેનો પ્રસંગ*

'બુદ્ધિ તો મોક્ષને વિષે પણ સ્પૃહાવાળી નથી' પણ પ્રસગ આ વર્તે છે 'વનની મારી કોયલ' એવી એક ગુર્જરાદિ દેશની કહેવત આ પ્રસગને વિષે યોગ્ય છે

*બુદ્ધિમા મોક્ષ-સ્પૃહાનો અભાવ*

[ ૩૮૪ ] [ મુંબઈ, અસાડ સુદ ૯, ૧૯૪૮ ]

નિદ્રા સિવાયનો બાકીનો જે વખત તેમાથી એકાદ કલાક સિવાય બાકીનો વખત મન, વચન, કાયાથી ઉપાધિને જોગે વર્તે છે ઉપાય નથી, એટલે સમ્યક્ પરિણતિએ સવેદન કરવું યોગ્ય છે

*નિરુપાયતાએ ઉપાધિસંવેદન*

[ ૩૯૮ ] [ મુંબઈ, શ્રાવણ વદ ૧૪, રવિ, ૧૯૪૮ ]

હાલ જે ઉપાધિજોગ પ્રાપ્તપણે વર્તે છે, તે જોગનો પ્રતિબંધ ત્યાગવાનો વિચાર જો કરીએ તો તેમ થઈ શકે એમ છે, તથાપિ તે ઉપાધિજોગના વેદવાથી જે પ્રારબ્ધ નિવૃત્ત થવાનુ છે, તે તે જ પ્રકારે વેદવા સિવાયની બીજી ઈચ્છા વર્તતી નથી, એટલે તે જ જોગે તે પ્રારબ્ધ નિવૃત્ત થવા દેવુ યોગ્ય છે, એમ જાણીએ છીએ. અને તેમ સ્થિતિ છે

*પ્રારબ્ધનિવૃત્તિ અર્થે ઉપાધિ*

શાસ્ત્રોને વિષે આ કાળને અનુક્રમે ક્ષીણપણા યોગ્ય કહ્યો છે, અને તે પ્રકારે અનુક્રમે થયા કરે છે એ ક્ષીણપણુ મુખ્ય કરીને પરમાર્થ સબંધીનુ કહ્યુ છે જે કાળમાં અત્યત દુર્લભપણે

*દુષમકાળ-પરમાર્થનું ક્ષીણપણું*

પરમાર્થની પ્રાપ્તિ થાય તે કાળ દુસમ જોવા યોગ્ય છે, જો કે સર્વ કાળને વિષે પરમાર્થપ્રાપ્તિ જેનાથી થાય છે, એવા પુરુષોનો જોગ દુર્લભ જ છે, તથાપિ આવા કાળને વિષે તો અત્યંત દુર્લભ હોય છે જીવોની પરમાર્થવૃત્તિ ક્ષીણપરિણામને પામતી જતી હોવાથી તે પ્રત્યે જ્ઞાનીપુરુષોના ઉપદેશનું બળ ઓછું થાય છે, અને તેવી પરંપરાએ તે ઉપદેશ પણ ક્ષીણપણાને પામે છે, એટલે પરમાર્થમાર્ગ અનુક્રમે વ્યવચ્છેદ થવા જોગ કાળ આવે છે

જ્ઞાનીના ઉપદેશનુ બળ ઘટતુ જતુ

પરમાર્થવૃત્તિની ક્ષીણતા

આ કાળને વિષે અને તેમાં પણ હમણા લગભગના સે કડાથી મનુષ્યની પરમાર્થવૃત્તિ બહુ ક્ષીણપણાને પામી છે, અને એ વાત પ્રત્યક્ષ છે સહજાનંદ સ્વામીના વખત સુધી મનુષ્યોમા જે સરળવૃત્તિ હતી, તે અને આજની સરળવૃત્તિ એમાં મોટો તફાવત થઈ ગયો છે ત્યાસુધી મનુષ્યોની વૃત્તિને વિષે કંઈ કંઈ આજ્ઞાકિતપણુ, પરમાર્થની ઈચ્છા, અને તે સબંધી નિશ્ચયમા દ્રઢતા એ જેવાં હતા તેવા આજે નથી, તેથી તો આજે ઘણું ક્ષીણપણુ થયુ છે, જો કે હજુ આ કાળમા પરમાર્થવૃત્તિ કેવળ વ્યવચ્છેદપ્રાપ્ત થઈ નથી, તેમ સત્પુરુષરહિત ભૂમિ થઈ નથી, તોપણ કાળ તે કરતા વધારે વિષમ છે, બહુ વિષમ છે, એમ જાણીએ છીએ

કાળની વિષમતા

પરમાર્થમાર્ગ પ્રાપ્ત કરાવવા રહેતી અનુકંપા

આવુ કાળનુ સ્વરૂપ જોઈને મોટી અનુકપા હૃદયને વિષે અખંડપણે વર્તે છે જીવોને વિષે કોઈ પણ પ્રકારે અત્યંત દુખની નિવૃત્તિનો ઉપાય એવો જે સર્વોત્તમ પરમાર્થ, તે સંબંધી વૃત્તિ કઈ પણ વર્ધમાનપણાને પ્રાપ્ત થાય, તો જ તેને સત્પુરુષનુ ઓળખાણ થાય છે, નહીં તો થતુ નથી તે વૃત્તિ સજીવન થાય અને કોઈ પણ જીવોને-ઘણા જીવોને—પરમાર્થસંબધી જે માર્ગ તે પ્રાપ્ત થાય તેવી અનુકપા અખંડપણે રહ્યા કરે છે, તથાપિ તેમ થવુ બહુ દુર્લભ જાણીએ છીએ અને તેના કારણો પણ ઉપર જણાવ્યાં છે.

ચોથા કાળમા પણ દુર્લભ એવા પુરુષની જગતને પ્રાપ્તિ

જે પુરુષનુ દુર્લભપણુ ચોથા કાળને વિષે હતું તેવા પુરુષનો જોગ આ કાળમા થાય એમ થયુ છે, તથાપિ પરમાર્થસબંધી ચિતા જીવોને અત્યાત ક્ષીણ થઈ ગઈ છે, એટલે તે પુરુષનું ઓળખાણ થવુ અત્યત વિકટ છે તેમાં પણ જે ગૃહવાસાદિ પ્રસંગમા તે પુરુષની સ્થિતિ છે, તે જોઈ જીવને પ્રતીતિ આવવી દુર્લભ છે, અત્યત દુર્લભ છે, અને કદાપિ પ્રતીતિ આવી તો તેમનો જે પ્રારબ્ધપ્રકાર હાલ વર્તે છે, તે જોઈ નિશ્ચય રહેવો દુર્લભ છે, અને કદાપિ નિશ્ચય થાય તોપણ તેનો સત્સગ રહેવો દુર્લભ છે, અને જે પરમાર્થનુ મુખ્ય કારણ તે તો તે છે તે આવી સ્થિતિમા જોઈ ઉપર જણાવ્યાં છે જે કારણો, તેને વધારે બળવાનપણે દેખીએ છીએ, અને એ વાત જોઈ ફરી ફરી અનુકપા ઉત્પન્ન થાય છે.

વર્તમાનમા જીવોનું કલ્યાણ કોનાથી થઈ શકે?

'ઈશ્વરેચ્છાથી' જે કોઈ પણ જીવોનુ કલ્યાણ વર્તમાનમા પણ થવું સર્જિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ અમથકી, એમ પણ અત્ર માનીએ છીએ તથાપિ જેવી અમારી અનુકંપા સયુક્ત ઇચ્છા છે, તેવી પરમાર્થવિચારણા અને પરમાર્થપ્રાપ્તિ જીવોને થાય તેવો કોઈ પ્રકારે ઓછો જોગ થયો છે, એમ અત્રે માનીએ છીએ ગગાયમુનાદિના પ્રદેશને વિષે અથવા ગુજરાત દેશને વિષે જો આ દેહ ઉત્પન્ન થયો હોત, ત્યા વર્ધમાનપણુ પામ્યો હોત, તો તે એક બળવાન કારણ હતુ એમ જાણએ છીએ, બીજું પ્રારબ્ધમાં ગૃહવાસ બાકી ન હોત, અને બ્રહ્મચર્ય, વનવાસ હોત તો તે બળવાન કારણ હતુ, એમ જાણીએ છીએ કદાપિ ગૃહવાસ બાકી છે તેમ હોત અને ઉપાધિજોગરૂપ પ્રારબ્ધ ન હોત તો તે ત્રીજું પરમાર્થને બળવાન કારણ હતુ એમ જાણીએ છીએ પ્રથમ કહ્યા તેવા બે કારણો તો થઈ ચૂક્યાં છે, એટલે હવે તેનું નિવારણ નથી ત્રીજુ ઉપાધિજોગરૂપ જે પ્રારબ્ધ તે શીઘ્રપણે

પરમાર્થપ્રાપ્તિ કરાવવામાં વિઘ્ન-રૂપ ઉપાધિ

નિવૃત્ત થાય, વેદન થાય અને તે નિષ્કામકરુણાના હેતુથી, તો તેમ થવુ હજુ બાકી છે, તથાપિ તે પણ હજુ વિચારયોગ્ય સ્થિતિમા છે એટલે કે તે પ્રારબ્ધનો સહેજે પ્રતિકાર થઈ જાય એમ જ ઇચ્છાની સ્થિતિ છે, અથવા તો વિશેષ ઉદયમાં આવી જઈ થોડા કાળમાં તે પ્રકારનો ઉદય પરિસમાપ્ત થાય, તો તેમ નિષ્કામકરુણાની સ્થિતિ છે, અને એ બે પ્રકારમાં તો હાલ ઉદાસીનપણે એટલે સામાન્યપણે રહેવું છે, એમ આત્મ-સભાવના છે, અને એ સબધીનો મોટો વિચાર વારંવાર રહ્યા કરે છે.

પરમાર્થ કેવા પ્રકારના સપ્રદાયે કહેવો એ પ્રકાર જ્યાં-સુધી ઉપાધિજોગ પરિસમાપ્ત નહીં થાય ત્યાંસુધી મૌનપણામાં અને અવિચાર અથવા નિર્વિચારમા રાખ્યો છે, અર્થાત્ તે વિચાર હાલ કરવા વિષે ઉદાસપણું વર્તે છે

ચિત્તની આત્મા-કાર સ્થિતિ—ઉપાધિ વેદતા સમાધિ

આત્માકાર સ્થિતિ થઈ જવાથી ચિત્ત ઘણુંકરીને એક અશ પણ ઉપાધિજોગ વેદવાને યોગ્ય નથી, તથાપિ તે તો જે પ્રકારે વેદવુ પ્રાપ્ત થાય તે જ પ્રકારે વેદવુ છે, એટલે તેમાં સમાધિ છે, પરતુ પરમાર્થસબધી કોઈ કોઈ જીવોને પ્રસંગ પડે છે, તેને તે ઉપાધિજોગના કારણથી અમારી અનુકપા પ્રમાણે લાભ મળતો નથી, અને પરમાર્થસબંધી કંઈ તમ લિખિતાદિ વાર્ત્તા આવે છે, તે પણ ચિત્તમા માડ પ્રવેશ થાય છે, કારણ કે તેનો હાલ ઉદય નથી આથી પત્રાદિ પ્રસગથી તમ સિવાયના બીજા જે મુમુક્ષુ જીવો તેમને ઇચ્છિત અનુકપાએ પરમાર્થવૃત્તિ આપી શકાતી નથી, એ પણ ચિત્તને ઘણીવાર લાગી જાય છે

માબાપ આદિના ઉપકાર કારણે નિષ્કામપણે ઉપાધિ વેદવી

ચિત્ત બધનવાળુ થઈ શકતુ નહીં હોવાથી જે જીવો સંસાર સબધે સ્ત્રીઆદિરૂપે પ્રાપ્ત થયા છે, તે જીવોની ઇચ્છા પણ દુભ-વવાની ઇચ્છા થતી નથી, અર્થાત્ તે પણ અનુકપાથી અને માબાપાદિનાં ઉપકારાદિ કારણોથી ઉપાધિજોગને બળવાન રીતે

વેદીએ છીએ, અને જેની જેની જે કામના છે તે તે પ્રારબ્ધના ઉદયમા જે પ્રકારે પ્રાપ્ત થવી સર્જિત છે, તે પ્રકારે થાય ત્યાંસુધી નિવૃત્તિ ગ્રહણ કરતા પણ જીવ 'ઉદાસીન' રહે છે, એમા કોઈ પ્રકારનુ અમારું સકામપણું નથી, અમે એ સર્વમા નિષ્કામ જ છીએ એમ છે તથાપિ પ્રારબ્ધ તેવા પ્રકારનુ બંધન રાખવારૂપ ઉદયે વર્તે છે, એ પણ બીજા મુમુક્ષુની પરમાર્થવૃત્તિ ઉત્પન્ન કરવાને વિષે રોધરૂપ જાણીએ છીએ.

જયારથી તમે અમને મળ્યા છો, ત્યારથી આ વાર્ત્તા કે જે ઉપર અનુક્રમે લખી છે, તે જણાવવાની ઈચ્છા હતી, પણ તેનો ઉદય તે તે પ્રકારમા હતો નહીં, એટલે તેમ બન્યું નહીં, હમણા તે ઉદય જણાવવા યોગ્ય થવાથી સક્ષેપે જણાવ્યો છે, જે વારવાર વિચારવાને અર્થે તમને લખ્યો છે. બહુ વિચાર કરી સૂક્ષ્મપણે હૃદયમા નિર્ધાર રાખવા યોગ્ય પ્રકાર એમા લેખિત થયેલ છે તમે અને ૦ ૦ ૦ સિવાય આ પત્રની વિગત જાણવાને બીજા જોગ જીવ હાલ તમારી પાસે નથી, આટલી વાત પણ સ્મરણ રાખવા લખી છે કોઈ વાતમા શબ્દોના સક્ષેપપણાથી એમ ભાસી શકે એવુ હોય કે અમને કોઈ પ્રકારની કઈ હજુ સસારસુખવૃત્તિ છે, તો તે અર્થ ફરી વિચારવાયોગ્ય છે નિશ્ચય છે કે ત્રણે કાળને વિષે અમારા સંબંધમા તે ભાસવુ આરોપિત જાણવાયોગ્ય છે, અર્થાત્ સસાર-સુખવૃત્તિથી નિરતર ઉદાસપણું જ છે આ વાકયો કઈ તમ સંબધીનો ઓછો નિશ્ચય અમ પ્રત્યે છે અથવા હશે તો નિવૃત્ત થશે એમ જાણી લખ્યા નથી, અન્ય હેતુએ લખ્યા છે એ પ્રકારે એ વિચારવા યોગ્ય, વારવાર વિચારી હૃદયમા નિર્ધાર કરવા યોગ્ય વાર્ત્તા સંક્ષેપે કરી અહીં તો પરિસમાપ્ત થાય છે .. જગતમા કોઈપણ પ્રકારથી જેની કોઈપણ જીવ પ્રત્યે ભેદદષ્ટિ નથી એવા શ્રી૦૦૦ નિષ્કામ આત્મસ્વરૂપના નમસ્કાર પ્રાપ્ત થાય

સંસાર સુખવૃત્તિ તરફ નિરંતર ઉદાસપણું

[ ૩૯૭ ] [ મુંબઈ, શ્રાવણ વદ ૧૧, ગુરુ, ૧૯૪૮ ]

અપ્રગટ રહેવાના કારણો

અમારા સબધી જેમ બને તેમ બીજા જીવો પ્રત્યે ઓછી વાત કરવી.. અમારા સંબધી અને અમારાથી કહેવાયલા કે લખાયલા વાક્યો સબધી એમ કરવુ યોગ્ય છે, અને તેના કારણો તમને હાલ સ્પષ્ટ જણાવવા તે યોગ્યતાવાળુ નથી, તથાપિ તે અનુક્રમે જો અનુસરવામા વિસર્જન થવાય છે, તો બીજા જીવોને કલેશાદિનુ કારણ થવાય છે... જે કારણો જીવને પ્રાપ્ત થવાથી કલ્યાણનું કારણ થાય તે કારણોની પ્રાપ્તિ તે જીવોને આ ભવને વિષે થતી અટકે છે, કેમકે, તે તો પોતાના અજ્ઞાનપણાથી નથી ઓળખાણ પડ્યુ એવા સત્પુરુષ સબધીની તમ વગેરેથી પ્રાપ્ત થયેલી વાતથી તે સત્પુરુષ પ્રત્યે વિમુખપણાને પામે છે, તેને વિષે આગ્રહપણે અન્ય અન્ય ચેષ્ટા કલ્પે છે, અને ફરી તેવો જોગ થયે તેવુ વિમુખપણુ ઘણુંકરીને બળવાનપણાને પામે છે એમ ન થવા દેવા અને આ ભવને વિષે તેમને તેવો જોગ જો અજાણપણે પ્રાપ્ત થાય તો વખતે શ્રેયને પામશે એમ ધારણા રાખી, અતરગમા એવા સત્પુરુષને પ્રગટ રાખી બાહ્યપ્રદેશે ગુપ્તપણું રાખવું વધારે યોગ્ય છે. તે ગુપ્તપણું માયાકપટ નથી, કારણ કે તેમ વર્તવા વિષે માયાકપટનો હેતુ નથી, તેના ભવિષ્યકલ્યાણનો હેતુ છે, જે તેમ હોય તે માયાકપટ ન હોય એમ જાણીએ છીએ

[ ૩૯૯ ] [ મુંબઈ, શ્રાવણ, ૧૯૪૮]

સત્સંગ-અભાવે સમપરિણતિમાં વિકટતા

મુમુક્ષુજન સત્સગમા હોય તો નિરતર ઉલ્લાસિત પરિણામમાં રહી આત્મસાધન અલ્પકાળમા કરી શકે છે, એ વાર્તા યથાર્થ છે, તેમ જ સત્સગના અભાવમા સમપરિણતિ રહેવી એ વિકટ છે, તથાપિ એમ કરવામા જ આત્મસાધન રહ્યું હોવાથી ગમે તેવાં માઠા નિમિત્તમા પણ જે પ્રકારે સમપરિણતિ આવે તે પ્રકારે પ્રવર્તવુ એ જ યોગ્ય છે જ્ઞાનીના આશ્રયમાં નિરતર વાસ

હોય તો સહજ સાધનવડે પણ સમપરિણામ પ્રાપ્ત હોય છે, એમા તો નિર્વિવાદતા છે, પણ જ્યારે પૂર્વ કર્મના નિબંધનથી અનુકૂળ નહીં એવાં નિમિત્તમાં નિવાસ પ્રાપ્ત થયો છે, ત્યારે ગમે તેમ કરીને પણ તેના પ્રત્યે અદ્વેપ પરિણામ રહે એમ પ્રવર્તવુ એ જ અમારી વૃત્તિ છે, અને એ જ શિક્ષા છે

પ્રતિકૂળ નિમિત્તમા પણ અદ્વેપ પરિણામ

[૩૨૨] [રવિવાર, ૧૯૪૮]

અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપપરિણતિ વર્તતી હોવાને લીધે છે આત્માના સ્વરૂપ સબધી તો પ્રાયે નિર્વિકલ્પપણુ જ રહેવાનુ અમને સભવિત છે, કારણ કે અન્યભાવને વિષે મુખ્યપણે અમારી પ્રવૃત્તિ જ નથી

નિર્વિકલ્પસમાધિ વર્તવી

બધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે કહેવામા આવી છે, તે દર્શન નિકટ મુક્તપણાનુ કારણ છે, અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને જોગ્ય જો કોઈ અમે વિશેપપણે માનતા હોઈએ તો તે શ્રી તીર્થંકરદેવ છે અને એ જે શ્રી તીર્થંકરદેવનો અંતરઆશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ ક્ષેત્રે હોય તો તે અમે હોઈશુ એમ અમને દૃઢ કરીને ભાસે છે, કારણ કે જે અમારુ અનુભવજ્ઞાન તેનુ ફળ વીતરાગપણુ છે, અને વીતરાગનુ કહેલુ જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનુ કારણ લાગે છે, માટે અમે તેના અનુયાયી ખરેખરા છીએ, સાચા છીએ

તીર્થંકરનોઅતરઆશય 'આ' આત્માને હોવો

વન અને ઘર એ બન્ને કોઈ પ્રકારે અમને સમાન છે, તથાપિ વનમા પૂર્ણ વીતરાગભાવને અર્થે રહેવુ વધારે રુચિકર લાગે છે, સુખની ઇચ્છા નથી પણ વીતરાગપણાની ઇચ્છા છે

જગત કલ્યાણને અર્થે પુરુપાર્થ. કરવાની ઇચ્છા કોઈ પ્રકારે રહે પણ છે, તથાપિ ઉદયને અનુસરીને ચાલવું એ આત્માની સહજ દશા થઈ છે, અને તેવો ઉદયકાળ હાલ

જગતકલ્યાણની વૃત્તિ છતાં ઉદયાનુસાર વર્તન

સમીપમા જણાતો નથી, તો તે ઉદેરી આણવાનુ બને એવી દશા અમારી નથી

[ ૪૬૩ ] [ મુંબઈ, શ્રાવણ સુદ ૧૫, રવિ, ૧૯૪૯ ]

વેપારપ્રસંગસુધી ધર્મજાણનારરૂપે અપ્રગટ રહેવુ.

ઘણુ કરીને આત્મામા એમ જ રહ્યા કરે છે કે જ્યાસુધી આ વેપારપ્રસગે કામકાજ કરવું રહ્યા કરે, ત્યાસુધી ધર્મકથાદિ પ્રસગે અને ધર્મના જાણનારરૂપે કોઈ પ્રકારે પ્રગટપણામા ન અવાય એ યથાયોગ્ય પ્રકાર છે વેપારપ્રસગે રહેતા છતા જેનો ભક્તિભાવ રહ્યા કર્યો છે, તેનો પ્રસંગ પણ એવા પ્રકારમાં કરવો યોગ્ય છે, કે જથા આત્માને વિષે ઉપર જણાવેલો પ્રકાર રહ્યા કરે છે, તે પ્રકારને બાધ ન થાય અમારુ મન ઘણું ઉદાસ રહે છે અને પ્રતિબધ એવા પ્રકારનો રહે છે, કે તે ઉદાસપણું સાવ ગુપ્ત જેવુ કરી ન ખમી શકાય એવા વેપારાદિ પ્રસગમાં ઉપાધિજોગ વેદવા પડે છે, જો કે વાસ્તવ્યપણે તો સમાધિ-પ્રત્યયી આત્મા છે

[ ૩૯૬ ] [ મુંબઈ, શ્રાવણ વદ ૧૯૪૮, ]

અનવકાશ આત્મસ્વરૂપ

અન—અવકાશ એવુ આત્મસ્વરૂપ વર્તે છે, જેમા પ્રારબ્ધોદય સિવાય બીજો કોઈ અવકાશ જોગ નથી તે ઉદયમાં ક્વચિત્ પરમાર્થભાષા કહેવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા લખવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા સમજાવવારૂપ જોગ આવે છે, વિશેષપણે વૈશ્યદશારૂપ જોગ હાલ તો ઉદયમા વર્તે છે, અને જે કઈ ઉદયમા નથી આવતુ તે કરી શકવાનુ હાલ તો અસમર્થપણુ છે ઉદયાધીન માત્ર જીવિતવ્ય કરવાથી, થવાથી, વિષમપણું મટ્યુ છે તમ પ્રત્યે, પોતા પ્રત્યે, અન્ય પ્રત્યે કોઈ જાતનો વિભાવિક ભાવ પ્રાયે ઉદયપ્રાપ્ત થતો નથી, અને એ જ કારણથી પત્રાદિ કાર્ય કરવારૂપ પરમાર્થભાષાજોગે અવકાશ પ્રાપ્ત નથી . પૂર્વોપાર્જિત એવો જે સ્વાભાવિક ઉદય તે પ્રમાણે દેહસ્થિતિ છે, આત્માપણે તેનો અવકાશ અત્યંતાભાવરૂપ છે .

જે તે પુરુષના સ્વરૂપને જાણે છે, તેને સ્વાભાવિક અત્યંત શુદ્ધ એવું આત્મસ્વરૂપ પ્રગટે છે એ પ્રગટ થવાનું કારણ તે પુરુષ જાણી સર્વ પ્રકારની સંસારકામના પરિત્યાગી-અસંસાર-પરિત્યાગરૂપ કરી—શુદ્ધ ભક્તિએ તે પુરુષસ્વરૂપ વિચારવાયોગ્ય છે.

જ્ઞાનીને ઓળખ્યે સ્વરૂપપ્રાપ્તિ

[ ૩૭૬ ] [ મુંબઈ, વૈશાખ વદ, ૧૯૪૮ ]

હાલ જે પ્રવૃત્તિજોગમાં રહીએ છીએ તે તો ઘણા પ્રકારના પરેચ્છાના કારણથી રહીએ છીએ. આત્મદૃષ્ટિનું અખંડપણું એ પ્રવૃત્તિ જોગથી બાધ નથી પામતું માટે ઉદય આવેલો એવો તે જોગ આરાધીએ છીએ અમારો પ્રવૃત્તિજોગ જિજ્ઞાસુ પ્રત્યે કલ્યાણ પ્રાપ્ત થવા વિષે વિયોગપણે કોઈ પ્રકારે વર્તે છે...

પરેચ્છાએ પ્રવૃત્તિ

નિવૃત્તિને, સમાગમને ઘણા પ્રકારે ઇચ્છીએ છીએ, કારણ કે એ પ્રકારનો જે અમારો રાગ તે કેવળ અમે નિવૃત્ત કર્યો નથી

નિવૃત્તિપર રાગ

[ ૩૭૫ ] [ મુંબઈ, વૈશાખ, ૧૯૪૮ ]

યથાપ્રારબ્ધે સ્થિતિ છે એટલે બળવાન ઉપાધિયોગે વિષમતા આવતી નથી કંટાળો અત્યંત આવી જતાં છતાં ઉપશમનું, સમાધિનું યથારૂપ રહેવું થાય છે, તથાપિ નિરંતર ચિત્તમાં સત્સંગની ભાવના વર્ત્યા કરે છે સત્સંગનું અત્યંત માહાત્મ્ય પૂર્વ ભવે વેદન કર્યું છે, તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે જ્યાંસુધી આ ઉપાધિયોગનો ઉદય છે ત્યાંસુધી સમવસ્થાને તે નિર્વાહવો એવું પ્રારબ્ધ છે, તથાપિ જે કાળ જાય છે તે તેના ત્યાગના ભાવમાં ઘણું કરી ગયા કરે છે

ઉપાધિમાં અવિષમતા

પૂર્વે વેદેલ સત્સંગનું સ્મરણ

[ ૩૮૫ ] [ મુંબઈ, અસાડ, ૧૯૪૮ ]

જે પ્રકારે પ્રારબ્ધનો ક્રમ ઉદય હોય તે પ્રકારે હાલ તો વર્તીએ છીએ, અને એમ વર્તવું કોઈ પ્રકારે તો સુગમ ભાસે છે.. જો કે અમારું ચિત્ત નેત્ર જેવું છે, નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં.

બીજા અવયવોરૂપ અન્ય ચિત્ત છે અમને વર્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ છે, તેને વિષે વાણીનુ ઊઠવું, સમજાવવું, આ કરવુ, અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી તે માંડ માડ બને છે ઘણી ક્રિયા તો શૂન્યપણાની પેઠે વર્તે છે, આવી સ્થિતિ છતા ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ એ વેદવુ વિકટ ઓછું લાગતું નથી, કારણ કે આખની પાસે જમીનની રેતી ઉપડાવવાનુ કાર્ય થવારૂપ થાય છે તે જેમ દુ ખે—અત્યાત દુ ખે—થવુ વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામરૂપ થવા બરાબર છે. સુગમપણાએ સ્થિત ચિત્ત હોવાથી વેદનાને સમ્યક્‌પ્રકારે વેદે છે, અખડ સમાધિ-પણે વેદે છે આ વાત લખવાનો આશય તો એમ છે જે આવા ઉત્કૃષ્ટ વૈરાગ્યને વિષે આવો ઉપાધિજોગ વેદવાનો જે પ્રસંગ છે, તેને કેવો ગણવો? અને આ બધું શા અર્થે કરવામાં આવે છે? જાણતા છતા તે મૂકી કેમ દેવામા આવતો નથી? એ બધુ વિચારવા યોગ્ય છે

ઉપાધિવેદન તે નેત્ર પાસે રેતી ઉપડાવવા જેવું વિકટ

'ઈશ્વરેચ્છા' જેમ હશે તેમ થશે વિકલ્પ કરવાથી ખેદ થાય; અને તે તો જ્યાંસુધી તેની ઈચ્છા હોય ત્યાંસુધી તે પ્રકારે જ પ્રવર્તો. સમ રહેવું યોગ્ય છે બીજી તો કઈ સ્પૃહા નથી, કોઈ પ્રારબ્ધરૂપ સ્પૃહા પણ નથી, સત્તારૂપ કોઈ પૂર્વે ઉપાર્જિત કરેલી ઉપાધિરૂપ સ્પૃહા તે તો અનુક્રમે સવેદન કરવી છે એક સત્સગ ની સ્પૃહા વર્તે છે રુચિમાત્ર સમાધાન પામી છે એ આશ્ચર્યરૂપ વાત કયા કહેવી? આશ્ચર્ય થાય છે. આ જે દેહ મળ્યો તે પૂર્વે કોઈવાર મળ્યો ન હો તો, ભવિષ્યકાળે પ્રાપ્ત થવો નથી ધન્યરૂપ—કૃતાર્થરૂપ એવા જે અમે તેને વિષે આ ઉપાધિજોગ જોઈ લોકમાત્ર ભૂલે એમા આશ્ચર્ય નથી, અને પૂર્વે જે સત્પુરુષનું ઓળખાણ પડ્યું નથી, તો તે આવા યોગનાં કારણથી છે વધારે લખવુ સૂઝતુ નથી

સત્સગસ્પૃહા

રુચિમાત્રનું સમાધાન

[૪૦૪] [મુંબઈ, ભાદરવા સુદ ૧૦, ગુરુ, ૧૯૪૮]

સસારકાળથી તે અત્ર ક્ષણ સુધીમા તમ પ્રત્યે કોઈ પણ પ્રકારનો અવિનય, અભક્તિ, અસત્કાર કે તેવા બીજા અન્ય પ્રકાર સબધી કોઈ પણ અપરાધ મન, વચન, કાયાના પરિણામથી થયો હોય તે સર્વ અત્યત નમ્રપણે, તે સર્વ અપરાધોના અત્યંત લયપરિણામરૂપ આત્મસ્થિતિએ કરી હુ સર્વ પ્રકારે કરી ક્ષમાવુ છુ, અને તે ક્ષમાવવાને યોગ્ય છું તમને કોઈપણ પ્રકારે તે અપરાધાદિનો અનુપયોગ હોય તો પણ અત્યાતપણે અમારી તેવી પૂર્વકાળ સબંધીની કોઈ પ્રકારે પણ સભાવના જાણી અત્યતપણે ક્ષમા આપવા યોગ્ય આત્મસ્થિતિ કરવા અત્ર ક્ષણ લઘુત્વપણે વિનંતી છે

અન્ય પ્રત્યે ક્ષમાપના

[૪૨૪] [મુબઈ, કારતક વદ ૧૨, ૧૯૪૯]

'પુનર્જન્મ છે—જરૂર છે એ માટે 'હુ' અનુભવથી હા કહેવામા અચળ છુ' એ વાકય પૂર્વભવના કોઈ જોગનુ સ્મરણ થતી વખતે સિદ્ધ થયેલુ લખ્યુ છે જેને, પુનર્જન્માદિ ભાવ કર્યા છે, તે 'પદાર્થ'ને કોઈ પ્રકારે જાણીને તે વાકય લખાયુ છે

પુનર્જન્મપ્રતીતિ –પૂર્વભવજોગનું સ્મરણ

[૪૨૫] [મુબઈ, માગશર વદ ૯, સોમ, ૧૯૪૯]

ઉપાધિ વેદવા માટે જોઈતુ કઠિનપણુ મારામા નથી, એટલે ઉપાધિથી અત્યંત નિવૃત્તિની ઇચ્છા રહ્યા કરે, તથાપિ ઉદયરૂપ જાણી તે યથાશક્તિ સહન થાય છે

પરમાર્થનુ દુ ખ મટયા છતા સંસારનુ પ્રાસગિક દુ ખ રહ્યા કરે છે, અને તે દુ:ખ પોતાની ઇચ્છાદિના કારણનુ નથી, પણ બીજાની અનુકપા તથા ઉપકારાદિના કારણનુ રહે છે, અને તે વિટંબના વિષે ચિત્ત ક્યારેક ક્યારેક વિશેષ ઉદ્વેગ પામી જાય છે આટલા લેખ ઉપરથી તે ઉદ્વેગ સ્પષ્ટ નહીં સમજાય એ ઉદ્વેગ સિવાય બીજુ કંઈ દુ ખ સંસારપ્રસગનું પણ જણાતુ

પરમાર્થદુ:ખ મટ્યું–અનુકપાદિ કારણે સંસારદુ:ખ

નથી જેટલા પ્રકારના સંસારના પદાર્થો છે, તે સર્વમાં જો અસ્પૃહાપણું હોય અને ઉદ્વેગ રહેતો હોય તો તે અન્યની અનુકંપા કે ઉપકાર કે તેવા કારણનો હોય એમ મને નિશ્ચયપણે લાગે છે એ ઉદ્વેગને લીધે ક્યારેક ચક્ષુમાં આંસુ આવી જાય છે, અને તે બધા કારણને પ્રત્યે વર્તવાનો માર્ગ તે અમુક અંશે પરતન્ત્ર દેખાય છે એટલે સમાન ઉદાસીનતા આવી જાય છે.

દેહદુઃખે શોચ નહીં પણ આત્મ-અજ્ઞાને

જ્ઞાનીના માર્ગનો વિચાર કરતા જણાય છે કે કોઈ પણ પ્રકારે મૂર્ચ્છાપાત્ર આ દેહ નથી, તેને દુઃખે શોચવા યોગ્ય આ આત્મા નથી. આત્માને આત્મ—અજ્ઞાને શોચવું એ સિવાય બીજો શોચ તેને ઘટતો નથી

[ ૪૩૯ ] [મુંબઈ, ચૈત્ર સુદ ૬, ૧૯૪૯]

ઉપાધિનો જોગ વિશેષ રહે છે જેમ જેમ નિવૃત્તિના જોગની વિશેષ ઇચ્છા થઈ આવે છે, તેમ તેમ ઉપાધિની પ્રાપ્તિનો જોગ વિશેષ દેખાય છે. ચારે બાજુથી ઉપાધિનો ભીડો છે. કોઈ એવી બાજુ અત્યારે જણાતી નથી કે અત્યારે જ એમાંથી છૂટી ચાલ્યા જવુ હોય તો કોઈનો અપરાધ કર્યો ન ગણાય છૂટવા જતાં કોઈના મુખ્ય અપરાધમા આવી જવાનો સ્પષ્ટ સભવ દેખાય છે, અને આ વર્તમાન અવસ્થા ઉપાધિરહિતપણાને અત્યત યોગ્ય છે, પ્રારબ્ધની વ્યવસ્થા એવી પ્રબધ કરી હશે.

અન્યનો અપરાધ ન થવા અર્થે ઉપાધિ વેદવી

[ ૫૯૦ ] [ મુંબઈ, ચૈત્ર વદ ૧૪, ૧૯૫૧ ]

ચારિત્ર...દશાસંબંધી અનુપ્રેક્ષા કરવાથી જીવમાં સ્વસ્થતા ઉત્પન્ન થાય છે તે વિચારે કરી ઉત્પન્ન થયેલી ચારિત્ર પરિણામસ્વભાવરૂપ સ્વસ્થતા વિના જ્ઞાન અફળ છે, એવો જિનનો અભિમત તે અવ્યાબાધ્ર સત્ય છે તે સબંધી અનુપ્રેક્ષા ઘણી વાર રહ્યા છતાં ચંચળ પરિણતિનો હેતુ એવો ઉપાધિયોગ તીવ્ર ઉદયરૂપ હોવાથી ચિત્તમા ઘણુંકરી ખેદ જેવું રહે છે, અને

તીવ્ર ઉદયથી ખેદ, શિથિલતા

તે ખેદથી શિથિલતા ઉત્પન્ન થઈ વિશેષ જણાવવાનું થઈ શકતુ નથી. બાકી કઈ જણાવવા વિષે તો ચિત્તમા ઘણી વાર રહે છે.

[૪૪૪] [મુંબઈ, ચૈત્ર વદ ૦)), રવિ, ૧૯૪૯]

સસારીપણે વસતા કઈ સ્થિતિએ વર્તીએ તો સારું, એમ કદાપિ ભાસે, તોપણ તે વર્તવાનું પ્રારબ્ધાધીન છે કોઈ પ્રકારનુ કંઈ રાગ, દ્વેષ કે અજ્ઞાનના કારણથી જે ન થતું હોય, તેનું કારણ ઉદય જણાય છે

પ્રવૃત્તિ નિરૂપાયે વેદવી

જળમાં સ્વાભાવિક શીતળપણુ છે, પણ સૂર્યાદિના તાપને યોગે ઉષ્ણપણાને તે ભજતું દેખાય છે, તે તાપનો યોગ મટયેથી તે જ જળ શીતળ જણાય છે, વચ્ચે શીતળપણાથી રહિત તે જળ જણાય છે, તે તાપના યોગથી છે એમ આ પ્રવૃત્તિજોગ અમને છે, પણ અમારો તે પ્રવૃત્તિ વિષે હાલ તો વેદ્યા સિવાય અન્ય ઉપાય નથી

[૪૪૯] [મુંબઈ, જેઠ સુદ ૧૧, શુક્ર, ૧૯૪૯]

ઉપાધિ છતાં અવ્યાબાધ સ્થિતિમા સ્વાસ્થ્ય

જે પ્રવૃત્તિ અત્ર ઉદયમા છે તે બીજે દ્વારેથી ચાલ્યા જતા પણ ન છોડી શકાય એવી છે, વેદવાયોગ્ય છે, માટે તેને અનુસરીએ છીએ, તથાપિ અવ્યાબાધ સ્થિતિને વિષે જેવું ને તેવું સ્વાસ્થ્ય છે અમે સત્સંગની તથા નિવૃત્તિની કામના રાખીએ છીએ .અમે અલ્પારંભને, અલ્પ પરિગ્રહને વ્યવહારમા બેઠા પ્રારબ્ધનિવૃત્તિરૂપે ઈચ્છીએ છીએ

[૪૫૦] [મુંબઈ, જેઠ સુદ ૧૫, ૧૯૪૯]

સમ્યગ્દષ્ટિપણું હોવું

અમારા વિષે માર્ગાનુસારીપણું કહેવું ઘટતું નથી અજ્ઞાનયોગીપણું તો આ દેહ ધર્યો ત્યારથી જ નહીં હોય એમ જણાય છે સમ્યગ્દષ્ટિપણુ તો જરૂર સભવે છે કોઈ પ્રકારનો સિદ્ધિજોગ અમે ક્યારે પણ સાધવાનો આખી જિંદગીમા અલ્પ પણ વિચાર કર્યો સાભરતો નથી, એટલે સાધને કરી તેવો જોગ પ્રગટયો હોય એવું જણાતુ નથી આત્માના વિશુદ્ધ-

પણાના કારણે જો કંઈ તેવું ઐશ્વર્ય હોય તો તેનું નહીં હોવાપણું કહી શકાતું નથી તે ઐશ્વર્ય કેટલેક અંશે સંભવે છે, તથાપિ આ પત્ર લખતી વખતે એ ઐશ્વર્યની સ્મૃતિ થઈ છે, નહીં તો ઘણા કાળ થયા તેમ થવું સ્મરણમાં નથી, તો પછી તે સ્ફુરિત કરવા વિષેની ઇચ્છા ક્યારેય થઈ હોય એમ કહી

દુઃખ કેટલું છે? શકાય નહીં, એ સ્પષ્ટ વાર્તા છે તમે અમે કંઈ દુઃખી નથી. જે દુઃખ છે તે રામના ચૌદ વર્ષના દુઃખનો એક દિવસ પણ નથી પાંડવના તેર વર્ષના દુઃખની એક ઘડી નથી, અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી, તો પછી અમને એ અત્યંત કારણ ક્યારેય જણાવું સંભવતું નથી

[૪૫૩] [મુંબઈ, પ્ર અષાડ વદ ૩, રવિ, ૧૯૪૯]

સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું—સત્સંગજળ-તૃષા

પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકા ખાતા ખાતા સંસાર સમુદ્ર માંડ તરવા દે છે, તથાપિ સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે, અને ઉતાપ ઉત્પન્ન થઈ સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે, અને એ જ દુઃખ લાગ્યા કરે છે

એમ છતાં પણ આવો વ્યવહાર ભજતાં દ્વેષપરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી; એવો જે સર્વ જ્ઞાની પુરુષોનો અભિપ્રાય તે, તે વ્યવહાર પ્રાયે સમતાપણે કરાવે છે આત્મા તેને વિષે જાણે કંઈ કરતો નથી, એમ લાગ્યા કરે છે આ જે ઉપાધિ ઉદયવતી છે, તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે

બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતાની ભાવના

મનમાં અમને એમ રહ્યા કરે છે કે અલ્પકાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પ કાળમાં બને એવું સૂઝતું

નથી, અને જ્યાસુધી તેમ ન થાય ત્યાસુધી તે ચિંતના મટવી સંભવતી નથી બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવુ છે બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે, અને કષ્ટે પણ તે વિશેષ કાળની સ્થિતિમાંથી અલ્પકાળમા વેદી શકાય નહીં એવા છે, અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ કોઈ દ્રવ્યમા, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમા, કોઈ ભાવમા સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે ક્યાય દેખાતો નથી કેવળ સર્વ પ્રકારનુ તેમાથી અપ્રતિબદ્ધપણુ જ યોગ્ય છે, તથાપિ નિવૃત્તિક્ષેત્ર, અને નિવૃત્તિકાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે તે જોગ કોઈ પ્રકારે પણ જેમ બને તેમ થોડા કાળમા થાય તે જ ચિંતનામાં અહોરાત્ર વર્તીએ છીએ

મૂર્ખપેઠે વ્યવહાર ભજવો

નિવૃત્તિક્ષેત્ર, નિવૃત્તિકાળ, સત્સંગ, આત્મવિચારમાં પ્રતિબંધ રુચિ

[ ૪૫૫ ] [ મુંબઈ, પ્ર અસાડ વદ ૧૩, ૧૯૪૯ ]

અનુકૂળતા, પ્રતિકૂળતાના કારણમા વિષમતા નથી સત્સંગના કામી જનને આ ક્ષેત્ર વિષમ જેવુ છે કોઈ કોઈ ઉપાધિ જોગનો અનુક્રમ અમને પણ રહ્યા કરે છે એ બે કારણ તરફની વિસ્મૃતિ કરતા ઘણુ જે ઘરમા રહેવાનુ છે તેની કેટલીક પ્રતિકૂળતા છે

અવિષમતા—સત્સંગનો અભાવ

[ ૪૫૬ ] [ મુબઈ, પ્ર અસાડ વદ ૧૪, બુધ, ૧૯૪૯ ]

ઘણુ કરીને પ્રાણીઓ આશાથી જીવે છે જેમ જેમ સજ્ઞા વિશેષ હોય છે તેમ તેમ વિશેષ આશાના બળથી જીવવુ થાય છે. એક માત્ર જ્યા આત્મવિચાર અને આત્મજ્ઞાનનો ઉદ્‌ભવ થાય છે, ત્યા સર્વ પ્રકારની આશાની સમાધિ થઈ જીવના સ્વરૂપથી જિવાય છે જે કોઈ પણ મનુષ્ય ઇચ્છે છે, તે ભવિષ્યમા તેની પ્રાપ્તિ ઇચ્છે છે, અને તે પ્રાપ્તિની ઇચ્છારૂપ આશાએ તેની કલ્પનાનુ જીવવુ છે, અને તે કલ્પના ઘાણું કરી કલ્પના જ રહ્યા કરે છે, જો તે કલ્પના જીવને ન હોય અને

આત્મજ્ઞાન ઉદ્‌ભવ્યે આશારહિત જીવવું

જ્ઞાન પણ ન હોય તો તેની દુ:ખકારક ભયંકર સ્થિતિ અકથ્ય હોવી સંભવે છે

[ ૪૬૧ ] [ મુંબઈ, શ્રાવણ સુદ ૪, મંગલ, ૧૯૪૯ ]

સંસારપ્રસંગમાં મંદતા

કોઈ જીવ સામાન્ય મુમુક્ષુ થાય છે, તેને પણ આ સંસારના પ્રસંગમાં પ્રવર્તવા પ્રત્યયીનું વીર્ય મંદ પડી જાય છે, તો અમને તે પ્રત્યયી ઘણી મંદતા વર્તે તેમાં આશ્ચર્ય લાગતું નથી, તથાપિ કોઈ પૂર્વે પ્રારબ્ધ ઉપાર્જન થવાનો એવો જ પ્રકાર હશે કે જેથી તે પ્રસંગમાં પ્રવર્તવાનું રહ્યા કરે પણ તે કેવું રહ્યા કરે છે? કે જે ખાસ સંસારસુખની ઇચ્છાવાળા હોય તેને પણ તેવું કરવું ન પોષાય, એવું રહ્યા કરે છે જો કે એ વાતનો ખેદ યોગ્ય નથી, અને ઉદાસીનતા જ ભજીએ છીએ, તથાપિ તે કારણે એક બીજો ખેદ ઉત્પન્ન થાય છે, તે એ કે સત્સંગ, નિવૃત્તિનું

સત્સંગ-વિયોગની મૂંઝવણ

અપ્રધાનપણું રહ્યા કરે છે, અને પરમ રુચિ છે જેને વિષે એવું આત્મજ્ઞાન અને આત્મવાર્તા તે કોઈ પણ પ્રકારની ઇચ્છા વિના ક્વચિત્ ત્યાગ જેવા રાખવા પડે છે આત્મજ્ઞાન વેદક હોવાથી મૂંઝવતું નથી, પણ આત્મવાર્તાનો વિયોગ તે મુંઝવે છે.

[ ૪૧૪ ] [ મુંબઈ, આસો, ૧૯૪૮ ]

સર્વ કર્તવ્ય વિષે ઉદાસીનતા–

સર્વ પ્રકારના કર્તવ્યને વિષે ઉદાસીન એવા અમારાથી કંઈ થઈ શકતું હોય તો તે એક જ થઈ શકે છે કે પૂર્વોપાર્જિતનું સમતાપણે વેદન કરવું, અને જે કંઈ કરાય છે તે તેના આધારે કરાય છે એમ વર્તે છે અમને એમ આવી જાય છે

અપ્રતિબદ્ધપણું

કે અમે, જે અપ્રતિબદ્ધપણે રહી શકીએ એમ છીએ, છતાં સંસારના બાહ્ય પ્રસંગને, અંતર પ્રસંગને કુટુંબાદિ સ્નેહને ભજવા ઇચ્છતા નથી, તો તમ જેવા માર્ગેચ્છાવાનને તે ભજવાને અત્યંત ત્રાસ અહોરાત્ર કેમ નથી છૂટતો? કે જેને પ્રતિબદ્ધપણારૂપ ભયંકર યમનું સહચારીપણું વર્તે છે

[ ૪૬૫ ] [ મુબઈ, શ્રાવણ વદ ૫, ૧૯૪૯ ]

આજ દિવસ પર્યંતમા ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યુ છે અને જો ભગવત્કૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમા માથુ ધડ ઉપર રહેવુ કઠણ થાય, એમ થતા થતાં ઘણીવાર જોયું છે, અને આત્મસ્વરૂપ જેણે જાણ્યું છે એવા પુરુષને અને આ સસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે — તીવ્ર ઉપાધિયોગ

જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચળ ઉપયોગે વર્તતા વર્તતાં ક્વચિત્ પણ મદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે આત્મસ્વરૂપ સંબધી બોધનો તો જોકે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધના વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ, અને તે તે જોગે હૃદયમા અને મુખમા મધ્યમાવાચાએ પ્રભુનુ નામ રાખી માડ કંઈ- પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી, પણ બોધનાં વિશેષ પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે, અને તેથી ઘણીવાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો, તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાની- પુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુઝવણ સમાપ્ત થતી હતી — આવરણરૂપ સંસારરચના; સમ્યક્ત્વવિષે અભ્રાંતિ; આકુળવ્યાકુળ-તાના પ્રસગે સમ-પરિણતિ

આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાંસુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે "આત્મા આત્મા," તેનો વિચાર, જ્ઞાનીપુરુષની સ્મૃતિ, તેનાં માહાત્મ્યની કથા—વાર્તા, — 'આત્મા,' 'જ્ઞાની,' 'ભક્તિ' એ જ રટણ

તે પ્રત્યે અત્યત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ

પૂર્વકાળનાજ્ઞાનીઓના પ્રસંગોની સ્મૃતિ

પૂર્વ કાળમા જે જે જ્ઞાની પુરુષના પ્રસગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે, તે ક્ષેત્ર અત્યત ધન્ય છે, તે શ્રવણને, શ્રવણના કર્તાને, અને તેમા ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે તે આત્મસ્વરુપમા ભક્તિ, ચિતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી અથવા જ્ઞાનીના શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ અખડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યત આતુરતા રહ્યા કરે છે, અને બીજી બાજુથી આવા ક્ષેત્ર, આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ અને બીજા બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્છાવત્ થાય છે ઈશ્વરેચ્છા !

ઉપાધિજોગ આદિમા મૂર્છાવત્ અવસ્થા

[૪૬૯] [મુબઈ, ભાદરવા વદ ૦)) ૧૯૪૯]

સ્વ-પરમાં સમદૃષ્ટિ

જેવી દૃષ્ટિ આ આત્મા પ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે જેવો સ્નેહ આ આત્મા પ્રત્યે છે તેવો સ્નેહ સર્વ આત્મા પ્રત્યે વર્તે છે જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઈચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્મા પ્રત્યે ઈચ્છીએ છીએ જે જે આ આત્મા માટે ઈચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઈચ્છીએ છીએ જેવો આ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવો જ સર્વ દેહ પ્રત્યે ભાવ રાખીએ છીએ જેવો સર્વ દેહ પ્રત્યે વર્તવાનો પ્રકાર રાખીએ છીએ, તેવો જ આ દેહ પ્રત્યે પ્રકાર વર્તે છે આ દેહમા વિશેષ–બુદ્ધિ અને બીજા દેહ પ્રત્યે વિષમ–બુદ્ધિ ઘણું કરીને ક્યારેય થઈ શકતી નથી જે સ્ત્રીઆદિનો સ્વપણે સંબધ ગણાય છે, તે સ્ત્રીઆદિ પ્રત્યે જે કઈ સ્નેહાદિક છે, અથવા સમતા છે, તેવા જ પ્રાયે સર્વ પ્રત્યે વર્તે છે આત્મારૂપપણાના કાર્યે માત્ર પ્રવર્તન હોવાથી જગતના સર્વ પદાર્થ પ્રત્યે

જેમ ઉદાસીનતા વર્તે છે, તેમ સ્વપણે ગણાતા સ્ત્રીઆદિ પદાર્થો પ્રત્યે વર્તે છે

જગતના પદાર્થ પ્રત્યે ઉદાસીનતા

પ્રારબ્ધપ્રબંધે સ્ત્રીઆદિ પ્રત્યે જે કંઈ ઉદય હોય તેથી વિશેષ વર્તના ઘણું કરીને આત્માથી થતી નથી કદાપિ કરુણાથી કંઈ તેવો વિશેષ વર્તના થતી હોય તો તેવી તે જ ક્ષણે તેવા ઉદય-પ્રતિબદ્ધ આત્માઓ પ્રત્યે વર્તે છે, અથવા સર્વ જગત પ્રત્યે વર્તે છે કોઈ પ્રત્યે કંઈ વિશેષ કરવું નહીં, કે ન્યૂન કરવું નહીં, અને કરવું તો તેવું એકધારાનું વર્તન સર્વ જગત પ્રત્યે કરવું એવું જ્ઞાન આત્માને ઘણા કાળ થયા દૃઢ છે, નિશ્ચયસ્વરૂપ છે કોઈ સ્થળે ન્યૂનપણું, વિશેષપણું, કે કંઈ તેવી સમવિષમ ચેષ્ટાએ વર્તવું દેખાતું હોય તો જરૂર તે આત્મસ્થિતિએ, આત્મ-બુદ્ધિએ થતું નથી, એમ લાગે છે પૂર્વપ્રબંધી પ્રારબ્ધના યોગે કંઈ તેવું ઉદયભાવપણે થતું હોય તો તેને વિષે પણ સમતા છે કોઈ પ્રત્યે ઓછાપણું, અધિકપણું કંઈ પણ આત્માને રુચતું નથી, ત્યાં પછી બીજી અવસ્થાનો વિકલ્પ હોવા યોગ્ય નથી સૌથી અભિન્નભાવના છે, જેટલી યોગ્યતા જેની વર્તે છે, તે પ્રત્યે તેટલી અભિન્નભાવની સ્ફુર્તિ થાય છે, કવચિત્ કરુણાબુદ્ધિથી વિશેષ સ્ફુર્તિ થાય છે, પણ વિષમ-પણાથી કે વિષય, પરિગ્રહાદિ કારણપ્રત્યયથી તે પ્રત્યે વર્તવાનો કંઈ આત્મામા સંકલ્પ જણાતો નથી અવિકલ્પરૂપ સ્થિતિ છે વિશેષ શું કહીએ ? અમારે કંઈ અમારું નથી, કે બીજાનું નથી, કે બીજું નથી, જેમ છે તેમ છે જેમ સ્થિતિ આત્માની છે, તેવી સ્થિતિ છે સર્વ પ્રકારની વર્તના નિષ્કપટપણાથી ઉદયની છે, સમવિષમતા નથી. સહજાનંદ સ્થિતિ છે જ્યા તેમ હોય ત્યા અન્ય પદાર્થમા આસક્તબુદ્ધિ ઘટે નહીં, હોય નહીં

સર્વપ્રત્યે સમ-પરિણામી વર્તન

અન્ય પદાર્થમા અનાસક્તિ

[૪૧૪] [મુંબઈ, આસો, ૧૯૪૮]

જે કંઈ ઉપાધિ કરાય છે, તે કંઈ 'સ્વપણાને' કારણે કરવામા આવતી નથી, તેમ કરાતી નથી જે કારણે કરાય છે, તે કારણ

પ્રારબ્ધકર્મ કારણે ઉપાધિ-વેદન

અનુક્રમે વેદવા યોગ્ય એવું પ્રારબ્ધકર્મ છે જે કંઈ ઉદય આવે તે અવિસવાદ પરિણામે વેદવુ એવુ જે જ્ઞાનીનું બોધન છે તે અમારે વિષે નિશ્ચળ છે, એટલે તે પ્રકારે વેદીએ છીએ, તથાપિ ઇચ્છા તો એમ રહે છે કે અલ્પકાળને વિષે, એક સમયને વિષે જો તે ઉદય અસત્તાને પામતો હોય તો અમે આ બધામાથી ઊઠી ચાલ્યા જઈએ, એટલી આત્માને મોકળાશ વર્તે છે તથાપિ 'નિદ્રાકાળ,' ભોજનકાળ તથા અમુક છૂટકકાળ સિવાય ઉપાધિનો પ્રસગ રહ્યા કરે છે, અને કંઈ ભિન્નાતર થતું નથી, તો પણ આત્મોપયોગ કોઈ પ્રસગે પણ અપ્રધાનપણુ ભજતો જોવામાં આવે છે, અને તે પ્રસગે મૃત્યુના શોકથી અત્યત અધિક શોક થાય છે, એમ નિ:સંદેહ છે

આત્મોપયોગના અપ્રધાનપણામા અત્યંત શોક

એમ હોવાથી અને ગૃહસ્થપ્રત્યયી પ્રારબ્ધ જ્યા સુધી ઉદયમા વર્તે ત્યા સુધીમા 'સર્વથા' અયાચકપણાને ભજતુ ચિત્ત રહેવામા જ્ઞાનીપુરુષોનો માર્ગ રહેતો હોવાથી આ ઉપાધિ ભજીએ છીએ જો તે માર્ગની ઉપેક્ષા કરીએ તો પણ જ્ઞાનીને વિરાધીએ નહીં એમ છે, છતા ઉપેક્ષા થઈ શકતી નથી જો ઉપેક્ષા કરીએ તો ગૃહસ્થપણું પણ વનવાસીપણે ભજાય એવો આકરો વૈરાગ્ય વર્તે છે

ગૃહસ્થપણામા વનવાસ જેવો આકરો વૈરાગ્ય

[ ૪૯૧ ] [ મુંબઈ, ફાગણ, ૧૯૫૦ ]

સર્વ પ્રકારની ઉપાધિ, આધિ, વ્યાધિથી મુક્તપણે વર્તતા હોઈએ તો પણ સત્સગને વિષે રહેલી ભક્તિ તે અમને મટવી દુર્લભ જણાય છે સત્સગનુ સર્વોત્તમ અપૂર્વપણુ અહોરાત્ર એમ અમને વસ્યા કરે છે, તથાપિ ઉદયજોગ પ્રારબ્ધથી તેવો અતરાય વર્તે છે ઘણુ કરી કોઈ વાતનો ખેદ 'અમારા' આત્માને વિષે ઉત્પન્ન થતો નથી, તથાપિ સત્સગના અતરાયનો ખેદ અહોરાત્ર ઘણુ કરી વર્ત્યા કરે છે 'સર્વભૂમિઓ, સર્વ માણસો, સર્વ કામો, સર્વ વાતચીતાદિ પ્રસગો અજાણ્યા જેવા,

સત્સંગ-અંતરાય-નો ખેદ

સાવ પરના, ઉદાસીન જેવા, અરમણીય, અમોહકર અને રસરહિત સ્વાભાવિકપણે ભાસે છે' માત્ર જ્ઞાનીપુરુષો, મુમુક્ષુ-પુરુષો, કે માર્ગાનુસારી પુરુષોનો સત્સંગ તે જાણીતો, પોતાનો, પ્રીતિકર, સુંદર, આકર્ષનાર અને રસસ્વરૂપ ભાસે છે એમ હોવાથી અમારું મન ઘણું કરી અપ્રતિબદ્ધપણું ભજતું ભજતું તમ જેવા માર્ગેચ્છાવાન પુરુષોને વિષે પ્રતિબદ્ધપણું પામે છે (મુમુક્ષુ માર્ગાનુસારીના સત્સંગમાં રુચિ)

[ ૪૦૦ ] [ મુંબઈ, શ્રાવણ વદ, ૧૯૪૮ ]

ચિત્તને વિષે જેવું આ ઉપાધિયોગ આરાધીએ છીએ ત્યારથી મુક્તપણું વર્તે છે, તેવું મુક્તપણું અનુપાધિપ્રસંગમા પણ વર્તતુ નહોતું; એવી નિશ્ચળદશા...એકધારાએ વર્તી આવી છે. (ઉપાધિ ત્યાગથી ત્યારથી મુક્ત-પણું)

[ ૪૧૫ ] [ મુંબઈ, આસો, ૧૯૪૮ ]

કોઈપણ જાતના અમારા આત્મિક બંધનને લઈને અમે સંસારમા રહ્યા નથી સ્ત્રી જે છે તેનાથી પૂર્વે બંધાયલું ભોગ-કર્મ નિવૃત્ત કરવું છે કુટુંબ છે તેનુ પૂર્વનુ કરેલું કરજ આપી નિવૃત્ત થવા અર્થે રહ્યા છીએ . તે સિવાયના જે જે કંઈ પ્રસંગ છે તે તેની અંદર સમાઈ જાય છે તનને અર્થે, ધનને અર્થે, ભોગને અર્થે, સુખને અર્થે, સ્વાર્થને અર્થે કે કોઈ જાતના આત્મિક બંધનથી અમે સંસારમા રહ્યા નથી આવો જે અંતરંગનો ભેદ તે જે જીવને નિકટપણે મોક્ષ વર્તતો ન હોય તે જીવ કેમ સમજી શકે? (સ્ત્રી-કુટુંબાદિકના પૂર્વનિબંધનાર્થે સંસાર) (અંતરંગભેદ કોણ સમજી શકે?)

દુ:ખના ભયથી પણ સંસારમા રહેવું રાખ્યું છે, એમ નથી માન–અપમાનનો તો કંઈ ભેદ છે, તે નિવૃત્ત થઈ ગયો છે

વિચારવાન પુરુષને કેવળ કલેશરૂપે ભાસે છે એવો આ સંસાર તેને વિષે હવે ફરી આત્મભાવે જન્મવાની નિશ્ચલ (આત્મભાવે ફરી)

જન્મવાની નિશ્ચલ પ્રતિજ્ઞા

પ્રતિજ્ઞા છે ત્રણે કાળને વિષે હવે પછી આ સસારનુ સ્વરૂપ અન્યપણે ભાસ્યમાન થવા યોગ્ય નથી અને ભાસે એવું ત્રણે કાળને વિષે સંભવતુ નથી

[ ૪૭૯ ] [ મુંબઈ, માગસર સુદ ૩, સોમ, ૧૯૫૦ ]

વાણીનુ સયમન વ્યવહારમાં કલેશરૂપ

વાણીનુ સયમન શ્રેયરૂપ છે, તથાપિ વ્યવહારનો સબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવળ તેવુ સાયમન રાખ્યે પ્રસંગમા આવતા જીવોને ક્લેશનો હેતુ થાય, માટે બહુ કરી સપ્રયોજન સિવાયમા સયમન રાખવુ થાય, તો તેનુ પરિણામ કોઈ પ્રકારે શ્રેયરૂપ થવુ સભવે છે. "જીવનુ મૂઢપણુ ફરી ફરી, ક્ષણે ક્ષણે, પ્રસગે-પ્રસગે વિચારવામા જો સચેતપણુ ન રાખવામા આવ્યુ તો આવો જોગ બન્યો તે પણ વૃથા છે"

[ ૪૮૨ ] [ મુંબઈ, પોષ વદ ૧૪, રવિ, ૧૯૫૦ ]

હાલ વિશેષપણે કરી લખવાનું થતુ નથી તેમા, ઉપાધિ કરતા ચિત્તનુ સક્ષેપપણુ વિશેષ કારણરૂપે છે (ચિત્તનું ઇચ્છારૂપમા કઈ પ્રવર્તન થવુ સક્ષેપ પામે, ન્યૂન થાય તે સક્ષેપપણુ અત્રે લખ્યું છે ) અમે એમ વેદુ છે કે, જ્યા કઈ પણ પ્રમત્ત દશા હોય છે ત્યા જગતપ્રત્યયી કામનો આત્માને વિષે અવકાશ ઘટે છે જ્યા કેવળ અપ્રમત્તતા વર્તે છે, ત્યા આત્મા સિવાય બીજા કોઈપણ ભાવનો અવકાશ વર્તે નહીં, જો કે તીર્થકરાદિક સપૂર્ણ એવુ જ્ઞાન પામ્યા પછી કોઈ જાતની દેહક્રિયાએ સહિત દેખાવાનુ બન્યું છે, તથાપિ આત્મા, એ ક્રિયાનો અવકાશ પામે તો જ કરી શકે એવી ક્રિયા કોઈ તે જ્ઞાન પછી હોઈ શકે નહીં, અને તો જ ત્યાં સપૂર્ણ જ્ઞાન ટકે, એવો અસદેહ જ્ઞાનીપુરુષોનો નિર્ધાર છે, એમ અમને લાગે છે જ્વરાદિ રોગમાં કંઈ સ્નેહ જેમ ચિત્તને નથી થતો, તેમ આ ભાવોને વિષે પણ વર્તે છે, લગભગ સ્પષ્ટ વર્તે છે, અને તે પ્રતિબંધના રહિતપણાનો વિચાર થયા કરે છે

પ્રમત્ત અપ્રમત્ત દશામા વેદેલી સ્થિતિ

[ ૪૮૫ ] [ મુંબઈ, ફાગણ સુદ ૪, રવિ, ૧૯૫૦ ]

હાલ દોઢથી બે માસ થયા ઉપાધિના પ્રસગમા વિશેષ વિશેષ કરી સસારનુ સ્વરૂપ વેદાયું છે એવા જો કે પૂર્વે ઘણા પ્રસગ વેદ્યા છે, તથાપિ જ્ઞાને કરી ઘણુ કરી વેદ્યા નથી. આ દેહ અને તે પ્રથમનો બોધબીજહેતુવાળો દેહ તેમા થયેલું વેદન તે મોક્ષકાર્યે ઉપયોગી છે

બોધબીજવાળા પૂર્વદેહનુ વેદન મોક્ષકાર્યે ઉપયોગી

[ ૪૯૦ ] [ મુંબઈ, ફાગણ વદ ૧૧, રવિ, ૧૯૫૦ ]

ઉપાધિ મટાડવાના બે પ્રકારથી પુરુષાર્થ થઈ શકે, એક તો કોઈ પણ વ્યાપારાદિ કાર્યથી, બીજો પ્રકાર વિદ્યા, મત્રાદિ સાધનથી. જો કે એ બન્નેમા અતરાય ત્રુટવાનો સભવ પ્રથમ જીવને હોવો જોઈએ પ્રથમ દર્શાવેલો પ્રકાર કોઈ રીતે બને તો કરવામા અમને હાલ પ્રતિબધ નથી, પણ બીજા પ્રકારને વિષે તો કેવળ ઉદાસીનતા જ છે, અને એ પ્રકાર સ્મરણમા આવવાથી પણ ચિત્તમાં ખેદ થઈ આવે છે, એવી તે પ્રકાર પ્રત્યે નિરિચ્છા છે જેટલી આકુળતા છે તેટલો માર્ગનો વિરોધ છે, એમ જ્ઞાની પુરુષો કહી ગયા છે

ઉપાધિ મટાડવાના પ્રકારમા, નિરિચ્છા

[ ૫૦૦ ] [ મુંબઈ, વૈશાખ સુદ ૯, રવિ, ૧૯૫૦ ]

અત્રે ઉપાધિરૂપ વ્યવહાર વર્તે છે ઘણુ કરી આત્મસમાધિની સ્થિતિ રહે છે તોપણ તે વ્યવહારના પ્રતિબધથી છૂટવાનું વારવાર સ્મૃતિમા આવ્યા કરે છે, તે પ્રારબ્ધની નિવૃત્તિ થતા સુધી તો વ્યવહારનો પ્રતિબધ રહેવો ઘટે છે, માટે સમચિત્ત થઈ સ્થિતિ રહે છે

ઉપાધિરૂપ વ્યવહારમા સમચિત્ત સ્થિતિ

અમારા વિષે અદેશો સહેજે ઉત્પન્ન થાય એવો વ્યવહાર પ્રારબ્ધવશાત્ અમને ઉદયમા વર્તે છે અને તેવા વ્યવહારનો ઉદય દેખી ઘણુ કરી ધર્મસબધી સગમા અમે લૌકિક, લોકોત્તર પ્રકારે ભળવાપણુ કર્યું નથી, કે જેથી લોકોને આ વ્યવહારનો

અંદેશો ઉત્પન્ન થાય તેવો પ્રારબ્ધપ્રકાર

દુષમકાળમા દેહજોગના કારણે ખેદ

અમારો પ્રસગ વિચારવાનો પ્રસંગ ઓછો આવે. તમને અથવા શ્રી ૦૦૮ ને અથવા કોઈ બીજા મુમુક્ષુને કોઈ પ્રકારની કઈ પણ પરમાર્થની વાર્તા કરી હોય તેમા માત્ર પરમાર્થ સિવાય બીજો કોઈ હેતુ નથી. વિષમ અને ભયકર આ સસારનુ સ્વરૂપ જોઈ તેની નિવૃત્તિ વિષે અમને બોધ થયો જે બોધ વડે જીવમા શાતિ આવી, સમાધિદશા થઈ, તે બોધ આ જગતમા કોઈ અનત પુણ્યજોગે જીવને પ્રાપ્ત થાય છે, એમ મહાત્મા પુરુષો ફરી ફરી કહી ગયા છે આ દુષમકાળને વિષે અધકાર પ્રગટી બોધના માર્ગને આવરણ પ્રાપ્ત થયા જેવુ થયુ છે, તે કાળમા અમને દેહજોગ બન્યો, તે કોઈ રીતે ખેદ થાય છે, તથાપિ પરમાર્થથી તે ખેદ પણ સમાધાન રાખ્યા કર્યો છે, પણ તે દેહજોગમા કોઈ કોઈ વખત મુમુક્ષુ પ્રત્યે વખતે લોકમાર્ગનો પ્રતિકાર ફરી ફરી કહેવાનુ થાય છે.

[ ૫૦૪ ] [ મુબઈ, વૈશાખ, ૧૯૫૦ ]

અનિચ્છાએ વ્યવહાર વેદવો

મનનો, વચનનો તથા કાયાનો વ્યવસાય ધારીએ તે કરતા હમણા વિશેષ વર્ત્યા કરે છે વ્યવસાયનુ બહોળાપણુ ઈચ્છવામા આવતુ નથી, તથાપિ પ્રાપ્ત થયા કરે છે અને એમ જણાય છે કે કેટલાક પ્રકારે તે વ્યવસાય વેદવા યોગ્ય છે, કે જેના વેદનથી ફરી તેનો ઉત્પત્તિયોગ મટશે, નિવૃત્તિ થશે. કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામા આવે તોપણ તે નિરોધરૂપ ક્લેશને લીધે આત્મા આત્માપણે વિસ્રસા પરિણામ જેવો પરિણમી શકે નહીં, એમ લાગે છે. માટે તે વ્યવસાયની જે અનિચ્છાપણે પ્રાપ્તિ થાય તે વેદવી, એ કોઈ પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે

દ્રવ્ય, ક્ષેત્ર, કાળની પ્રતિકૂળતા

કાળ એવો છે ક્ષેત્ર ઘણુ કરી અનાર્ય જેવુ છે, ત્યાં સ્થિતિ છે, પ્રસગ, દ્રવ્યકાળાદિ કારણથી સરળ છતા, લોક-સજ્ઞાપણે ગણવા ઘટે છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના

આલબન વિના નિરાધારપણે જેમ આત્માપણુ ભજાય તેમ ભજે છે બીજો શો ઉપાય?

[ ૫૦૮ ] [ મુંબઈ, જેઠ સુદ ૧૪, રવિ, ૧૯૫૦ ]

ચિત્તમા ઉપાધિના પ્રસગ માટે વારવાર ખેદ થાય છે જે, આવો ઉદય જો આ દેહમાં ઘણા વખત સુધી વર્ત્યા કરે તો સમાધિ-દશાએ જે લક્ષ છે તે લક્ષ એમ ને એમ અપ્રધાનપણે રાખવો પડે, અને જેમા અત્યંત અપ્રમાદયોગ ઘટે છે, તેમા પ્રમાદયોગ જેવું થાય કદાપિ તેમ નહીં તોપણ આ સસારને વિષે કોઈ પ્રકાર રુચિ-યોગ્ય જણાતો નથી, પ્રત્યક્ષ રસરહિત એવુ સ્વરૂપ દેખાય છે, તેને વિષે જરૂર સદ્વિચારવાન જીવને અલ્પ પણ રુચિ થાય નહીં, એવો નિશ્ચય વર્તે છે વારવાર સસાર ભયરૂપ લાગે છે ભય-રૂપ લાગવાનો બીજો કોઈ હેતુ જણાતો નથી, માત્ર એમા શુદ્ધ એવું આત્મસ્વરૂપ અપ્રધાન રાખી વર્તવુ થાય છે તેથી મોટો ત્રાસ વર્તે છે, અને નિત્ય છૂટવાનો લક્ષ રહે છે, તથાપિ હજુ તો અંતરાય સભવે છે, અને પ્રતિબધ પણ રહ્યા કરે છે, તેમજ તેને અનુસરતા બીજા અનેક વિકલ્પથી ખારા લાગેલા આ સસારને વિષે પરાણે સ્થિતિ છે

સંસારસ્વરૂપ રસરહિત ભાસવું

સંસારમા પરાણે સ્થિતિ

[ ૫૧૨ ] [ મોહમયી, અસાડ સુદ ૧૫, ભોમ, ૧૯૫૦ ]

વ્યાપાર સબધી પ્રયોજન રહે છે તેથી તરતમા થોડા વખત માટે પણ નીકળી શકવુ દુર્લભ છે કારણ કે પ્રસગ એવો છે કે જેમા મારા વિદ્યમાનપણાની અવશ્ય પ્રસગના લોકો ગણે છે તેમનુ મન ન દુભાઈ શકે, અથવા તેમના કામને અત્રેથી મારા દૂર થવાથી કોઈ બળવાન હાનિ ન થઈ શકે એવો વ્યવસાય થાય તો તેમ કરી થોડો વખત આ પ્રવૃત્તિથી અવકાશ લેવાનુ ચિત્ત છે, તથાપિ તમારી તરફ આવવાથી લોકોના પરિચયમા જરૂર કરી આવવાનુ થાય એ સભવિત હોવાથી તે તરફ આવવાનુ ચિત્ત થવુ મુશ્કેલ છે લોકોના પરિચયમાં આવા

ધર્મપ્રસંગમાં લોકપરિચયનો ત્યાગ

પ્રસગ રહ્યા છતા, ધર્મપ્રસગે આવવુ થાય તે વિશેષ અદેશા-યોગ્ય જાણી જેમ બને તેમ તે પરિચયથી ધર્મપ્રસંગને નામે દૂર રહેવાનુ ચિત્ત વિશેષપણે રહ્યા કરે છે.

[ ૫૧૪ ] [ મુંબઈ, શ્રાવણ સુદ ૧૪, બુધ, ૧૯૫૦ ]

વ્યવસાય અસાર જાણ્યો

નિ સારપણું અત્યતપણે જાણ્યા છતા, વ્યવસાયનો પ્રસગ આત્મવીર્યને કંઈ પણ મદતાનો હેતુ થાય છે, તે છતા તે વ્યવસાય કરીએ છીએ આત્માથી ખમવા યોગ્ય નહીં તે ખમીએ છીએ.

[ ૫૧૭ ] [ મુંબઈ, શ્રાવણ વદ ૭, ૧૯૫૦ ]

અપ્રતિબદ્ધ દશા-સત્સંગ-રુચિ

જ્ઞાની પુરુષોએ અપ્રતિબદ્ધપણાને પ્રધાન માર્ગ કહ્યો છે, અને સર્વથી અપ્રતિબદ્ધ દશાને વિષે લક્ષ રાખી પ્રવૃત્તિ છે, તો પણ સત્સગાદિને વિષે હજી અમને પણ પ્રતિબદ્ધબુદ્ધિ રાખવાનુ ચિત્ત રહે છે.

[ ૫૨૧ ] [ મુંબઈ, શ્રાવણ, ૧૯૫૦ ]

ઘણુ કરીને જે કોઈ મુમુક્ષુઓને સમાગમ થયો છે તેમને દશા વિષે થોડે ઘણે અશે પ્રતીતિ છે તથાપિ જો કોઈને પણ સમા-ગમ ન થયો હોત તો વધારે યોગ્ય હતુ અત્રે જે કાઈ વ્યવહાર ઉદયમા વર્તે છે તે વ્યવહારાદિ આગળ ઉપર ઉદયમા આવવા યોગ્ય છે એમ જાણી તથા ઉપદેશ વ્યવહારનો ઉદય પ્રાપ્ત ન થયો હોય ત્યાં સુધી અમારી દશા વિષે તમ વગેરેને જે કઈ સમજાયુ હોય તે પ્રકાશ ન કરવા માટે જણાવવામા મુખ્ય કારણ એ હતુ અને છે

અપ્રગટ રહેવા દેવાની ઇચ્છા

[ ૫૨૦ ] [ મુંબઈ, શ્રાવણ વદ ০)), ગુરુ, ૧૯૫૦ ]

માર્ગ પ્રકાશ-વામાં પ્રમાદ, માન, આદિનો અસભવ

જે બળવાન કારણો પ્રભાવના હેતુને અવરોધક છે, તેમાં અમારો કઈ પણ બુદ્ધિપૂર્વક પ્રમાદ હોય એમ કોઈ રીતે સભવતું નથી તેમજ અવ્યક્તપણે એટલે નહીં જાણવામા છતા સહેજે

જીવથી થયા કરતો હોય એવો પ્રમાદ હોય એમ પણ જણાતુ નથી, તથાપિ કોઈ અંશે તે પ્રમાદ સભવમા લેખતા પણ તેથી અવરોધકપણુ હોય એમ લાગી શકે એમ નથી, કારણ કે આત્માની નિશ્ચયવૃત્તિ તેથી અસન્મુખ છે લોકોમા તે પ્રવૃત્તિ કરતા માનભગ થવાનો પ્રસગ આવે તો તે માનભગ પણ સહન ન થઈ શકે એમ હોવાથી પ્રભાવના હેતુની ઉપેક્ષા કરવામા આવતી હોય એમ પણ લાગતુ નથી કારણ કે તે માનામાન વિષે ચિત્ત ઘણુ કરી ઉદાસીન જેવું છે, અથવા તે પ્રકારમા ચિત્તને વિશેષ ઉદાસીન કર્યુ હોય તો થઈ શકે એમ છે

શબ્દાદિ વિષયોમાં વિરસપણું

શબ્દાદિ વિષયો પ્રત્યેનુ કોઈ બળવાન કારણ પણ અવરોધક હોય એમ જણાતું નથી કેવળ તે વિષયોનો ક્ષાયકભાવ છે એમ જો કે કહેવા પ્રસગ નથી, તથાપિ તેમા વિરસપણુ બહુપણે ભાસી રહ્યું છે ઉદયથી પણ ક્યારેક મદ રુચિ જન્મતી હોય તો તે પણ વિશેષ અવસ્થા પામ્યા પ્રથમ નાશ પામે છે, અને તે મદરુચિ વેદતા પણ આત્મા ખેદમા જ રહે છે, એટલે તે રુચિ અનાધાર થતી જતી હોવાથી બળવાન કારણરૂપ નથી

બળવાન પ્રભાવક દશા

બીજા કેટલાક પ્રભાવક થયા છે, તે કરતા કોઈ રીતે વિચારદશાદિનુ બળવાનપણુ પણ હશે, એમ લાગે છે કે તેવા પ્રભાવક પુરુષો આજે જણાતા નથી, અને માત્ર ઉપદેશકપણે નામ જેવી પ્રભાવનાએ પ્રવર્તતા કોઈ જોવામાં, સાંભળવામા આવે છે, તેમના વિદ્યમાનપણાને લીધે અમને કઈ અવરોધકપણું હોય એમ પણ જણાતુ નથી.

[૫૨૩] [મુબઈ, ભાદરવા સુદ ૪, સોમ, ૧૯૫૦]

જીવોની અજ્ઞાનદશા પરત્વે જુગુપ્સા

અનેક જીવોની અજ્ઞાનદશા જોઈ, વળી તે જીવો કલ્યાણ કરીએ છીએ અથવા આપણુ કલ્યાણ થશે, એવી ભાવનાએ કે ઇચ્છાએ અજ્ઞાનમાર્ગ પામતા જોઈ તે માટે અત્યત કરુણા છૂટે છે, અને કોઈ પણ પ્રકારે આ મટાડવા યોગ્ય છે એમ થઈ

આવે છે, અથવા તેવો ભાવ ચિત્તમા એમ ને એમ રહ્યા કરે છે, તથાપિ તે થવાયોગ્ય હશે તે પ્રકારે થશે, અને જે સમય પર તે પ્રકાર હોવાયોગ્ય હશે તે સમયે થશે, એવો પણ પ્રકાર ચિત્તમા રહે છે, કેમકે તે કરુણાભાવ ચિંતવતાં ચિંતવતા આત્મા બાહ્ય-માહાત્મ્યને ભજે એમ થવા દેવા યોગ્ય નથી, અને હજુ કઈક તેવો ભય રાખવો યોગ્ય લાગે છે. બેય પ્રકારને હાલ તો ઘણું કરી નિત્ય વિચારવામાં આવે છે, તથાપિ બહુ સમીપમાં તેનુ પરિણામ આવવાનો સંભવ જણાતો નહીં હોવાથી બનતાં-સુધી તમને લખ્યું કે કહ્યું નથી તમારી ઇચ્છા થવાથી વર્તમાન જે સ્થિતિ છે, તે એ સબંધમા સંક્ષેપે લખી છે, અને તેથી તમને કોઈ પણ પ્રકારે ઉદાસ થવુ ઘટતુ નથી, કેમકે અમને વર્તમાનમા તેવો ઉદય નથી, પણ અમારાં આત્મપરિણામ તે ઉદયને અલ્પકાળમા મટાડવા ભણી છે, એટલે તે ઉદયની કાળસ્થિતિ કોઈ પણ પ્રકારે વધારે બળવાનપણે વેદવાથી ઘટતી હોય તો તે ઘટાડવા વિષે વર્તે છે બાહ્ય માહાત્મ્યની ઈચ્છા આત્માને ઘણા વખત થયાં નહીં જેવી જ થઈ ગઈ છે, એટલે બુદ્ધિ બાહ્ય માહાત્મ્ય ઘણું કરી ઈચ્છતી જણાતી નથી, એમ છે, તથાપિ બાહ્ય માહાત્મ્યથી જીવ સહેજ પણ પરિ-ણામભેદ ન પામે એવી સ્વાસ્થ્યામાં કંઈક ન્યૂનતા કહેવી ઘટે છે, અને તેથી જે કઈ ભય રહે છે તે રહે છે, જે ભયથી તરતમાં મુક્તપણું થશે એમ જણાય છે

(બાહ્ય માહાત્મ્યની અનિચ્છા)

[૪૯૫] [મુંબઈ, ચૈત્ર વદ ૧૧, ભોમ, ૧૯૫૦]

(પત્રાદિ લખતાં અટકી જવું)

કોઈ 'પ્રમાદદોષ' જેવો કંઈ પ્રસંગદોષ વર્તે છે, કે જેને લીધે કઈ પણ પરમાર્થવાત લખવા સંબંધમાં ચિત્ત મુઝાઈ, લખતા સાવ અટકવુ થાય છે તેમ જ જે કાર્યપ્રવૃત્તિ છે, તે કાર્ય-પ્રવૃત્તિમા અને અપરમાર્થ પ્રસંગમાં ઉદાસીન બળ યથાયોગ્ય જાણે મારાથી થતુ નથી, એમ લાગી આવી પોતાના દોષ-

વિચારમા પડી જઈ પત્ર લખવું અટકી જાય છે . ચિત્તમા ખેદ થાય છે, અને મારા ચિત્તની વ્યવસ્થા જોતા મને પણ એમ થાય છે કે મને કોઈ પણ પ્રકારે આ વ્યવસાય ઘટતો નથી, અવશ્ય ઘટતો નથી જરૂર—અત્યત જરૂર—આ જીવનો કોઈ પ્રમાદ છે, નહીં તો પ્રગટ જાણ્યુ છે એવું જે ઝેર તે પીવાને વિષે જીવની પ્રવૃત્તિ કેમ હોય ? અથવા એમ નહીં તો ઉદાસીન પ્રવૃત્તિ હોય, તો પણ તે પ્રવૃત્તિયે હવે તો કોઈ પ્રકારે પણ પરિસમાપ્તપણુ ભજે એમ થવાયોગ્ય છે, નહી તો જરૂર જીવનો કોઈ પણ પ્રકારે દોષ છે. વ્યવસાય પ્રત્યક્ષ ઝેરરૂપ જાણવા છતા કરવો

વધારે લખવાનુ થઈ શકતું નથી, એટલે ચિત્તમા ખેદ થાય છે, નહી તો પ્રગટપણે કોઈ મુમુક્ષુને આ જીવના દોષ પણ જેટલા બને તેટલા પ્રકારે વિદિત કરી જીવનો તેટલો તો ખેદ ટાળવો, અને તે વિદિત દોષની પરિસમાપ્તિ માટે તેનો સંગરૂપ ઉપકાર ઈચ્છવો સ્વદોષ જણાવી ખેદ ટાળવા વૃત્તિ

વારવાર મને મારા દોષ માટે એમ લાગે છે કે જે દોષનુ બળ પરમાર્થથી જોતા મે કહ્યુ છે, પણ બીજા આધુનિક જીવોના દોષ આગળ મારા દોષનુ અત્યત અલ્પપણુ લાગે છે, જો કે એમ માનવાની કઈ બુદ્ધિ નથી, તથાપિ સ્વભાવે એમ કઈ લાગે છે, છતા કોઈ વિશેષ અપરાધીની પેઠે જ્યાસુધી અમે આ વ્યવહાર કરીએ છીએ ત્યાસુધી અમારા આત્મામાં લાગ્યા કરીશુ

[૩૬૬] [મુબઈ, વૈશાખ સુદ ૧૨, રવિ, ૧૯૪૮]

મનમા વારવાર વિચારથી નિશ્ચય થઈ રહ્યો છે કે કોઈ પણ પ્રકારે ઉપયોગ ફરી અન્યભાવમા પોતાપણું થતું નથી, અને અખડ આત્મધ્યાન રહ્યા કરે છે, એવી જે દશા તેને વિષે વિકટ ઉપાધિજોગનો ઉદય એ આશ્ચર્યકારક છે, હાલમાં તો થોડી ક્ષણની નિવૃત્તિ માડ રહે છે, અને પ્રવૃત્તિ કરી શકે એવી આત્મધ્યાનમા અખડ ઉપયોગ

યોગ્યતાવાળુ તો ચિત્ત નથી, અને હાલ તેવી પ્રવૃત્તિ કરવી એ કર્તવ્ય છે, તો ઉદાસપણે તેમ કરીએ છીએ, મન ક્યાય બાઝતુ નથી, અને કઈ ગમતુ નથી, તથાપિ હાલ હરિઈચ્છા આધીન છે

નિરુપમ એવુ જે આત્મધ્યાન, તીર્થકરાદિકે કર્યુ છે, તે પરમ આશ્ચર્યકારક છે તે કાળ પણ આશ્ચર્યકારક હતો વધારે શુ કહેવુ ? 'વનની મારી કોયલ'ની કહેવત પ્રમાણે આ કાળમા અને આ પ્રવૃત્તિમા અમે છીએ

[ ૮૨૩ ] [ આણુદ, પોષ વદ ૧૩, ગુરુ, ૧૯૫૪]

અવિષમભાવની ઇચ્છા

અવિષમભાવ વિના અમને પણ અબાધપણા માટે બીજો કોઈ અધિકાર નથી મૌનપણુ ભજવાયોગ્ય માર્ગ છે.

[ ૫૪૭ ] [ મોહમયી ક્ષેત્ર, માગશર વદ ૮, બુધ, ૧૯૫૧ ]

અન્યના સમાધાન અર્થે વ્યવહાર

અત્રેથી નિવર્તવા પછી ઘણુ કરી વવાણીયા એટલે આ ભવના જન્મગામમા સાધારણ વ્યાવહારિક પ્રસગે જવાનુ કારણ છે ચિત્તમાં ઘણા પ્રકારે તે પ્રસગથી છૂટી શકવાનુ વિચારતા છૂટી શકાય તેમ પણ બને, તથાપિ કેટલાક જીવોને અલ્પ કારણમા વિશેષ અસમાધાન વખતે થવાનો સભવ રહે; જેથી અપ્રતિબધભાવને વિશેષ દૃઢ કરી જવાનો વિચાર રહે છે છતાં, બને ત્યાસુધી વચ્ચે બેએક મહિના એકાત જેવો નિવૃત્તિજોગ બને તો તેમ કરવાની ઇચ્છા રહે છે, અને તે જોગ અપ્રતિબધપણે થઈ શકે તે માટે વિચારુ છુ

અપ્રતિબંધ અસંગભાવ રહેવો

સર્વ વ્યવહારથી નિવૃત્ત થયા વિના ચિત્ત ઠેકાણે બેસે નહીં એવો અપ્રતિબંધ અસગભાવ ચિત્તે બહુ વિચાર્યો હોવાથી તે જ પ્રવાહમા રહેવુ થાય છે પણ ઉપાર્જિત પ્રારબ્ધ નિવૃત્ત થયે તેમ બની શકે એટલો પ્રતિબધ પૂર્વકૃત છે, આત્માની ઇચ્છાનો પ્રતિબધ નથી સર્વસામાન્ય લોકવ્યવહારની નિવૃત્તિ સંબંધી પ્રસંગનો વિચાર બીજે પ્રસંગે જણાવવો રાખી, આ ક્ષેત્રેથી નિવર્તવા વિષે વિશેષ અભિપ્રાય રહે છે, તે પણ ઉદય આગળ

બનતુ નથી તોપણ અહોનિશ એ જ ચિંતન રહે છે, તો તે વખતે થોડા કાળમા બનશે એમ રહે છે આ ક્ષેત્ર પ્રત્યે કંઈ દ્વેષપરિણામ નથી, તથાપિ સગનુ વિશેષ કારણ છે પ્રવૃત્તિના પ્રયોજન વિના અત્રે રહેવું કંઈ આત્માને તેવા લાભનું કારણ નથી એમ જાણી, આ ક્ષેત્રથી નિવર્તવાનો વિચાર રહે છે. પ્રવૃત્તિ પણ નિજબુદ્ધિથી પ્રયોજનભૂત કોઈપણ પ્રકારે લાગતી નથી, તથાપિ ઉદય પ્રમાણે વર્તવાનો જ્ઞાનીનો ઉપદેશ અંગીકાર કરી ઉદય વેદવા પ્રવૃત્તિ જોગ વેદીએ છીએ.

મુબઈથી નિવર્ત-વાની ઇચ્છા

ઉદય વેદવા પ્રવૃત્તિ

જ્ઞાને કરીને આત્મામા ઉત્પન્ન થયેલો એવો નિશ્ચય બદલતો નથી, કે સર્વસગ મોટા આસ્રવ છે, ચાલતા, જોતાં, પ્રસગ કરતા, સમય માત્રમા નિજભાવને વિસ્મરણ કરાવે છે, અને તે વાત કેવળ પ્રત્યક્ષ જોવામા આવી છે, આવે છે, અને આવી શકે તેવી છે, તેથી અહોનિશ તે મોટા આસ્રવરૂપ એવા સર્વસગમાં ઉદાસપણુ રહે છે, અને તે દિવસ દિવસ પ્રત્યે વધતા પરિણામને પામ્યા કરે છે, તે તેથી વિશેષ પરિણામને પામી સર્વસંગથી નિવૃત્તિ થાય એવી અનન્ય કારણયોગે ઇચ્છા રહે છે

સર્વસગમા ઉદાસપણું

[ ૫૫૩ ] [ મુંબઈ, પોષ સુદ ૧, શુક્ર ૧૯૫૧ ]

જે પ્રકારે અસગતાએ, આત્મભાવ સાધ્ય થાય તે પ્રકારે પ્રવર્તવુ એ જ જિનની આજ્ઞા છે આ ઉપાધિરૂપ વ્યાપારાદિ પ્રસાગથી નિવર્તવા વારવાર વિચાર રહ્યા કરે છે તથાપિ તેનો અપરિપક્વ કાળ જાણી, ઉદયવશે વ્યવહાર કરવો પડે છે પણ ઉપર કહી છે એવી જિનની આજ્ઞા તે ઘણુ કરી વિસ્મરણ થતી નથી.

ઉપાધિથી નિવર્ત-વાના કાળની અપરિપક્વતા

[ ૫૫૮ ] [ મુબઈ, પોષ વદ ૯, શનિ, ૧૯૫૧ ]

ચિત્તની વ્યવસ્થા યથાયોગ્ય નહીં હોવાથી ઉદયપ્રારબ્ધ વિના બીજા સર્વ પ્રકારમા અસગપણુ રાખવુ યોગ્ય લાગે છે, તે એટલે સુધી કે જેમનો ઓળખાણ પ્રસંગ છે તેઓ પણ હાલ

ચિત્તની અવ્યવસ્થા

ભૂલી જાય તો સારું, કેમકે સગથી ઉપાધિ નિષ્કારણ વધ્યા કરે છે, અને તેવી ઉપાધિ સહન કરવા યોગ્ય એવું હાલ મારું ચિત્ત નથી નિરુપાયતા સિવાય કંઈ પણ વ્યવહાર કરવાનું હાલ ચિત્ત હોય એમ જણાતું નથી, અને જે વ્યાપાર વ્યવહારની નિરુપાયતા છે, તેથી પણ નિવૃત્ત થવાની ચિંતના રહ્યા કરે છે તેમ ચિત્તમા બીજાને બોધ કરવા યોગ્ય એટલી મારી યોગ્યતા હાલ મને લાગતી નથી, કેમકે જ્યા સુધી સર્વ પ્રકારનાં

સમવૃત્તિ થયે આત્મજ્ઞાન પ્રકાશણ

વિષમ સ્થાનકોમા સમવૃત્તિ ન થાય ત્યાં સુધી યથાર્થ આત્મજ્ઞાન કહ્યું જતુ નથી, અને જ્યા સુધી તેમ હોય ત્યાં સુધી તો નિજ અભ્યાસની રક્ષા કરવી ઘટે છે, અને હાલ તે પ્રકારની મારી સ્થિતિ હોવાથી હુ આમ વર્તું છુ તે ક્ષમાયોગ્ય છે, કેમકે મારા ચિત્તમાં અન્ય કોઈ હેતુ નથી

[ ૫૬૯ ] [ મુંબઈ, ફાગણ વદ ૩, ૧૯૫૧ ]

ઉપાધિથી છૂટવાની આર્તિ— તેમાં શિથિલતા

હવે આ ઉપાધિકાર્યથી છૂટવાની વિશેષ વિશેષ આર્ત્તિ થયા કરે છે, અને છૂટવા વિના જે કંઈપણ કાળ જાય છે તે, આ જીવનું શિથિલપણું જ છે, એમ લાગે છે, અથવા એવો નિશ્ચય રહે છે

જનકાદિ ઉપાધિમા રહ્યા છતા આત્મસ્વભાવમા વસતા હતા એવા આલબન પ્રત્યે ક્યારેય બુદ્ધિ થતી નથી શ્રી જિન જેવા જન્મત્યાગી પણ છોડીને ચાલી નીકળ્યા એવા ભયના હેતુરૂપ ઉપાધિયોગની નિવૃત્તિ આ પામર જીવ કરતાં કરતા કાળ વ્યતીત કરશે તો અશ્રેય થશે, એવો ભય જીવના ઉપયોગ પ્રત્યે પ્રવર્તે છે, કેમકે એમ જ કર્તવ્ય છે

નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ અને જેમ તે કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ જો કે એમ લાગે છે કે તે વિચાર અને જાપ હજી તથારૂપ નથી, શિથિલ છે, માટે અત્યંત વિચાર અને તે જાપને ઉગ્રપણે આરાધવાનો અલ્પકાળમા યોગ કરવો ઘટે છે, એમ વર્ત્યા કરે છે

[ ૫૮૨ ] [ મુંબઈ, ચૈત્ર વદ ૮, ૧૯૫૧ ]

લોકોને અદેશો પડે એવી જાતનો બાહ્ય વ્યવહારનો ઉદય છે અને તેવા વ્યવહાર સાથે બળવાન નિર્ગ્રંથપુરુષ જેવો ઉપદેશ કરવો તે, માર્ગનો વિરોધ કરવા જેવુ છે, અને એમ જાણીને તથા તેના જેવા બીજા કારણોનું સ્વરૂપ વિચારી ઘણું કરીને લોકોને અદેશાનો હેતુ થાય તેવા પ્રસગમા મારુ આવવુ થતુ નથી વખતે ક્યારેક કોઈ સમાગમમા આવે છે, અને કંઈ સ્વાભાવિક કહેવા કરવાનુ થાય છે, એમાં પણ ચિત્તની ઇચ્છિત પ્રવૃત્તિ નથી પૂર્વે યથાસ્થિત વિચાર કર્યા વિના, જીવે પ્રવૃત્તિ કરી તેથી આવા વ્યવહારનો ઉદય પ્રાપ્ત થયો છે, જેથી ઘણીવાર ચિત્તામાં શોચ રહે છે, પણ યથા-સ્થિત સમપરિણામે વેદવુ ઘટે છે એમ જાણી, ઘણુંકરી તેવી પ્રવૃત્તિ રહે છે વળી આત્મદશા વિશેષ સ્થિર થવા અસગપણામા લક્ષ રહ્યા કરે છે આ વ્યાપારાદિ ઉદય વ્યવહારથી જે જે સગ થાય છે, તેમાં ઘણુંકરી અસંગ-પરિણામવત્ પ્રવૃત્તિ થાય છે, કેમકે તેમા સારભૂતપણુ કઈ લાગતુ નથી પણ જે ધર્મવ્યવહારના પ્રસાગમાં આવવુ થાય ત્યાં, તે પ્રવૃત્તિ પ્રમાણે વર્તવુ ઘટે નહીં તેમ બીજો આશય વિચારી પ્રવૃત્તિ કરવામા આવે તો તેટલુ સમર્થપણુ હાલ નથી, તેથી તેવા પ્રસગમા ઘણુ કરીને મારુ આવવુ ઓછુ થાય છે, અને એ ક્રમ ફેરવવાનું ચિત્તામાં હાલ બેસતુ નથી

(હાંસિયામાં: અદેશારૂપ બાહ્ય વ્યવહાર-તેથી ઉપદેશ ન કરવો; અવિચારી પ્રવૃત્તિથી વ્યવ-હાર-ઉદય; વ્યાપારાદિ ઉદ-યમાં અસંગ પરિણામવત્ પ્રવૃત્તિ)

[ ૫૮૩ ] [ મુબઈ, ચૈત્ર વદ ૧૧, શુક્ર, ૧૯૫૧ ]

એક આત્મપરિણતિ સિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્તે છે, અને તેવું અવ્યવસ્થિત-પણુ લોકવ્યવહારથી પ્રતિકૂળ હોવાથી લોકવ્યવહાર ભજવો ગમતો નથી, અને તજવો બનતો નથી; એ વેદના ઘણું કરીને દિવસના આખા ભાગમા વેદવામા આવ્યા કરે છે.

(હાંસિયામાં: આત્મપરિણતિ કારણે વ્યવહાર-દુખ)

ખાવાને વિષે, પીવાને વિષે, બોલવાને વિષે, શયનને વિષે, લખવાને વિષે કે બીજા વ્યાવહારિક કાર્યોને વિષે જેવા જોઈએ તેવા ભાનથી પ્રવર્તાતુ નથી, અને તે પ્રસગો રહ્યા હોવાથી આત્મપરિણતિને સ્વતત્ર પ્રગટપણે અનુસરવામા વિપત્તિ આવ્યા કરે છે, અને તે વિષેનુ ક્ષણે ક્ષણે દુ ખ રહ્યા કરે છે

અચલિત આત્મસ્વરૂપે રહેવાની ચિત્તેચ્છા

અચલિત આત્મરૂપે રહેવાની સ્થિતિમા જ ચિત્તેચ્છા રહે છે, અને ઉપર જણાવ્યા પ્રસંગોની આપત્તિને લીધે કેટલોક તે સ્થિતિનો વિયોગ રહ્યા કરે છે; અને તે વિયોગ માત્ર પરેચ્છાથી રહ્યો છે, સ્વેચ્છાના કારણથી રહ્યો નથી, એ એક ગભીર વેદના ક્ષણે ક્ષણે થયા કરે છે

સ્મૃતિ, વાણી, લેખનશક્તિમા મંદતા-ઉદાસીનતા

આ જ ભવને વિષે અને થોડા જ વખત પહેલા વ્યવહારને વિષે પણ સ્મૃતિ તીવ્ર હતી તે સ્મૃતિ હવે વ્યવહારને વિષે ક્વચિત જ, મંદપણે પ્રવર્તે છે થોડા જ વખત પહેલાં, એટલે થોડાં વર્ષો પહેલાં વાણી ઘણુ બોલી શકતી, વક્તાપણે કુશળતાથી પ્રવર્તી શકતી, તે હવે મંદપણે અવ્યવસ્થાથી પ્રવર્તે છે થોડા વર્ષ પહેલા, થોડા વખત પહેલા લેખનશક્તિ અતિ ઉગ્ર હતી, આજે શું લખવુ તે સૂઝતા સૂઝતા દિવસના દિવસ વ્યતીત થઈ જાય છે, અને પછી પણ જે કઈ લખાય છે, તે ઇચ્છેલુ અથવા યોગ્ય વ્યવસ્થાવાળું લખાતું નથી, અર્થાત્ એક આત્મપરિણામ સિવાય સર્વ બીજાં પરિણામને વિષે ઉદાસીનપણુ વર્તે છે, અને જે કંઈ કરાય છે તે જેવા જોઈએ તેવા ભાનના સોમા અંશથી પણ નથી થતું જેમ તેમ અને જે તે કરાય છે લખવાની પ્રવૃત્તિ કરતાં વાણીની પ્રવૃત્તિ કઈક ઠીક છે

[ ૫૮૬ ] [ મુબઈ, ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૫૧ ]

પ્રારબ્ધોદય ભોગવ્યે જ છૂટકો

પૂર્ણજ્ઞાની શ્રી ઋષભદેવાદિ પુરુષોને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે ક્ષય થયો છે, તો અમ જેવાને તે પ્રારબ્ધોદય ભોગવવો જ પડે

એમા કંઈ સશગ નથી માત્ર ખેદ એટલો થાય છે કે, અમને આવા પ્રારબ્ધોદયમાં શ્રી ઋષભદેવાદિ જેવી અવિષમતા રહે એટલુ બળ નથી, અને તેથી પ્રારબ્ધોદય છતા વારવાર તેથી અપરિપક્વ કાળે છૂટવાની કામના થઈ આવે છે, કે જો આ વિષમ પ્રારબ્ધોદયમા કંઈ પણ ઉપયોગની યથાતથ્યતા ન રહી તો ફરી આત્મસ્થિરતા થતાં વળી અવસર ગવેષવો જોઈશે, અને પશ્ચાત્તાપપૂર્વક દેહ છૂટશે; એવી ચિંતા ઘણીવાર થઈ આવે છે.

આ પ્રારબ્ધોદય મટી નિવૃત્તિકર્મ વેદવારૂપ પ્રારબ્ધનો ઉદય થવા આશય રહ્યા કરે છે, પણ તે તરતમાં એટલે એકથી દોઢ વર્ષમા થાય એમ તો દેખાતુ નથી, અને પળ પળ જવી કઠણ પડે છે એકથી દોઢ વર્ષ પછી પ્રવૃત્તિકર્મ વેદવારૂપ ઉદય કેવળ પરિક્ષીણ થશે, એમ પણ લાગતું નથી; કંઈક ઉદય વિશેષ મોળો પડશે એમ લાગે છે

પ્રારબ્ધોદયવેદન નિવર્તવામાં હજુ વિલંબ

ત્રણ વર્ષની લગભગથી એવુ વર્તાયા કરે છે, કે પરમાર્થ સબંધી કે વ્યવહાર સંબંધી કંઈપણ લખતા કંટાળો આવી જાય છે, અને લખતા લખતા કલ્પિત જેવું લાગવાથી વારવાર અપૂર્ણ છોડી દેવાનું થાય છે પરમાર્થમા ચિત્ત જે વખતે એકાગ્રવત્ હોય ત્યારે જો પરમાર્થસબંધી લખવાનુ અથવા કહેવાનુ બને તો તે યથાર્થ કહેવાય, પણ ચિત્ત અસ્થિરવત્ હોય, અને પરમાર્થ સબંધી લખવાનું કે કહેવાનુ કરવામા આવે તો તે ઉદીરણા જેવુ થાય, તેમજ અંતર્વૃત્તિનો યથાતથ્ય તેમા ઉપયોગ નહિ હોવાથી તે આત્મબુદ્ધિથી લખ્યું કે કહ્યુ નહીં હોવાથી કલ્પિતરૂપ કહેવાય, જેથી તથા તેવા બીજા કારણોથી પરમાર્થસંબંધી લખવાનું તથા કહેવાનું ઘણું ઓછુ થઈ ગયું છે આ સ્થળે સહજ પ્રશ્ન થશે, કે ચિત્ત અસ્થિરવત્ થઈ જવાનો હેતુ શો છે? પરમાર્થમા જે ચિત્ત વિશેષ એકાગ્રવત્ રહેતુ તે ચિત્ત પરમાર્થમા અસ્થિરવત્ થવાનું કારણ કંઈ પણ જોઈએ જો પરમાર્થ સશયનો હેતુ લાગ્યો હોય, તો તેમ બને,

લખવાની પ્રવૃત્તિમાં મંદતા-ચિત્તની અસ્થિરતા

અથવા કોઈ તથાવિધ આત્મવીર્ય મંદ થવારૂપ તીવ્ર પ્રારબ્ધોદયના બળથી તેમ થાય આ બે હેતુથી પરમાર્થવિચાર કરતાં, લખતા કે કહેતા ચિત્ત અસ્થિરવત્ વર્તે તેમાં પ્રથમ કહ્યો તે હેતુ વર્તવાનો સભવ નથી. માત્ર બીજો હેતુ કહ્યો તે સંભવે છે આત્મવીર્ય મદ થવારૂપ તીવ્ર પ્રારબ્ધોદય હોવાથી તે હેતુ ટાળવાનો પુરુષાર્થ છતા કાળક્ષેપ થયા કરે છે; અને તેવા ઉદય સુધી તે અસ્થિરતા ટળવી કઠણ છે, અને તેથી પરમાર્થસ્વરૂપ ચિત્ત વિના તે સબંધી લખવુ, કહેવુ એ કલ્પિત જેવુ લાગે છે, તોપણ કેટલાક પ્રસંગમાં વિશેષ સ્થિરતા રહે છે વ્યવહાર સબધી કઈપણ લખતા તે અસારભૂત અને સાક્ષાત્ ભ્રાંતિરૂપ લાગવાથી તે સંબંધી જે કઈ લખવુ કે કહેવુ તે તુચ્છ છે, આત્માને વિકળતાનો હેતુ છે, અને જે કઈ લખવુ કહેવું છે તે ન કહ્યુ હોય તો પણ ચાલી શકે એવુ છે, માટે જ્યાસુધી તેમ વર્તે ત્યાંસુધી તો જરૂર તેમ વર્તવુ ઘટે છે, એમ જાણી ઘણી વ્યાવહારિક વાત લખવા, કરવા, કહેવાની ટેવ નીકળી ગઈ છે માત્ર જે વ્યાપારાદિ વ્યવહારમાં તીવ્ર પ્રારબ્ધોદયે પ્રવૃત્તિ છે ત્યા કઈક પ્રવૃત્તિ થાય છે જો કે તેનું પણ યથાર્થપણુ જણાતુ નથી

(વ્યવહાર સબધે કઈ લખી કે કહી ન શકાતુ)

[૫૯૩] [મુબઈ, વૈશાખ સુદ ૧૫, બુધ, ૧૯૫૧]

(વ્યતીત આયુષ્ય માટે શોક)

આ દેહનુ આયુષ્ય પ્રત્યક્ષ ઉપાધિયોગે વ્યતીત થયુ જાય છે એ માટે અત્યત શોક થાય છે, અને તેનો અલ્પકાળમાં જો ઉપાય ન કર્યો તો અમ જેવા અવિચારી પણ થોડા સમજવા

[૫૯૨] [મુંબઈ, વૈશાખ સુદ, ૧૯૫૧]

(આત્મા નિર્વિષય વર્તે એવી ઇચ્છા)

પ્રવૃત્તિ વિરામ પામતી નથી; વિરક્તપણુ ઘણું વર્તે છે વનને વિષે અથવા એકાતને વિષે સહજસ્વરૂપને અનુભવતો એવો આત્મા નિર્વિષય કેવળ પ્રવર્તે એમ કરવામાં સર્વ ઇચ્છા રોકાણી છે

[૬૦૦] [મુંબઈ, જેઠ સુદ ૨, રવિ, ૧૯૫૧]

મને નિવૃત્તિ ઘણું કરી મળી શકે તેમ છે, પણ આ ક્ષેત્ર

સ્વભાવે પ્રવૃત્તિવિશેષવાળુ છે, જેથી નિવૃત્તિક્ષેત્રે જેવો સત્સમાગમથી આત્મપરિણામનો ઉત્કર્ષ થાય, તેવો ઘણુ કરી પ્રવૃત્તિવિશેષક્ષેત્રે થવો કઠણ પડે છે.. કોઈ વખત વિચારવાનને તો પ્રવૃત્તિક્ષેત્રમાં સત્સમાગમ વિશેષ લાભકારક થઈ પડે છે જ્ઞાનીપુરુષની ભીડમાં નિર્મળદશા જોવાનુ બને છે એ આદિ નિમિત્તથી વિશેષ લાભકારક પણ થાય છે પરપરિણતિના કાર્ય કરવાનો પ્રસગ રહે અને સ્વપરિણતિમાં સ્થિતિ રાખ્યા કરવી તે ચૌદમા જિનની સેવા શ્રી આનદઘનજીએ કહી છે તેથી પણ વિશેષ દોહ્યલું છે

નિવૃત્તિક્ષેત્રે સત્સમાગમથી વિશેષ લાભ

જ્ઞાનીપુરુષને નવવાડવિશુદ્ધ બ્રહ્મચર્ય દશા વર્તે ત્યારથી જે સયમ સુખ પ્રગટે છે તે અવર્ણનીય છે ઉપદેશમાર્ગ પણ તે સુખ પ્રગટ્યે પ્રરૂપવાયોગ્ય છે

વિશુદ્ધ બ્રહ્મચર્યથી સયમસુખ

[ ૬૦૬ ] [ મુંબઈ, જેઠ વદ ૫, બુધ, ૧૯૫૧ ]

તીવ્ર વૈરાગ્યવાનને, જે ઉદયના પ્રસગ શિથિલ કરવામાં ઘણીવાર ફળીભૂત થાય છે, તેવા ઉદયના પ્રસગ જોઈ ચિત્તમાં અત્યંત ઉદાસપણું આવે છે

ઉદય પ્રસંગથી ચિત્તમા ઉદાસીનતા

[ ૬૧૯ ] [ મુંબઈ, અસાડ વદ ૧૪, રવિ, ૧૯૫૧ ]

જે પ્રકારે સહજે બની આવે તે કરવા પ્રત્યે પરિણતિ રહે છે, અથવા છેવટે કોઈ ઉપાય ન ચાલે તો બળવાન કારણને બાધ ન થાય તેમ પ્રવર્તવાનુ થાય છે કેટલાક વખતના વ્યાવહારિક પ્રસગના કટાળાથી થોડો વખત પણ નિવૃત્તિથી કોઈ તથારૂપ ક્ષેત્રે રહેવાય તો સારુ, એમ ચિત્તમાં રહ્યા કરતું હતું, તેમ જ અત્રે વધારે વખત સ્થિતિ થવાથી જે દેહના જન્મના નિમિત્તકારણ છે એવા માતાપિતાદિના વચનાર્થે, ચિત્તની પ્રિયતાના અક્ષોભાર્થે, તથા કઈક બીજાઓના ચિત્તની અનુપેક્ષાર્થે પણ થોડા દિવસ વવાણિયે જવાનો વિચાર ઉત્પન્ન થયો હતો તે બન્ને પ્રકાર માટે ક્યારે યોગ થાય તો સારુ, એમ ચિતવ્યાથી કંઈ યથાયોગ્ય સમાધાન થતું નહોતું તે

સહજ પરિણતિએ પ્રવર્તવુ

માતાપિતાદિના ચિત્તની અનુપેક્ષાર્થે વવાણિયે જવુ

માટેના વિચારની સહેજ થયેલી વિશેષતાથી હાલ જે કંઈ વિચારનું અલ્પપણુ સ્થિર થયુ તે તમને જણાવ્યું હતું સર્વ પ્રકારના અસગ લક્ષનો વિચાર અગ્રેથી અપ્રસગ ગણી, દૂર રાખી, અલ્પકાળની અલ્પ અસંગતાનો હાલ કંઈ વિચાર રાખ્યો છે, તે પણ સહજ સ્વભાવે ઉદયાનુસાર થયો છે

[ ૬૨૦ ] [ મુબઈ, અસાડ વદ ૦)), સોમ, ૧૯૫૧ ]

ઉદીરણપ્રવૃત્તિ સંક્ષેપવી

કેટલાક વખત થયા સહજ પ્રવૃત્તિ અને ઉદીરણ પ્રવૃત્તિ એમ વિભાગે પ્રવૃત્તિ વર્તે છે. મુખ્યપણે સહજ પ્રવૃત્તિ વર્તે છે સહજ પ્રવૃત્તિ એટલે પ્રારબ્ધોદયે ઉદ્ભવ થાય તે, પણ જેમા કર્તવ્ય પરિણામ નહીં. બીજી ઉદીરણ પ્રવૃત્તિ જે પરાર્થાદિ યોગે કરવી પડે તે હાલ બીજી પ્રવૃત્તિ થવામા આત્મા સક્ષેપ થાય છે કેમકે અપૂર્વ એવા સમાધિયોગને તે કારણથી પણ પ્રતિબધ થાય છે, એમ સાભળ્યું હતું તથા જાણ્યુ હતુ, અને હાલ તેવુ સ્પષ્ટાર્થે વેદ્યુ છે તે તે કારણોથી વધારે સમાગમમા આવવાનુ, પત્રાદિથી કઈ પણ પ્રશ્નોત્તરાદિ જણાવવાનુ, તથા બીજા પ્રકારે પરમાર્થાદિ લખવા કરવાનું પણ સક્ષેપ થવાના પર્યાયને આત્મા ભજે છે એવા પર્યાયને ભજ્યા વિના અપૂર્વ સમાધિને હાનિ સભવતી હતી એમ છતા પણ થવાયોગ્ય એવી સક્ષેપ પ્રવૃત્તિ થઈ નથી

[ ૬૨૧ ] [ મુંબઈ, અસાડ વદ ૦)), સોમ ૧૯૫૧ ]

અવિરતિરૂપ ઉદય કારણે અપ્રગટ રહેવું

આ આત્મા સબધી હાલ કઈ પ્રસગ ચર્ચિત થવા દેવા યોગ્ય નથી, કેમકે અવિરતિરૂપ ઉદય હોવાથી ગુણવ્યક્તવ્ય હોય તો પણ લોકોને ભાસ્યમાન થવુ કઠણ પડે, અને તેથી વિરાધના થવાનો કઈ પણ હેતુ થાય, તેમજ પૂર્વ મહાપુરુષના અનુક્રમનું ખંડન કરવા જેવુ પ્રવર્તન આ આત્માથી કંઈ પણ થયું ગણાય.

[૫૬૦] [ મુંબઈ, પોષ, ૧૯૫૧ ]

જે રીતનો આશય કરતા હાલ ત્રણ વર્ષ થયા વિશેષ તેમ

કર્યું છે અને તેમા જરૂર આત્મદશાને ભુલાવે એવો સભવ રહે તેવો ઉદય પણ જેટલો બન્યો તેટલો સમપરિણામે વેદ્યો છે, જો કે તે વેદવાના કાળને વિષે સર્વસંગ નિવૃત્તિ કોઈ રીતે થાય તો સારુ એમ સૂઝયા કર્યું છે, તોપણ સર્વસગનિવૃત્તિએ જે દશા રહેવી જોઈએ તે દશા ઉદયમાં રહે, તો અલ્પકાળમાં વિશેષ કર્મની નિવૃત્તિ થાય એમ જાણી જેટલુ બન્યુ તેટલુ તે પ્રકારે કર્યું છે, પણ મનમા હવે એમ રહે છે કે આ પ્રસંગથી એટલે સકળ ગૃહવાસથી દૂર થવાય તેમ ન હોય તોપણ વ્યાપારાદિ પ્રસગથી નિવૃત્ત, દૂર થવાય તો સારું, કેમકે આત્મભાવે પરિણામ પામવાને વિષે જે દશા જ્ઞાનીની જોઈએ તે દશા આ વ્યાપારવ્યવહારથી મુમુક્ષુજીવને દેખાતી નથી આ પ્રકાર જે લખ્યો છે તે વિષે હમણા વિચાર કયારેક કયારેક વિશેષ ઉદય પામે છે તે વિષે જે પરિણામ આવે તે ખરુ. સર્વસગનિવૃત્તિની ઇચ્છા

[ ૩૨૯ ] [ મુબઈ, માહ વદ, ૧૯૪૮ ]

આ દેહ ધારણ કરીને જોકે કોઈ મહાન શ્રીમતપણું ભોગવ્યુ નથી, શબ્દાદિ વિષયોનો પૂરો વૈભવ પ્રાપ્ત થયો નથી, કોઈ વિશેષ એવા રાજ્યાધિકારે સહિત દિવસ ગાળ્યા નથી, પોતાના ગણાય છે એવા કોઈ ધામ, આરામ સેવ્યા નથી, અને હજુ યુવાવસ્થાનો પહેલો ભાગ વર્તે છે, તથાપિ એ કોઈની આત્મભાવે અમને કઈ ઇચ્છા ઉત્પન્ન થતી નથી, એ એક મોટું આશ્ચર્ય જાણી વર્તીએ છીએ, અને એ પદાર્થોની પ્રાપ્તિ—અપ્રાપ્તિ બન્ને સમાન થયા જાણી ઘણા પ્રકારે અવિકલ્પ સમાધિને જ અનુભવીએ છીએ એમ છતા વારંવાર વનવાસ સાંભરે છે, કોઈ પ્રકારનો લોકપરિચય રુચિકર થતો નથી, સત્સગમા સુરતી પ્રવહ્યા કરે છે, અને અવ્યવસ્થિત દશાએ ઉપાધિ યોગમા રહીએ છીએ એક અવિકલ્પ સમાધિ સિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતુ નથી, ચિંતન રહેતું નથી, રુચિ રહેતી નથી, અથવા કઈ કામ કરાતું નથી આત્મભાવે વૈભવાદિની અનિચ્છા અવિકલ્પ સમાધિ અનુભવવી

'જ્યોતિષ' 'અ-ણિમાદિસિદ્ધિ' માયિક જણાવા

જ્યોતિષાદિ વિદ્યા કે અણિમાદિ સિદ્ધિ એ માયિક પદાર્થો જાણી આત્માને તેનુ સ્મરણ પણ કવચિત જ થાય છે તે વાટે કોઈ વાત જાણવાનુ અથવા સિદ્ધ કરવાનુ ક્યારેય યોગ્ય લાગતુ નથી, અને એ વાતમા કોઈ પ્રકારે હાલ તો ચિત્તપ્રવેશ પણ રહ્યો નથી. સાસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી તથાપિ તેમા સ્વપણું રહ્યુ નહીં હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી તે ઉપાધિના ઉદયકાળને લીધે હાલ તો સમાધિ ગૌણભાવે વર્તે છે, અને તે માટેનો શોચ રહ્યા કરે છે.

સમાધિની ગૌણતાથી ખેદ

[૭૦૮] [રાળજ, ભાદરવા, ૧૯૫૨]

સમ્યગ્દર્શન જૈનદૃષ્ટિએ સંભવ

જૈનદર્શનની રીતિએ જોતા સમ્યગ્દર્શન અને વેદાન્તની રીતિએ જોતા કેવળજ્ઞાન અમને સભવે છે જૈનમા કેવલ-જ્ઞાનનુ સ્વરૂપ લખ્યુ છે, તે જ માત્ર સમજાવુ મુશ્કેલ થઈ પડે છે વળી વર્તમાનમા તે જ્ઞાનનો તેણે જ નિષેધ કર્યો છે, જેથી તત્સબધી પ્રયત્ન કરવુ પણ સફળ ન દેખાય

જૈન પ્રસગમા અમારો વધારે નિવાસ થયો છે તો કોઈ પણ પ્રકારે તે માર્ગનો ઉદ્ધાર અમ જેવાને દ્વારે વિશેષ કરીને થઈ શકે, કેમકે તેનું સ્વરૂપ વિશેષ કરીને સમજાયું હોય એ આદિ વર્તમાનમા જૈનદર્શન એટલુ બધુ અવ્યવસ્થિત અથવા વિપરીત સ્થિતિમા જોવામા આવે છે કે, તેમાથી જાણે જિનને... ગયો છે, અને લોકો માર્ગ પ્રરૂપે છે બાહ્ય કડાકૂટ બહુ વધારી દીધા છે, અને અતર્માર્ગનુ ઘણુ કરી જ્ઞાન વિચ્છેદ જેવુ થયુ છે વેદોક્ત માર્ગમા બસેં ચારસે વર્ષે કોઈ કોઈ મોટા આચાર્ય થયા દેખાય છે કે જેથી લાખો માણસને વેદોક્ત રીતિ સચેત થઈ પ્રાપ્ત થઈ હોય વળી સાધારણ રીતે કોઈ કોઈ આચાર્ય અથવા તે માર્ગના જાણ સારા પુરુષો એમ ને એમ થયા કરે છે, અને જૈનમાર્ગમા ઘણાં વર્ષ થયા તેવું બન્યુ

જીવનમ તત્ત્વ દર્શનોદ્ધાર-તેની અસંભવિતતાના કારણો

દેખાતુ નથી. જૈનમાર્ગમા પ્રજા પણ ઘણી થોડી રહી છે, અને તેમા સેંકડો ભેદ વર્તે છે, એટલુ જ નહીં પણ 'મૂળમાર્ગ'ની સન્મુખની વાત પણ તેમને કાને નથી પડતી, અને ઉપદેશકના લક્ષમા નથી, એવી સ્થિતિ વર્તે છે તેથી ચિત્તમાં એમ આવ્યા કરે છે કે જો તે માર્ગ વધારે પ્રચાર પામે તો તેમ કરવુ, નહીં તો તેમા વર્તતી પ્રજાને મૂળલક્ષપણે દોરવી આ કામ ઘણું વિકટ છે વળી જૈનમાર્ગ પોતે જ સમજવો તથા સમજાવવો કઠણ છે સમજાવતા આડા કારણો આવીને ઘણા ઊભા રહે, તેવી સ્થિતિ છે એટલે તેવી પ્રવૃત્તિ કરતા ડર લાગે છે તેની સાથે એમ પણ રહે છે કે જો આ કાર્ય આ કાળમા અમારાથી કંઈ પણ બને તો બની શકે, નહીં તો હાલ તો મૂળમાર્ગ સન્મુખ થવા માટે બીજાનું પ્રયત્ન કામ આવે તેવુ દેખાતું નથી ઘણુ કરીને મૂળમાર્ગ બીજાના લક્ષમા નથી, તેમ તે હેતુ દૃષ્ટાંતે ઉપદેશવામાં પરમશ્રુત આદિ ગુણો જોઈએ છે, તેમજ અતરંગ કેટલાક ગુણો જોઈએ છે, તે અત્ર છે એવુ દૃઢ ભાસે છે

મૂળમાર્ગ પ્રકાશવાની શક્તિ હોવી

એ રીતે જો મૂળમાર્ગ પ્રગટતામાં આણવો હોય તો પ્રગટ કરનારે સર્વસંગપરિત્યાગ કરવો યોગ્ય, કેમકે તેથી ખરેખરો સમર્થ ઉપકાર થવાનો વખત આવે વર્તમાન દશા જોતા, સત્તાના કર્મો પર દૃષ્ટિ દેતા કેટલાક વખત પછી તે ઉદયમાં આવવો સંભવે છે અમને સહજસ્વરૂપ જ્ઞાન છે, જેથી યોગસાધનની એટલી અપેક્ષા નહીં હોવાથી તેમા પ્રવૃત્તિ કરી નથી, તેમ તે સર્વસગપરિત્યાગમા અથવા વિશુદ્ધ દેશપરિત્યાગમાં સાધવા યોગ્ય છે એથી લોકોને ઘણો ઉપકાર થાય છે, જો કે વાસ્તવિક ઉપકારનુ કારણ તો આત્મજ્ઞાન વિના બીજુ કોઈ નથી

માર્ગ પ્રકટાવવામા સર્વસંગપરિત્યાગની જરૂર

સહજસ્વરૂપે જ્ઞાન હોવુ

હાલ બે વર્ષ સુધી તો તે યોગસાધન વિશેપ કરી ઉદયમા આવે તેમ દેખાતુ નથી તેથી ત્યાર પછીની કલ્પના કરાય છે,

અને ત્રણથી ચાર વર્ષ તે માર્ગમા ગાળવામા આવ્યા હોય તો ઉદ્દમે વર્ષે સર્વસગપરિત્યાગી ઉપદેશકનો વખત આવે, અને લોકોનુ શ્રેય થવુ હોય તો થાય

માર્ગ પ્રકાશવા લક્ષ થવાના કારણો

નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સબધી જિજ્ઞાસા વર્તતી હતી, ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી થઈ, પણ કોઈ કોઈ લોકો પરિચયમા આવેલા, તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કંઈક મૂળ-માર્ગ પર લક્ષ આવેલો, અને આ બાજુ તો સેંકડો અથવા હજારો માણસો પ્રસગમા આવેલા, જેમાથી કઈક સમજણવાળા તથા ઉપદેશક પ્રત્યે આસ્થાવાળા એવા સોએક માણસ નીકળે. એ ઉપરથી એમ જોવામા આવ્યુ કે લોકો તરવાના કામી વિશેષ છે, પણ તેમને તેવો યોગ બાઝતો નથી જો ખરેખર ઉપદેશક પુરુષનો જોગ બને તો ઘણા જીવ મૂળમાર્ગ પામે તેવુ છે, અને દયા આદિનો વિશેષ ઉદ્યોત થાય એવુ છે એમ દેખાવાથી કઈક ચિત્તમા આવે છે કે આ કાર્ય કોઈ કરે તો ઘણું સારું, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરુષ ધ્યાનમા આવતો નથી, એટલે કઈક લખનાર પ્રત્યે જ દૃષ્ટિ આવે છે, પણ લખનારનો જન્મથી લક્ષ એવો છે કે એ જેવું એકકે જોખમવાળુ પદ નથી, અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યા સુધી ન વર્તે ત્યાં સુધી તેની ઈચ્છામાત્ર પણ ન કરવી, અને ઘણુંકરીને હજુ સુધી તેમ વર્તવામા આવ્યુ છે માર્ગનું કંઈ પણ સ્વરૂપ કઈકને સમજાવ્યુ છે, તથાપિ કોઈને એક વ્રતપચ્ચખાણ આપ્યુ નથી, અથવા તમે મારા શિષ્ય છો, અને અમે ગુરુ છીએ એવો ઘણુ કરીને પ્રકાર દર્શિત થયો નથી કહેવાનો હેતુ એવો છે કે સર્વસગપરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજસ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે તેનો ખરેખરો આગ્રહ નથી, માત્ર અનુકપાદિ તથા જ્ઞાનપ્રભાવ વર્તે છે તેથી કયારેક તે

મૂળમાર્ગ-ઉપદેશકની ખામી-તે માટે 'સ્વ'પર દૃષ્ટિ-તેમાં નડતરો

ગુરુપણું દર્શિત ન કરવું

વૃત્તિ ઊઠે છે, અથવા અલ્પાંશે અંગમા તે વૃત્તિ છે, તથાપિ તે સ્વવશ છે અમે ધારીએ છીએ તેમ સર્વસગપરિત્યાગાદિ થાય તો હજારો માણસ મૂળમાર્ગને પામે, અને હજારો માણસ તે સન્માર્ગને આરાધી સદ્ગતિને પામે, એમ અમારાથી થવુ સંભવે છે. અમારા સંગમા ત્યાગ કરવાને ઘણા જીવને વૃત્તિ થાય એવો અંગમા ત્યાગ છે ધર્મ સ્થાપવાનું માન મોટુ છે, તેની સ્પૃહાથી પણ વખતે આવી વૃત્તિ રહે, પણ આત્માને ઘણી વાર તાવી જોતા તે સંભવ હવેની દશામા ઓછો જ દેખાય છે, અને કંઈક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમકે યથાયોગ્યતા વિના, દેહ છૂટી જાય તેવી દઢ કલ્પના હોય તો પણ, માર્ગ ઉપદેશવો નહીં, એમ આત્મનિશ્ચય નિત્ય વર્તે છે. એક એ બળવાન કારણથી પરિગ્રહાદિ ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે મારા મનમા એમ રહે છે કે વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે પણ જિનોક્ત ધર્મ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી, તોપણ વિશેષ યોગ્યતા છે, એમ લાગે છે

ધર્મ સ્થાપવાના માનનો અસંભવ

યથાયોગ્ય દશાએ માર્ગ પ્રકાશવો

પરિગ્રહત્યાગનો વિચાર રહેવો

[ ૭૦૯ ] [ રાળજ, ભાદરવા, ૧૯૫૨ ]

હે નાથ! કા ધર્મોન્નતિ કરવારૂપ ઇચ્છા સહજપણે સમાવેશ પામે તેમ થાઓ, કાં તો તે ઇચ્છા અવશ્ય કાર્યરૂપ થાઓ અવશ્ય કાર્યરૂપ થવી બહુ દુષ્કર દેખાય છે કેમ કે અલ્પ અલ્પ વાતમા મતભેદ બહુ છે, અને તેના મૂળ ઘણા ઊંડા ગયેલા છે મૂળ—માર્ગથી લોકો લાખો ગાઉ દૂર છે એટલું જ નહીં પણ મૂળ-માર્ગની જિજ્ઞાસા તેમને ઉત્પન્ન કરાવવી હોય, તો પણ ઘણાકાળનો પરિચય થયે પણ થવી કઠણ પડે એવી તેમની દુરાગ્રહાદિથી જડપ્રધાનદશા વર્તે છે

દર્શનોદ્ધારની ભાવના-તેમાં મતભેદાદિ નડતરો

[ ૬૯૬ ] [ મુબઈ, અષાડ વદ ૮, રવિ, ૧૯૫૨ ]

એક ધારાએ વેદવાયોગ્ય પ્રારબ્ધ વેદતાં કઈ એક પરમાર્થ વ્યવહારરૂપ પ્રવૃત્તિ કૃત્રિમ જેવી લાગે છે

[ ૬૯૭ ] [ મુંબઈ, અષાડ વદ ૮, રવિ, ૧૯૫૨ ]

દુસ્તર પ્રારબ્ધ-પ્રતિબંધથી ડરીને વર્તવું

પ્રારબ્ધરૂપ દુસ્તર પ્રતિબંધ વર્તે છે, ત્યાં કંઈ લખવું કે જણાવવું તે કૃત્રિમ જેવું લાગે છે. . આત્માને મૂળજ્ઞાનથી ચલાયમાન કરી નાખે એવા પ્રારબ્ધને વેદતા આવો પ્રતિબંધ તે પ્રારબ્ધને ઉપકારનો હેતુ થાય છે, અને કોઈક વિકટ અવસરને વિષે એકવાર આત્માને મૂળજ્ઞાન વમાવી દેવા સુધીની સ્થિતિ પમાડે છે એમ જાણી, તેથી ડરીને વર્તવું યોગ્ય છે

[ ૭૩૮ ] વવાણિયા,સં. ૧૯૫૩

ગુણસ્થાનક ક્રમારોહણ મનોરથો

૧ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ? અપૂર્વ૦

૨ સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ જોય જો અપૂર્વ૦

૩ દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો અપૂર્વ૦

૪ આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો,
ઘોર પરિષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો અપૂર્વ૦

૫ સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦

૬ પંચ વિષયમા રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધવણ,
વિચરવુ ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦
૭ ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનુ માન જો,
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો અપૂર્વ૦
૮ બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમા,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦
૯ નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃગાર નહીં,
દ્રવ્યભાવ સયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦
૧૦ શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો,
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તો સમભાવ જો અપૂર્વ૦
૧૧ એકાકી વિચરતો વળી સ્મશાનમા,
વળી પર્વતમા વાઘ-સિહ સંયોગ જો,
અડોલ આસન ને મનમા નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો અપૂર્વ૦
૧૨ ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો અપૂર્વ૦

૧૩ એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો અપૂર્વ૦

૧૪ મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો,
અંતસમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો અપૂર્વ૦

૧૫ ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિક નાશ જો,
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો અપૂર્વ૦

૧૬ વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો,
તે દેહાયુષ્ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો અપૂર્વ૦

૧૭ મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો અપૂર્વ૦

૧૮ એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો,
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો અપૂર્વ૦

૧૯ પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો,
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦

૨૦ જે પદ શ્રી સર્વજ્ઞે દીઠુ જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શુ કહે?
અનુભવગોચર માત્ર રહ્યુ તે જ્ઞાન જો. અપૂર્વ૦
૨૧ એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મે,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો,
તોપણ નિશ્ચય રાજચદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશુ તે જ સ્વરૂપ જો અપૂર્વ૦

[૭૮૮] [મુબઈ, અસાડ વદ ૧૧, રવિ, ૧૯૫૩]

અસારભૂત વ્યવહાર સારભૂત પ્રયોજનની પેઠે કરવાનો ઉદય વર્ત્યા છતા જે પુરુષો તે ઉદયથી ક્ષોભ ન પામતા સહજભાવ સ્વધર્મમા નિશ્ચયપણે રહ્યા છે, તે પુરુષોના ભીષ્મવ્રતનુ વારવાર સ્મરણ કરીએ છીએ — જ્ઞાનીઓના ભીષ્મવ્રતનું સ્મરણ

[૭૧૦] [મુબઈ, શ્રાવણ સુદ ૩, રવિ, ૧૯૫૩]

પરમ ઉત્કૃષ્ટ સંયમ જેના લક્ષમા નિરતર વર્ત્યા કરે છે તે સત્પુરુષોના સમાગમનુ ધ્યાન નિરતર છે પ્રતિષ્ઠિત વ્યવહારની શ્રી દેવકીર્ણજીની જિજ્ઞાસાથી અનતગુણવિશિષ્ટ જિજ્ઞાસા વર્તે છે બળવાન, અને વેદ્યા વિના અટળ ઉદય હોવાથી અંતરગ ખેદ સમતાસહિત વેદીએ છીએ દીર્ઘકાળને ઘણા અલ્પપણામા લાવવાના ધ્યાનમાં વર્તાય છે યથાર્થ ઉપકારી પુરુષપ્રત્યક્ષમા એકત્વભાવના આત્મશુદ્ધિની ઉત્કૃષ્ટતા કરે છે — ખેદ સમતા સહિત વેદવો

[૮૫૧] [મોહમયી ક્ષેત્ર, કા સુદ ૧૪, ગુરુ ૧૯૫૫]

માત્ર અન્નવસ્ત્ર હોય તોપણ ઘણું છે પણ વ્યવહાર-પ્રતિબદ્ધ માણસને કેટલાક સંયોગોને લીધે થોડુ ઘણુ જોઈએ છે, માટે આ પ્રયત્ન કરવુ પડ્યુ છે તો ધર્મકીર્તિપૂર્વક તે સયોગ જ્યાસુધી ઉદયમાન હોય ત્યાંસુધી બની આવે એટલે — અન્નવસ્ત્રમા સંતોષ-સહન કરવામા હર્ષ

ઘણું છે માનસિક વૃત્તિ કરતા ઘણા જ પ્રતિકૂળ માર્ગમાં હાલ પ્રવાસ કરવો પડે છે તપ્તહૃદયથી અને શાંત આત્માથી સહન કરવામાં જ હર્ષ માનું છુ

[૯૧૭] [અમદાવાદ, ભીમનાથ, ચૈ સુદ ૬, ૧૯૫૬]

ઉપયોગની તીવ્રતા

એક શ્લોક વાચતા અમને હજારો શાસ્ત્રનું ભાન થઈ તેમા ઉપયોગ ફરી વળે છે

[*હા. નો. ૧—૨]

સમ્યગ્દર્શનની પ્રત્યક્ષતા

જીવના અસ્તિત્વપણાનો તો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય જીવના નિત્યપણાનો, ત્રિકાળ હોવાપણાનો કોઈ કાળે પણ સશય પ્રાપ્ત નહીં થાય જીવનાં ચૈતન્યપણાનો, ત્રિકાળ હોવાપણાનો કોઈ કાળે પણ સશય પ્રાપ્ત નહીં થાય તેને કોઈ પણ પ્રકારે બધદશા વર્તે છે એ વાતનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહી થાય તે બધની નિવૃત્તિ કોઈ પણ પ્રકારે નિસશય ઘટે છે, એ વાતનો કોઈ કાળે પણ સશય પ્રાપ્ત નહીં થાય મોક્ષપદ છે એ વાતનો કોઈ પણ કાળે સંશય નહીં થાય

અંતિમ ધ્યેય

[હા નો. ૧-૩૧]

કાઈક ગૃહવ્યવહાર શાત કરી, પરિગ્રહાદિ કાર્યથી નિવૃત્ત થવું અપ્રમત્ત ગુણસ્થાન પર્યંત પહોચવુ કેવળ ભૂમિકાનું સહજપરિણામી ધ્યાન—

આ કાળમા જન્મવું સુખ-દુખદાયક

[હા નો ૧-૧૦]

આ કાળમા મારું જન્મવુ માનું તો દુખદાયક છે, અને માનું તો સુખદાયક પણ છે.

સ્વરૂપપ્રાપ્તિ અર્થે સત્સંગની ન્યૂનતા

એવું હવે કોઈ વાચન રહ્યું નથી કે જે વાચી જોઈએ છીએ તે પામીએ એ જેના સંગમાં રહ્યુ છે તે સાગની આ કાળમા ન્યૂનતા થઈ પડી છે.

---

* હા નો.=હાથ નોધ—આ ભાગનો સમય નિર્ણીત થઈ શક્યો નહીં હોવાથી તેનાં વર્ષ આપેલ નથી —સંશોધક.

[હા. નો. ૧-૨૯]

શરીરને વિષે આત્મભાવના પ્રથમ થતી હોય તો થવા દેવી, ક્રમે કરી પ્રાણમાં આત્મભાવના કરવી, પછી ઇંદ્રિયોમા આત્મભાવના કરવી, પછી સંકલ્પવિકલ્પરૂપ પરિણામમાં આત્મભાવના કરવી, પછી સ્થિર જ્ઞાનમાં આત્મભાવના કરવી ત્યાં સર્વ પ્રકારની અન્યાલંબનરહિત સ્થિતિ કરવી

આત્માની અન્યાલંબન રહિત સ્થિતિ

[હા. નો ૧-૩૭]

શ્રીમાન્ મહાવીરસ્વામી જેવાએ અપ્રસિદ્ધ પદ રાખી ગૃહવાસ વેદ્યો—ગૃહવાસથી નિવૃત્ત થયે પણ સાડાબાર વર્ષ જેવા દીર્ઘ કાળ સુધી મૌન આચર્યું નિદ્રા તજી વિષમ પરિષહ સહ્યા એનો હેતુ શો? અને આ જીવ આમ વર્તે છે, તથા આમ કહે છે એનો હેતુ શો?

આત્મિક વર્તનામાં શિથિલતા

જે પુરુષ સદ્ગુરુની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિર્ધાર કરે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે

સ્વચ્છંદપરિણામથી ભવવૃદ્ધિ

જે જીવ સત્પુરુષના ગુણનો વિચાર ન કરે, અને પોતાની કલ્પનાના આશ્રયે વર્તે તે જીવ સહજમાત્રમા ભવવૃદ્ધિ ઉત્પન્ન કરે છે, કેમકે અમર થવાને માટે ઝેર પીએ છે

[હા. નો ૧-૩૮]

સર્વ સંગ મહાશ્રવરૂપ તીર્થંકરે કહ્યો છે, તે સત્ય છે આવી મિશ્રગુણસ્થાનક જેવી સ્થિતિ ક્યાં સુધી રાખવી? જે વાત ચિત્તમાં નહીં, તે કરવી, અને જે ચિત્તમા છે તેમાં ઉદાસ રહેવું એવો વ્યવહાર શી રીતે થઈ શકે? વૈશ્યવેષે અને નિગ્રંથભાવે વસતાં કોટી કોટી વિચાર થયા કરે છે વેષ અને તે વેષ સંબધી વ્યવહાર જોઈ લોકદૃષ્ટિ તેવું માને એ ખરુ છે, અને નિગ્રંથભાવે વર્તતું ચિત્ત તે વ્યવહારમાં યથાર્થ ન પ્રવર્તી શકે એ પણ સત્ય છે,

મિશ્ર ગુણસ્થાનક જેવી સ્થિતિ

વૈશ્યવેષે અને નિર્ગ્રંથભાવે વસતા હાનિ

જે માટે એવા બે પ્રકારની એક સ્થિતિ કરી વર્તી શકાતું નથી, કેમકે પ્રથમ પ્રકારે વર્તતાં નિગ્રંથભાવથી ઉદાસ રહેવુ પડે તો જ યથાર્થ વ્યવહાર સાચવી શકાય એમ છે, અને નિગ્રંથભાવે વસીએ તો પછી તે વ્યવહાર ગમે તેવો થાય તેની ઉપેક્ષા કરવી ઘટે, જો ઉપેક્ષા ન કરવામા આવે તો નિગ્રંથભાવ હાનિ પામ્યા વિના રહે નહીં તે વ્યવહાર ત્યાગ્યા વિના અથવા અત્યંત અલ્પ કર્યા વિના નિગ્રંથતા યથાર્થ રહે નહીં અને ઉદયરૂપ હોવાથી વ્યવહાર ત્યાગ્યો જતો નથી આ સર્વ વિભાવયોગ મટયા વિના અમારું ચિત્ત બીજા કોઈ ઉપાયે સંતોષ પામે એમ લાગતું નથી. તે વિભાવયોગ બે પ્રકારે છે. એક પૂર્વે નિષ્પન્ન કરેલો એવો ઉદયસ્વરૂપ, અને બીજો આત્મબુદ્ધિએ કરી રંજનપણે કરવામાં આવતો ભાવસ્વરૂપ આત્મભાવે વિભાવસબંધી યોગ તેની ઉપેક્ષા જ શ્રેયભૂત લાગે છે નિત્ય તે વિચારવામા આવે છે, તે વિભાવપણે વર્તતો આત્મભાવ ઘણો પરિક્ષીણ કર્યો છે, અને હજી પણ તે જ પરિણતિ વર્તે છે. તે સપૂર્ણ વિભાવયોગ નિવૃત્ત કર્યા વિના ચિત્ત વિશ્રાંતિ પામે એમ જણાતુ નથી, અને હાલ તો તે કારણે કરી વિશેષ ક્લેશ વેદન કરવો પડે છે, કેમકે ઉદય વિભાવક્રિયાનો છે અને ઇચ્છા આત્મભાવમા સ્થિતિ કરવાની છે તથાપિ એમ રહે છે કે, ઉદયનું વિશેષ કાળસુધી વર્તવું રહે તો આત્મભાવ વિશેષ ચચળ પરિણામને પામશે; કેમકે આત્મભાવ વિશેષ સંધાન કરવાનો અવકાશ ઉદયની પ્રવૃત્તિને લીધે પ્રાપ્ત ન થઈ શકે, અને તેથી તે આત્મભાવ કંઈ પણ અજાગૃતપણાને પામે

વિભાવયોગ મટયે ચિત્ત સંતોષ

ઉદય વિભાવક્રિયાનો-ઇચ્છા આત્મભાવમાં

જે આત્મભાવ ઉત્પન્ન થયો છે, તે આત્મભાવ પર જો વિશેષ લક્ષ કરવામાં આવે તો અલ્પકાળમાં તેનુ વિશેષ વર્ધમાનપણું થાય, અને વિશેષ જાગૃતાવસ્થા ઉત્પન્ન થાય, અને થોડા કાળમાં હિતકારી એવી ઉગ્ર આત્મદશા પ્રગટે, અને જો

ઉદયની સ્થિતિ પ્રમાણે ઉદયનો કાળ રહેવા દેવાનો વિચાર કરવામાં આવે તો હવે આત્મશિથિલતા થવાનો પ્રસંગ આવશે, એમ લાગે છે, કેમકે દીર્ઘ કાળનો આત્મભાવ હોવાથી અત્યાર-સુધી ઉદયબળ ગમે તેવું છતા તે આત્મભાવ હણાયો નથી તથાપિ કંઈક કંઈક તેની અજાગૃતાવસ્થા થવા દેવાનો વખત આવ્યો છે, એમ છતા પણ હવે કેવળ ઉદયપર ધ્યાન આપવામા આવશે તો શિથિલભાવ ઉત્પન્ન થશે.

દીર્ઘ કાળનો આત્મભાવ હોઈ ન હણાવો-શિથિલતા આવવી

જ્ઞાનીપુરુષો ઉદયવશ દેહાદિ ધર્મ નિવર્તે છે એ રીતે પ્રવૃત્તિ કરી હોય તો આત્મભાવ હણાવો ન જોઈએ, એ માટે તે વાત લક્ષ રાખી ઉદય વેદવો ઘટે છે, એમ વિચાર પણ હમણાં ઘટતો નથી, કેમકે જ્ઞાનનાં તારતમ્ય કરતા ઉદય-બળ વધતુ જોવામા આવે તો જરૂર ત્યા જ્ઞાનીએ પણ જાગૃત દશા કરવી ઘટે, એમ શ્રી સર્વજ્ઞે કહ્યુ છે

જ્ઞાનતારતમ્ય કરતા ઉદયબળની વિશેષતા

અત્યંત દુષમ કાળ છે તેને લીધે અને હતપુણ્ય લોકોએ ભરતક્ષેત્ર ઘેર્યું છે તેને લીધે પરમસત્સંગ, સત્સંગ કે સરળ-પરિણામી જીવોનો સમાગમ પણ દુર્લભ છે, એમ જાણી જેમ અલ્પકાળમા સાવધાન થવાય તેમ કરવું ઘટે છે

દુષમકાળના કારણે સાવધાનતા

[ હા નો ૧–૩૯ ]

મૌનદશા ધારણ કરવી ? વ્યવહારનો ઉદય એવો છે કે તે ધારણ કરેલી દશા લોકોને કષાયનું નિમિત્ત થાય, તેમ વ્યવ-હારની પ્રવૃત્તિ બને નહીં ત્યારે તે વ્યવહાર નિવૃત્ત કરવો ? તે પણ વિચારતા બનવુ કઠણ લાગે છે, કેમકે તેવી કંઈક સ્થિતિ વેદવાનું ચિત્ત રહ્યા કરે છે પછી તે શિથિલતાથી, ઉદયથી કે પરેચ્છાથી કે સર્વજ્ઞદૃષ્ટથી, એમ છતાં પણ અલ્પ-કાળમાં આ વ્યવહારને સંક્ષેપ કરવા ચિત્ત છે તે વ્યવહાર કેવા પ્રકારે સંક્ષેપ થઈ શકશે ? કેમકે તેનો વિસ્તાર વિશેષપણે જોવામા આવે છે વ્યાપારસ્વરૂપે, કુટુંબપ્રતિબંધે, યુવાવસ્થા-

વેદોદય હોઈ વ્યવહાર નિવર્તાવવો કઠણ

પ્રતિબંધે, દયાસ્વરૂપે, વિકારસ્વરૂપે, ઉદયસ્વરૂપે—એ આદિ કારણે તે વ્યવહાર વિસ્તારરૂપ જણાય છે

સ્વરૂપ પ્રાપ્તિ અર્થે જાગૃતિમાં મંદતા

હુ એમ જાણુ છુ કે અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળજ્ઞાન–કેવળદર્શનસ્વરૂપે અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન કર્યું છે, તો પછી વર્ષ છ માસ કાળમાં આટલો આ વ્યવહાર કેમ નિવૃત્ત નહીં થઈ શકે? માત્ર જાગૃતિના ઉપયોગાંતરથી તેની સ્થિતિ છે, અને તે ઉપયોગના બળને નિત્ય વિચાર્યે થી અલ્પકાળમાં તે વ્યવહાર નિવૃત્ત થઈ શકવાયોગ્ય છે તોપણ તેની કેવા પ્રકારે નિવૃત્તિ કરવી, એ હજી વિશેષપણે મારે વિચારવું ઘટે છે, એમ માનુ છુ, કેમકે વીર્યને વિષે કંઈ પણ મંદ દશા વર્તે છે તે મંદ દશાનો હેતુ શો?

પરિચયમા અરુચિ છતા કરવો

ઉદયબળે પ્રાપ્ત થયો એવો પરિચય માત્ર પરિચય, એમ કહેવામા કંઈ બાધ છે? તે પરિચયને વિષે વિશેષ અરુચિ રહે છે, તે છતા તે પરિચય કરવો રહ્યો છે તે પરિચયનો દોષ કહી શકાય નહીં, પણ નિજદોષ કહી શકાય અરુચિ હોવાથી ઇચ્છારૂપ દોષ નહીં કહેતા ઉદયરૂપ દોષ કહ્યો છે

[ હા નો ૧-૪૦ ]

ઘણો વિચાર કરી નીચેનુ સમાધાન થાય છે

સંયમ-આરાધનમાં ઉદય પ્રતિબંધ

એકાંત દ્રવ્ય, એકાંત ક્ષેત્ર, એકાંત કાળ અને એકાંત ભાવરૂપ સયમ આરાધ્યા વિના ચિત્તની શાંતિ નહીં થાય એમ લાગે છે એવો નિશ્ચય રહે છે તે યોગ હજી કંઈ દૂર સભવે છે, કેમકે ઉદયનુ બળ જોતાં તે નિવૃત્ત થતા કંઈક વિશેષ કાળ જશે

[ હા નો ૧-૭૩ ]

જેનાથી માર્ગ પ્રવર્ત્યો છે, એવા મોટા પુરુષના વિચાર, બળ, નિર્ભયતાદિ ગુણો પણ મોટા હતા એક રાજ્ય પ્રાપ્ત

કરવામા જે પરાક્રમ ઘટે છે, તે કરતા અપૂર્વ અભિપ્રાય સહિત ધર્મસતતિ પ્રવર્તાવામાં વિશેષ પરાક્રમ ઘટે છે તથારૂપ શક્તિ થોડા વખત પૂર્વે અત્ર જણાતી હતી, તેમા હાલ વિકળતા જોવામા આવે છે તેનો હેતુ શો હોવો જોઈએ તે વિચારવાયોગ્ય છે

માર્ગપ્રવર્તક દશા-તેમા વિકળતા

દર્શનની રીતે આ કાળમાં ધર્મ પ્રવર્તે એથી જીવોનુ કલ્યાણ છે કે સપ્રદાયની રીતે પ્રવર્તે તો જીવોનુ કલ્યાણ છે તે વાત વિચારવાયોગ્ય છે. સપ્રદાયની રીતે ઘણા જીવોને તે માર્ગ ગ્રહણ થવા યોગ્ય થાય, દર્શનની રીતે વિરલ જીવોને ગ્રહણ થાય જો જિનને અભિમતે માર્ગ નિરૂપણ કરવાયોગ્ય ગણવામાં આવે, તો તે સપ્રદાયના પ્રકારે નિરૂપણ થવો વિશેષ અસભવિત છે, કેમકે તેની રચનાનુ સાંપ્રદાયિક સ્વરૂપ થવુ કઠણ છે. દર્શનની અપેક્ષાએ કોઈક જીવને ઉપકારી થાય એટલો વિરોધ આવે છે

માર્ગપ્રવર્તન રીતિ

[હા. નો ૧-૭૪]

જે કોઈ મોટા પુરુષ થયા છે તેઓ પ્રથમથી સ્વસ્વરૂપ (નિજશક્તિ) સમજી શકતા હતા, અને ભાવિ મહત્કાર્યનાં બીજને પ્રથમથી અવ્યક્તપણે વાવ્યા રહેતા હતા અથવા સ્વાચરણ અવિરોધ જેવુ રાખતા હતા અત્રે તે પ્રકાર વિશેષ વિરોધમા પડયો હોય એમ દેખાય છે તે વિરોધના કારણો પણ અત્રે લખ્યા છે ૧ અનિર્ણયથી ૨ વિશેષ સંસારીની રીતિ જેવો વ્યવહાર વર્તતો હોવાથી. ૩ બ્રહ્મચર્યનુ ધારણ

સ્વાચરણમા વિરોધતાના કારણો

[હા નો. ૩-૧૭]

સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સર્વ પ્રકારે જાણનાર, રાગદ્વેષાદિ સર્વ વિભાવ જેણે ક્ષીણ કર્યા છે તે **ઈશ્વર.** તે પદ મનુષ્યદેહને વિષે સપ્રાપ્ત થવાયોગ્ય છે. સંપૂર્ણ વીતરાગ

ઈશ્વરપદ-મનુષ્ય દેહે તેની પ્રાપ્તિ

થાય, તે સપૂર્ણ સર્વજ્ઞ થાય સંપૂર્ણ વીતરાગ થઈ શકાય એવા હેતુઓ સુપ્રતીત થાય છે

[ હા નો. ૩-૧૮ ]

અપ્રમત્ત ઉપયોગે વર્ત્યે જવુ

પ્રત્યક્ષ નિજ અનુભવસ્વરૂપ છુ, તેમા સશય શો? તે અનુભવમા જે વિશેષ વિષે ન્યૂનાધિકપણુ થાય છે, તે જો મટે તો કેવળ અખંડાકાર સ્વાનુભવ સ્થિતિ વર્તે અપ્રમત્ત ઉપયોગે તેમ થઈ શકે અપ્રમત્ત ઉપયોગ થવાના હેતુઓ સુપ્રતીત છે. તેમ વર્ત્યા જવાય છે તે પ્રત્યક્ષ સુપ્રતીત છે અવિચ્છિન્ન તેવી ધારા વર્તે તો અદ્ભુત અનત જ્ઞાનસ્વરૂપ અનુભવ સુસ્પષ્ટ સમવસ્થિત વર્તે—

[ હા. નો. ૩-૨૩ ]

જ્ઞાનીઓ સર્વકાળ જયવંત વર્તો એ ભાવના

અહો! સર્વોત્કૃષ્ટ શાત રસમય સન્માર્ગ! અહો! તે સર્વોત્કૃષ્ટ શાત રસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ! અહો! તે સર્વોત્કૃષ્ટ શાત રસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્ગુરુદેવ! આ વિશ્વમા સર્વકાળ તમે જયવત વર્તો, જયવત વર્તો.

[ હા નો. ૨-૨૧ ]

પદાર્થપ્રતીતિ

જેમ ભગવાન જિને નિરૂપણ કર્યું છે તેમ જ સર્વ પદાર્થનુ સ્વરૂપ છે.

[ હા નો. ૩-૨૨ ]

સર્વજ્ઞોપદિષ્ટ આત્મધ્યાનમા સ્થિતિ

સર્વજ્ઞોપદિષ્ટ આત્મા સદ્ગુરુકૃપાએ જાણીને નિરંતર તેના ધ્યાનના અર્થે વિચરવું, સયમ અને તપપૂર્વક—

[ હા નો ૩-૨૯ ]

સર્વ વિકલ્પનો, તર્કનો ત્યાગ કરીને, મનનો, વચનનો, કાયાનો, ઇંદ્રિયનો, આહારનો, નિદ્રાનો જય કરીને નિર્વિકલ્પપણે અતર્મુખવૃત્તિ કરી આત્મધ્યાન કરવુ. માત્ર અનાબાધ

અનુભવ સ્વરૂપમા લીનતા થવા દેવી, બીજી ચિતવના ન કરવી જે જે તર્કાદિ ઊઠે, તે નહીં લબાવતાં ઉપશમાવી દેવા

[હા નો ૨-૧૧]

આમ કાળ વ્યતીત થવા દેવો યોગ્ય નથી સમયે સમયે આત્મોપયોગે ઉપકારી કરીને નિવૃત્ત થવા દેવા યોગ્ય છે

અહો આ દેહની રચના ! અહો ચેતન ! અહો તેનુ સામર્થ્ય ! અહો જ્ઞાની ! અહો તેની ગવેષણા ! અહો તેમનુ ધ્યાન ! અહો તેમની સમાધિ ! અહો તેમનો સંયમ ! અહો તેમનો અપ્રમત્તભાવ ! અહો તેમની પરમ જાગૃતિ ! અહો તેમનો વીતરાગ સ્વભાવ ! અહો તેમનુ નિરાવરણ જ્ઞાન ! અહો તેમના યોગની શાતિ ! અહો તેમના વચનાદિ યોગનો ઉદય ! પ્રમત્તભાવ ટાળનારા ઉદ્ગારો

હે આત્મા ! આ બધું તને સુપ્રતીત થયુ છતા પ્રમત્તભાવ કેમ ? મદ પ્રયત્ન કેમ ? જઘન્યમદ જાગૃતિ કેમ ? શિથિલતા કેમ ? મૂઝવણ કેમ ? અતરાયનો હેતુ શો ? અપ્રમત્ત થા, અપ્રમત્ત થા પરમ જાગૃત સ્વભાવ ભજ, પરમ જાગૃત સ્વભાવ ભજ

[હા નો ૩-૭]

હું કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સહજ નિજ અનુભવ સ્વરૂપ છુ વ્યવહારદૃષ્ટિથી માત્ર આ વચનનો વક્તા છુ. પરમાર્થથી તો માત્ર તે વચનથી વ્યજિત મૂળ અર્થરૂપ છુ તમારાથી જગત ભિન્ન છે, અભિન્ન છે, ભિન્નાભિન્ન છે ? ભિન્ન, અભિન્ન, ભિન્નાભિન્ન, એવો અવકાશ સ્વરૂપમા નથી વ્યવહારદૃષ્ટિથી તેનુ નિરૂપણ કરીએ છીએ જગત મારા વિષે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે, પણ જગત જગતસ્વરૂપે છે, હુ સ્વ-સ્વરૂપે છુ, તેથી જગત મારાથી કેવળ ભિન્ન છે તે બન્ને દૃષ્ટિથી જગત મારાથી ભિન્નાભિન્ન છે આત્મસ્વરૂપ પ્રતીતિ

[ હા નો. ૩-૯ ]

કેવળ જ્ઞાનસ્વરૂપ તેનું ધ્યાન

હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું, એમ સમ્યક્ પ્રતીત થાય છે તેમ થવાના હેતુઓ સુપ્રતીત છે સર્વ ઇંદ્રિયોનો સંયમ કરી, સર્વ પરદ્રવ્યથી નિજસ્વરૂપ વ્યાવૃત્ત કરી, યોગને અચલ કરી, ઉપયોગથી ઉપયોગની એકતા કરવાથી કેવળજ્ઞાન થાય

[ હા નો ૩-૮ ]

કેવળજ્ઞાન એક જ્ઞાન સર્વ અન્યભાવના સંસર્ગરહિત એકાંત શુદ્ધ જ્ઞાન સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું સર્વ પ્રકારથી એક સમયે જ્ઞાન તે કેવળજ્ઞાનનુ અમે ધ્યાન કરીએ છીએ.

[ હા. નો ૩-૧૧ ]

આત્માનું શુદ્ધ સ્વરૂપ

હુ એક છુ, અસંગ છુ, સર્વ પરભાવથી મુક્ત છુ અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહના પ્રમાણ છુ અજન્મ, અજર, અમર, શાશ્વત છુ સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છુ

[ હા નો ૧-૭ ]

દ્રવ્ય—હુ એક છુ, અસંગ છુ, સર્વ પરભાવથી મુક્ત છું. ક્ષેત્ર—અસંખ્યાત નિજ-અવગાહના પ્રમાણ છુ. કાળ—અજર, અમર, શાશ્વત છું સ્વપર્યાય પરિણામી સમયાત્મક છુ ભાવ—શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છુ

હું અસંગ શુદ્ધચેતન છુ વચનાતીત નિર્વિકલ્પ એકાંત શુદ્ધઅનુભવસ્વરૂપ છુ.

હુ પરમ શુદ્ધ, અખંડ ચિદ્ ધાતુ છુ. અચિદ્ ધાતુનાં સંયોગ રસનો આ આભાસ તો જુઓ ? આશ્ચર્યવત્, આશ્ચર્યરૂપ, ઘટના છે કંઈ પણ અન્ય વિકલ્પનો અવકાશ નથી સ્થિતિ પણ એમ જ છે

[૬૯૨] [મુંબઈ, બી જેઠ વદી ૬, ગુરુ, ૧૯૫૨]

હુ દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્રી પુત્રાદિ કોઈપણ મારાં નથી, શુદ્ધ ચેતન્યસ્વરૂપ અવિનાશી એવો હુ આત્મા છુ

[૮૩૩] [વવાણિયા, જ્યેષ્ઠ સુદ ૧, શનિ, ૧૯૫૪]

નિજસ્વરૂપમાં ઉપયોગ, તન્મય વૃત્તિ

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિન્ત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છુ, ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? હુ માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છુ, હુ માત્ર નિર્વિકલ્પ છું. હુ નિજસ્વરૂપમય ઉપયોગ કરુ છુ તન્મય થાઉં છુ

[હા નો ૨-૧]

શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન

રાગ, દ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારું સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે.

[હા નો ૩-૧૪]

સર્વ પરભાવ અને વિભાવથી વ્યાવૃત્ત, નિજ સ્વભાવના ભાનસહિત, અવધૂતવત્ વિદેહીવત્ જિનકલ્પીવત્ વિચરતા પુરુષ ભગવાનના સ્વરૂપનુ ધ્યાન કરીએ છીએ

[હા નો ૧-૪૪]

વ્યવહાર પ્રતિ તીવ્ર અપ્રિયતા

હે જીવ! અસારભૂત લાગતા એવા આ વ્યવસાયથી હવે નિવૃત્ત થા, નિવૃત્ત! તે વ્યવસાય કરનારને વિષે ગમે તેટલો બળવાન પ્રારબ્ધોદય દેખાતો હોય તો પણ તેથી નિવૃત્ત થા, નિવૃત્ત! જો કે શ્રી સર્વજ્ઞે એમ કહ્યું છે કે ચૌદમે ગુણઠાણે વર્તતો એવો જીવ પણ પ્રારબ્ધ વેદ્યા વિના મુક્ત થઈ શકે નહીં, તોપણ તુ તે ઉદયનો આશ્રયરૂપ હોવાથી નિજ દોષ જાણી તેને અન્યંત તીવ્રપણે વિચારી તેથી નિવૃત્ત થા, નિવૃત્ત! કેવળ માત્ર

પ્રારબ્ધ નિવર્તાવવા અર્થે ત્યાગ ભજવો

પ્રારબ્ધ હોય, અને અન્ય કર્મ દશા વર્તતી ન હોય તો તે પ્રારબ્ધ સહેજે નિવૃત્ત થવા દેવાનું બને છે, એમ પરમ પુરુષે સ્વીકાર્યું છે, પણ તે કેવળ પ્રારબ્ધ ત્યારે કહી શકાય કે જ્યારે પ્રાણાંત પર્યંત નિષ્ઠાભેદદૃષ્ટિ ન થાય, અને તને સર્વ પ્રસંગમા એમ બને છે, એવુ જ્યાસુધી કેવળ નિશ્ચય ન થાય ત્યાંસુધી શ્રેય એ છે કે, તેને વિષે ત્યાગબુદ્ધિ ભજવી, આ વાત વિચારી હે જીવ! હવે તુ અલ્પકાળમા નિવૃત્ત થા, નિવૃત્ત!
[હા નો ૧–૪૫]

હે જીવ! હવે તું સગ નિવૃત્તિરૂપ કાળની પ્રતિજ્ઞા કર, પ્રતિજ્ઞા કર! કેવળ સગનિવૃત્તિરૂપ પ્રતિજ્ઞાનો વિશેષ અવકાશ જોવામા ન આવે તો અંશસગનિવૃત્તિરૂપ એવો આ વ્યવસાય તેને ત્યાગ! જે જ્ઞાનદશામા ત્યાગાત્યાગ કંઈ સભવે નહીં તે જ્ઞાનદશાની સિદ્ધિ છે જેને વિષે એવો તુ સર્વસગત્યાગદશા અલ્પકાળ વેદીશ તો સપૂર્ણ જગત પ્રસગમાં વર્તે તો પણ તને બાધરૂપ ન થાય એ પ્રકાર વર્તે છતે પણ નિવૃત્તિ જ પ્રશસ્ત સર્વજ્ઞે કહી છે, કેમકે ઋષભાદિ સર્વ પરમપુરુષે છેવટે એમ જ કર્યું છે
[હા નો ૧–૮૪]

સર્વસગપરિત્યાગ પર લક્ષ

જ્યાસુધી સર્વસાગપરિત્યાગરૂપ યોગ નિરાવરણ થાય નહીં ત્યાસુધી જે ગૃહાશ્રમ વર્તે તે ગૃહાશ્રમમાં કાળ વ્યતીત કરવા વિષેનો વિચાર કર્તવ્ય છે ક્ષેત્રનો વિચાર કર્તવ્ય છે. જે વ્યવહારમાં વર્તવુ તે વ્યવહારનો વિચાર કર્તવ્ય છે, કેમકે પૂર્વાપર અવિરોધપણું નહીં તો રહેવું કઠણ છે
[હા નો ૨૮૭]

સ્વસ્વરૂપ અનુભવ અર્થે શિથિલતા ન કરવી

હે જીવ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અતરંગમા જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવુ તારું સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે

હે જીવ! અસમ્યક્દર્શનને લીધે તે સ્વરૂપ તને ભાસતુ નથી તે સ્વરૂપમાં તને શંકા છે, વ્યામોહ અને ભય છે સમ્યક્દર્શનનો યોગ પ્રાપ્ત કરવાથી તે અભાસનાદિની નિવૃત્તિ થશે

હે સમ્યક્દર્શની ! સમ્યક્ચારિત્ર જ સમ્યક્દર્શનનું ફળ ઘટે છે, માટે તેમા અપ્રમત્ત થા જે પ્રમત્તભાવ ઉત્પન્ન કરે છે તે કર્મબંધની તને સુપ્રતીતિનો હેતુ છે

હે સમ્યક્ચારિત્રી ! હવે શિથિલપણું ઘટતું નથી ઘણો અંતરાય હતો તે નિવૃત્ત થયો, તો હવે નિરંતરાય પદમા શિથિલતા શા માટે કરે છે?

[હા નો ૩—૨૬]

સ્વપર ઉપકારનું મહત્કાર્ય હવે કરી લે ! ત્વરાથી કરી લે ! અપ્રમત્ત થા—અપ્રમત્ત થા

શું કાળનો ક્ષણવારનો પણ ભરૂસો આર્ય પુરુષોએ કર્યો છે? ચારિત્રજાગૃતિ-સૂચક ઉદ્ગારો

હે પ્રમાદ ! હવે તું જા, જા

હે બ્રહ્મચર્ય ! હવે તું પ્રસન્ન થા, પ્રસન્ન થા

હે વ્યવહારોદય ! હવે પ્રબળથી ઉદય આવીને પણ તું શાંત થા શાંત

હે દીર્ઘસૂત્રતા ! સુવિચારનું, ધીરજનું, ગંભીરપણાનું પરિણામ તું શા માટે થવા ઇચ્છે છે?

હે બોધબીજ ! તું અત્યંત હસ્તામલકવત્ વર્ત, વર્ત

હે જ્ઞાન ! તું દુર્ગમ્યને પણ હવે સુગમ સ્વભાવમા લાવી મૂક

હે ચારિત્ર ! પરમ અનુગ્રહ કર, પરમ અનુગ્રહ કર

હે યોગ ! તમે સ્થિર થાઓ, સ્થિર થાઓ !

હે ધ્યાન ! તું નિજસ્વભાવાકાર થા, નિજસ્વભાવાકાર થા

હે વ્યગ્રતા ! તું જતી રહે, જતી રહે

હે અલ્પ કે મધ્ય અલ્પ કષાય ! હવે તમે ઉપશમ થાઓ ક્ષીણ થાઓ અમારે કાંઈ તમારા પ્રત્યે રુચિ રહી નથી

હે સર્વજ્ઞપદ ! યથાર્થ સુપ્રતીતપણે તું હૃદયાવેશ કર, હૃદયાવેશ કર

હે અસંગ નિર્ગ્રન્થપદ ! તું સ્વાભાવિક વ્યવહારરૂપ થા !

હે પરમ કરુણામય સર્વ પરમહિતના મૂળ વીતરાગ ધર્મ! પ્રસન્ન થા, પ્રસન્ન.

હે આત્મા! તુ નિજસ્વભાવાકાર વૃત્તિમા જ અભિમુખ થા! અભિમુખ થા

હે વચનસમિતિ! હે કાય ચપળતા! હે એકાંત વાસ! અને અસગતા! તમે પણ પ્રસન્ન થાઓ! પ્રસન્ન થાઓ!

આભ્યંતર વર્ગણા ઉપશમાવવી

ખળભળી રહેલી એવી જે આભ્યતર વર્ગણા તે કાં તો અભ્યતર જ વેદી લેવી, કા તો તેને સ્વચ્છપુટ દઈ ઉપશમ કરી દેવી જેમ નિસ્પૃહતા બળવાન તેમ ધ્યાન થઈ શકે— કાર્ય બળવાન થઈ શકે

[હા. નો ૨—૧૯]

અંતરાયક દોષો-ની ઉપેક્ષા

હે કામ! હે માન! હે સંગઉદય! હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા! હે શિથિલતા! તમે શા માટે અતરાય કરો છો? પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ! અનુકૂળ થાઓ

[હા નો ૧—૪૩]

કામ, માન અને ઉતાવળ એ ત્રણનો વિશેષ સંયમ કરવો ઘટે છે.

[હા. નો ૨-૨૦]

સમ્યગ્દર્શન અને ઉપકારક પુરુષોને નમસ્કાર

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્દર્શન! તને અત્યત ભક્તિથી નમસ્કાર હો આ અનાદિ અનંત સંસારમાં અનત અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે તારા પરમાનુગ્રહથી સ્વસ્વરૂપમા રુચિ થઈ પરમ વીતરાગ સ્વભાવપ્રત્યે પરમ નિશ્ચય આવ્યો કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો

હે જિન વીતરાગ! તમને અત્યત ભક્તિથી નમસ્કાર કરુ છું. તમે આ પામર પ્રત્યે અનત અનંત ઉપકાર કર્યો છે.

હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

હે શ્રી સોભાગ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો

૯૫૧] [રાજકોટ, ફાગણ વદ ૩, શુક્ર, ૧૯૫૭]

ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો, ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતા પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો અંતિમ વચનો

—આત્મસ્વરૂપને વિષે નિત્ય નિષ્ઠાના હેતુભૂત
એવા વિચારની ચિંતામાં રહેનાર
રાયચંદના પ્રણામ *

* આ પ્રમાણેની સહી પૂજ્ય ગાંધીજીને સં. ૧૯૫૦ ના આસો વદ ૬ ના લખેલ પત્રમાં શ્રીમદે કરેલ છે, જે તેમની કાગળોમાં સહી કરવાની પદ્ધતિના એક નમૂનારૂપે અહીં આપી છે

—સંશોધક

# આત્મકથા વિષયો


બાવીસમે વર્ષે લખેલ વયચર્યા—વિચારો કેવા કર્યા?—પ્રથમની અને અત્યારની દશામા અંતર—વયચર્યાનુ જનસમૂહને ઉપયોગીપણુ ૧

સાતથી અગીયારમા વર્ષ સુધીની ચર્યા—વર્તનમા વિદેહી દશા—કેળવણીમાં બળવત્તર સ્મૃતિ—સર્વથી એકત્વભાવ ૨

આઠમા વર્ષે કવિતા—અભ્યાસમાં ત્વરા—ભદ્રિકપણુ—અવતારોમાં પ્રીતિ—કંઠી બંધાવવી—વિકલ્પો કેવા થતા?—જગતકર્તાની દૃઢતા ૩

જૈનો ભણી જુગુપ્સા—પાનાગે કોનો હતો?—જૈનોના પુસ્તકના પરિચયથી તે તરફ રુચિ—કંઠી ફરી ન બંધાવવી—ઓછું અધિકું ન કહેવુ—દેવુ ૪

કેવા પ્રકારનુ અંતરંગ દુ:ખ હતુ?—કેવા સુખની ઇચ્છા હતી?—અશ્રદ્ધાભાવ થવો ૫

એક 'તુહિ તુહિ' સુધી પહોચવુ—મુખ્ય બંધન સ્ત્રીનુ—એ જ કારણે ઉપાધિ—અંતરંગચર્યા કહેવાના પાત્રોની દુર્લભતા—ઉદય વેદાય, નવા ન બંધાય તેમ વર્તવુ ૬

વૈરાગ્યમયી વર્તનમાં અટકાવ તેથી સંસારવૃદ્ધિ—સમાધિભાવ સંયુક્ત રહેવુ—ઉદયકર્મ ભોગવવા—આત્માનું રૂડું થાય તેવી પ્રવૃત્તિ—બંધનરહિત થવા જગતસ્પૃહાનો ત્યાગ ૭

સંકલ્પવિકલ્પરહિત થવું—ઋણમુક્ત થવું—પૂર્વકર્માનુસાર વિચરવુ ૮

દર્શનોદ્ધાર વિષે વિચારો—સંસારથી કંટાળવુ—મતભેદના કારણે તત્ત્વની અપ્રાપ્તિ—દિનચર્યા ૯

ગૃહાશ્રમ સંબંધ કેવો હતો?—તત્ત્વજ્ઞાનનો વિવેક ઊગવો—બાહ્ય અપ્રાધાન્યતાથી ખેદ—વિવેકઆવરણ વખતે મૂઝવણ—દેહત્યાગ જેવી સ્થિતિ ૧૦

તત્ત્વજ્ઞાનગુફા દર્શન ૧૧

અતર્શાંતિ થવી તેથી જીવવું ૧૨
વ્યવહારોપાધિ સમાધિરૂપ થવા વર્તન—ઘેરામા ન ઘેરાવું—વ્યવહારમા અન્ય સાથેનું વર્તન ૧૩
અસત્ય ન બોલવુ—નિવૃત્તિ શ્રેણી સાચવવી ૧૪
પોતા પર શ્રદ્ધા રાખવા પહેલા કસોટી કરાવવી— ઉપાધિની ઉત્પત્તિ અમુક કાર્યથી—ઈશ્વર પર વિશ્વાસથી દુ ખ સુખરૂપ —શુભાશુભ પ્રસગે સમ રહેવુ —પરમાર્થ વિષયનુ રટણ ૧૫
અતર—બાહ્ય સ્થિતિ—કંઈ જ ન ગમવું—સમવૃત્તિથી સમાધિ —અનિચ્છાએ પ્રવૃત્તિ—જ્યોતિષ્ય અને સિદ્ધિઓમાં ઉદાસીનતા-વિષમ કળિકાળમાં જન્મ ૧૬
અવિશ્રાંતિમા સપડાવુ—માનસિક ચિતા કહેવાના પાત્રોની ખામી —સહનશીલતા સુખદાયક માનવી—જીવનપૂર્ણતા પહેલાની સ્થિતિ—ઉપાદાન અર્થે સત્સગ —તેનો અભાવ—ઉદાસીનતાના કારણે અભ્યાસ ન થવો, છતાં પરિચય ૧૭
અન્ય પ્રત્યે ક્ષમાપના—પરિભ્રમણના સ્મરણથી વૈરાગ્ય —સ્વચ્છદ એ પરિભ્રમણનો હેતુ ૧૮
કલ્પિત પ્રીતિભાવથી વૈરાગ્ય—આત્માપરત્વે જુગુપ્સા ભવાતર સ્મરણ—ફરી ન જન્મવાનુ દઢત્વ—પરિભ્રમણ ત્યાગ અર્થે કર્તવ્ય—સાતાનો અભાવ ૧૯
શુ જોઈએ છે? શુ નથી જોઈતુ? —અત કરણમા એક મહાન ઈચ્છા—તેથી વિટબનદશા ૨૦
આ ક્ષેત્રે જન્મ થવો જોઈતો નહોતો—યથાયોગ્ય દશા પ્રાપ્ત થયે જ શાંતિ—પરમાર્થે જ દેહ ગમવો—નિર્ગ્રન્થ શ્રેણીની અભિલાષા — ગૃહવાસે ઉદાસીનતા ૨૧
વાસનાક્ષયની વૃત્તિ — પ્રારબ્ધ વેદતા અદૈન્યતા — મોક્ષ, જૈનના આગ્રહે નહીં, પણ મુક્તભાવે—પાત્રતામા ન્યૂનતા —'તુહિ તુહિ'ના રટણની જ ઈચ્છા ૨૨
કૈવલ્યદશાએ પહોચવાની વૃત્તિ —નિસ્પૃહતાની પ્રાપ્તિ — અનહદ ધ્વનિમા અંતરાય—અલખ 'લે'મા શમાવાની ઇચ્છા ૨૩

અદ્‌ભુત દશા રહેવી—સ્પષ્ટ ધર્મ આપવાની અનિચ્છા—તેનું કારણ—નિઃસ્પૃહ દશા—લેખનશક્તિમાં શૂન્યતા—ચિત્તમાં ઘણા નયપૂર્વકની વાતો ૨૪

નિર્વિકલ્પ સમાધિની ઇચ્છા—માર્ગપ્રકાશક દશાની સમીપતા—નિવૃત્તિનો અંતરાય—ગુપ્ત રહેવું—અજ્ઞાની જેવી દશાએ વાસ ૨૫

વ્યવહાર ચલાવવા પુસ્તક વાંચવાં—વેદોદય અર્થે ગૃહવાસ—તીર્થંકરે કર્યા પ્રમાણે કરવાની ઉન્મત્તતા—ગુણસ્થાનક—ઉપશમ ક્ષપક શ્રેણીનો અનુભવ ૨૬

મહાવીરે કહ્યું ઘણું—રહ્યું થોડું, તે પ્રશ્નકની ખામી—છેવટનું સ્વરૂપ સમજવું—પરિપૂર્ણ સ્વરૂપજ્ઞાન ઉત્પન્ન થવું ૨૭

કેવળ જ્ઞાનની પણ અનિચ્છા—તીવ્ર વૈરાગ્ય—ઘર—વન સરખાં—અનન્યભક્તિ વિના દેહ ન ત્યાગવાની ઇચ્છા—જડભરતજીની અસંગતાનું બહુ સ્મરણ ૨૮

અસંગતા વિના પરમદુઃખ—અદીનતા—ભવિષ્યની નિશ્ચિતતા—પ્રારબ્ધકર્મની બળવત્તરતા—અસંગતા થયે છેવટનું પરિપૂર્ણ પ્રકાશવાની ઇચ્છા—નિષ્કારણ પરમાર્થવૃત્તિ—અપ્રગટ રહેવું ૨૯

અસંગવૃત્તિએ સમુદાયમાં રહેવું—નિરંજનદેવ પ્રત્યે પ્રેમયાચના—તેની અનુગ્રહતા—ગોપીઓની પરાભક્તિના એક પ્રસંગનું સ્મરણ ૩૦

ગોપીઓનું મહી વેચવું એ રીતે વાસુદેવ પ્રાપ્તિ કરાવવી—ઘણા કાળ પહેલાં સમજાયેલું ભાગવત, તેથી અદ્‌ભુત દશા—વિકટવાસમાં નિવાસ—ભક્તિ એ સર્વોપગી માર્ગ ૩૧

અસંગ થયે પરમાર્થ પ્રકાશવાની ઇચ્છા—આત્મજ્ઞાનથી જાણવું—ધર્મજીવના દાસ—જગત પ્રત્યે ઉદાસીનતા ૩૨

સ્વપરરહિત દશા—નિર્વિકલ્પ વૃત્તિ—પરમાર્થ ન થઈ શકે એવી દશા—ઉપાધિમાં સમાન ભાવ—પરબ્રહ્મના સતત વિચારથી આનંદ—વેદનામાં શાતા પૂછનારનો અભાવ—ચિત્તની ચૈતન્યદશા—ઉપાધિમાં સમાધિ ૩૩

જ્ઞાનવાર્તા લખતા આનંદ—ચિત્તની નિરંકુશ દશા—પૂર્ણ કામતાની ઈચ્છા — જગતજીવનરસની પ્રાપ્તિ—હરિ પ્રત્યે લય—અતરગ વિચાર લખવા અશક્ત—ચિત્તની અવ્યવસ્થા—ઉપયોગમાં ન્યૂનતા ૩૪

બીજાને સતાપરૂપ ન થવું—હરિને ક્ષણ પણ ન વીસરવા—અતરગ અદ્‌ભુત દશા ૩૫

ઉદાસીનતા—ઘેલછા—આદિપુરુષ પ્રત્યે અખડપ્રેમ—ઉદાસીનતા છતા વ્યવહારવેપાર—ભક્તિવાળાં પુસ્તકો વાચવા ૩૬

સર્વ પ્રત્યે અભિન્નભાવ—સિદ્ધાતજ્ઞાન આવરિતરૂપે—હરિમય ચિત્ત—માયાના પ્રસગમાં વાસ—ધર્મ સબધિ અપ્રગટ રહેવુ ૩૭

નિસ્નેહ સસારમા ઉદયાધીન વર્તન—પરાનુકપા અર્થે ઉદયવેદન—સાક્ષી પુરુષના વિકટપણાના પ્રસગનો ઉદય ૩૮

વ્યવહાર બધન અપૂર્વહિતમા નડતરરૂપ—મોક્ષનો અલ્પ સભવ — જનપરિચયમા અરુચિ—મતમતાંતર વેદનારૂપ—પૂર્વાપર અવિરુદ્ધ જ્ઞાન થયે માર્ગ પ્રકાશવો ૩૯

વ્યાસજી જેવી દશા—હરિરસની પ્રાપ્તિ વિના બધુ શૂન્ય—કલિયુગને લઈને સાધનો ઘેરાઈ જવા—નિષ્કપટીપણુ, સન્માર્ગ, સત્સગનો અભાવ ૪૦

સંબધમાત્ર ન ગમવો—સત્સગનો અભાવ—વીતરાગતા—પરમ સત્યનુ ધ્યાન—અસગવૃત્તિએ ઉપાધિ સહેવી ૪૧

અપૂર્વ વીતરાગતા—આત્મભાવે વર્તન—સહજ સ્મરણે જ્ઞાન—અંતરંગ અપૂર્વ દશા ૪૨

કર્મનિર્જરાર્થે રાગરહિત પ્રવૃત્તિ—સ્વપણારહિતની ઉપાધિ—'આત્માપણુ' એ એક જ ધ્વનિ ૪૩

ઉપાધિપ્રસગ આત્મધ્યાનને વિઘ્નરૂપ—સર્વસગપરિત્યાગનો અર્થ—દેહ છતા વીતરાગતા પામવી ૪૪

જ્યોતિષ બોજારૂપ જાણી ત્યાગ—સત્જ્ઞાનમા રુચિ—બધનને લીધે પ્રવૃત્તિ—વ્યાવહારિક કામ બીજા અર્થે સેવવુ—ઉદાસીનવૃત્તિએ મજૂરી જેવુ કામ પણ કર્યે જવુ ૪૫

વૃત્તિમા પરમાર્થ આડે અનવકાશ—અત્યંત ઉદાસીનતા છતાં પ્રવૃત્તિપ્રસંગ—વ્યવહારમા મન ન ચોંટવુ ૪૬

વૈભવાદિ કે કષાયાદિથી અપ્રતિબંધતા—અપ્રમત્તધારા — પૂર્વનિબંધન ઉદય — ઉપાધિ સમાધિરૂપ—'સત્' 'સત્શાસ્ત્ર' 'દાનાદિ' પ્રત્યે રુચિ ૪૭
તીર્થંકરાદિકનુ આત્મત્વ સાભરવુ—ઉપાધિમાં ભાવસમાધિ —પરમવૈરાગ્ય છતા વ્યવહાર પ્રતિબંધ—અન્યભાવ પ્રત્યે ઉદાસીનતા—મોક્ષ કેવળ નિકટપણે—ભેદરહિત દશા ૪૮
સસારથી કંટાળવા છતાં તેનો પ્રસગ—બુદ્ધિમા મોક્ષસ્પૃહાનો અભાવ — નિરુપાયતાએ ઉપાધિસવેદન—પ્રારબ્ધનિવૃત્તિ અર્થે ઉપાધિ—દુષમકાળ, પરમાર્થનું ક્ષીણપણુ ૪૯
જ્ઞાનીના ઉપદેશનુ બળ ઘટતું જવુ—પરમાર્થવૃત્તિની ક્ષીણતા —કાળની વિષમતા—પરમાર્થ માર્ગ પ્રાપ્ત કરાવવા રહેતી અનુકપા ૫૦
ચોથા કાળમા પણ દુર્લભ એવા પુરુષની જગતને પ્રાપ્તિ—વર્તમાનમા જીવોનુ કલ્યાણ કોનાથી થઈ શકે? ૫૧
પરમાર્થપ્રાપ્તિ કરાવવામા વિઘ્નરૂપ ઉપાધિ—ચિત્તની આત્માકાર સ્થિતિ—ઉપાધિ વેદતા સમાધિ —માબાપ આદિના ઉપકાર કારણે નિષ્કામપણે ઉપાધિ વેદવી ૫૨
સસારસુખવૃત્તિ તરફ નિરતર ઉદાસપણુ ૫૩
અપ્રગટ રહેવાના કારણો—સત્સગઅભાવે સમપરિણતિમા વિકટતા ૫૪
પ્રતિકૂળ નિમિત્તમા પણ અદ્વેપ પરિણામ — નિર્વિકલ્પ સમાધિ વર્તવી—તીર્થંકરનો અતરઆશય 'આ' આત્માને હોવો —જગતકલ્યાણની વૃત્તિ છતા ઉદયાનુસાર વર્તન ૫૫
વેપારપ્રસગ સુધી ધર્મજાણનારરૂપે અપ્રગટ રહેવુ — અનવકાશ આત્મસ્વરૂપ ૫૬
જ્ઞાનીને ઓળખ્યે સ્વરૂપપ્રાપ્તિ —પરેચ્છાએ પ્રવૃત્તિ—નિવૃત્તિ પર રાગ—ઉપાધિમાં અવિષમતા—પૂર્વે વેદેલ સત્સગનુ સ્મરણ ૫૭
ઉપાધિવેદન તે નેત્ર પાસે રેતી ઉપડાવવા જેવું વિકટ—સત્સગસ્પૃહા — રુચિમાત્રનુ સમાધાન ૫૮

અન્ય પ્રત્યે ક્ષમાપના—પુનર્જન્મ પ્રતીતિ—પૂર્વભવજોગનુ સ્મરણ —પરમાર્થદુ ખ મટવુ— અનુ-કપાદિ કારણે સસારદુ ખ ૫૯
દેહદુ ખે શોચ નહીં પણ આત્મ-અજ્ઞાને—અન્યનો અપરાધ ન થવા અર્થે ઉપાધિ વેદવી—તીવ્ર ઉદયથી ખેદ, શિથિલતા ૬૦
પ્રવૃત્તિ નિરુપાયે વેદવી—ઉપાધિ છતા અવ્યાબાધ સ્થિતિમાં સ્વાસ્થ્ય—સમ્યગ્દષ્ટિપણુ હોવુ ૬૧
દુ ખ કેટલુ છે?—સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણુ—સત્સગ-જલતૃષ્ણા— બાહ્યાભ્યતર નિર્ગ્રન્થતાની ભાવના ૬૨
મૂર્ખ પેઠે વ્યવહાર ભજવો-નિવૃત્તિ ક્ષેત્ર, નિવૃત્તિકાળ, સત્સગ, આત્મવિચારમા પ્રતિબધ રુચિ —અવિષમતા— સત્સંગનો અભાવ—આત્મજ્ઞાન ઉદ્ભવ્યે આશારહિત જીવવુ ૬૩
સંસાર પ્રસગમા મદતા—સત્સંગ-વિયોગની મૂઝવણ—સર્વ કર્તવ્ય વિષે ઉદાસીનતા—અપ્રતિબદ્ધપણુ ૬૪
તીવ્ર ઉપાધિયોગ—આવરણરૂપ સસારરચના—સમ્યક્ત્વ વિષે અભ્રાંતિ – આકુળવ્યાકુળતાના પ્રસંગે સમપરિણતિ—'આત્મા', 'જ્ઞાની', 'ભક્તિ' એ જ રટણ ૬૫
પૂર્વકાળના જ્ઞાનીઓના પ્રસગોની સ્મૃતિ—ઉપાધિજોગ આદિમા મૂર્છાવત્ અવસ્થા—સ્વપરમા સમદૃષ્ટિ ૬૬
જગતના પદાર્થ પ્રત્યે ઉદાસીનતા —સર્વ પ્રત્યે સમપરિણામી વર્તન – અન્ય પદાર્થમા અનાસક્તિ ૬૭
પ્રારબ્ધકર્મ કારણે ઉપાધિ–વેદન —આત્મોપયોગના અપ્રધાન-પણામાં અત્યત શોક—ગૃહસ્થ-પણામા વનવાસ જેવો આકરો વૈરાગ્ય — સત્સગ—અતરાયનો ખેદ ૬૮
મુમુક્ષુ માર્ગાનુસારીના સત્સગમા રુચિ–ઉપાધિ આરાધી ત્યારથી મુક્તપણુ —સ્ત્રી—કુટુબાદિકના પૂર્વ નિબધનાર્થે સસાર-અતરગ ભેદ કોણ સમજી શકે?— આત્મભાવે ફરી જન્મવાની નિશ્ચલ પ્રતિજ્ઞા ૬૯
વાણીનું સંયમન વ્યવહારમા ક્લેશરૂપ — પ્રમત્ત—અપ્રમત્ત દશામા વેદેલી સ્થિતિ ૭૦

બોધબીજવાળા પૂર્વદેહનુ વેદન મોક્ષકાર્યે ઉપયોગી—ઉપાધિ મટાડવાના પ્રકારમાં નિરિચ્છા—ઉપાધિરૂપ વ્યવહારમા સમચિત્ત સ્થિતિ—આદેશો ઉત્પન્ન થાય તેવો પ્રારબ્ધ પ્રકાર ૭૧

દુષમકાળમા દેહજોગના કારણે ખેદ—અનિચ્છાએ વ્યવહાર વેદવો—દ્રવ્ય, ક્ષેત્ર, કાળની પ્રતિકૂળતા ૭૨

સસારસ્વરૂપ રસરહિત ભાસવુ—સસારમા પરાણે સ્થિતિ—ધર્મ પ્રસગમા લોકપરિચયનો ત્યાગ ૭૩

વ્યવસાય અસાર જાણવો—અપ્રતિબદ્ધ દશા—સત્સગ રુચિ—અપ્રગટ રહેવા દેવાની ઇચ્છા—માર્ગ પ્રકાશવામા પ્રમાદ, માન, આદિનો અસભવ ૭૪

શબ્દાદિ વિષયોમા વિરસપણું—બળવાન પ્રભાવક દશા—જીવોની અજ્ઞાનદશા પરત્વે જુગુપ્સા ૭૫

બાહ્ય માહાત્મ્યની અનિચ્છા—પત્રાદિ લખતાં અટકી જવું ૭૬

વ્યવસાય પ્રત્યક્ષ ઝેરરૂપ જાણવા છતાં કરવો—સ્વદોષ જણાવી ખેદ ટાળવા વૃત્તિ—આત્મધ્યાનમા અખડ ઉપયોગ ૭૭

અવિષમભાવની ઇચ્છા—અન્યના સમાધાન અર્થે વ્યવહાર—અપ્રતિબંધ અસગભાવ રહેવો ૭૮

મુઝવણની નિવર્તવાની ઇચ્છા—ઉદય વેદવા પ્રવૃત્તિ—સર્વ સગમા ઉદાસપણુ—ઉપાધિથી નિવર્તવાના કાળની અપરિપક્વતા—ચિત્તની અવ્યવસ્થા ૭૯

સમવૃત્તિ થયે આત્મજ્ઞાન પ્રકાશવું—ઉપાધિથી છૂટવાની આર્તિ—તેમા શિથિલતા ૮૦

અદેશારૂપ બાહ્યવ્યવહાર—તેથી ઉપદેશ ન કરવો—અવિચારી પ્રવૃત્તિથી વ્યવહાર ઉદય—વ્યાપારાદિ ઉદયમાં અસગપરિણામવત્ પ્રવૃત્તિ—આત્મપરિણતિ કારણે વ્યવહાર દુખ ૮૧

અચલિત આત્મસ્વરૂપે રહેવાની ચિત્તેચ્છા-સ્મૃતિ, વાણી, લેખનશક્તિમા મંદતા—ઉદાસીનતા—પ્રારબ્ધોદય ભોગવ્યે જ છૂટકો ૮૨

પ્રારબ્ધોદય વેદન નિવર્તવામાં હજુ વિલબ—લખવાની પ્રવૃત્તિમા મદતા—ચિત્તની અસ્થિરતા ૮૩

વ્યવહાર સંબંધે કંઈ લખી કે કહી ન શકાવું—વ્યતીત આયુષ્ય માટે શોક—આત્મા નિર્વિષય વર્તે એવી ઇચ્છા ૮૪
નિવૃત્તિક્ષેત્રે સત્સમાગમથી વિશેષ લાભ—વિશુદ્ધ બ્રહ્મચર્યથી સંયમસુખ—ઉદય પ્રસંગથી ચિત્તમાં ઉદાસીનતા—સહજ પરિણતિએ પ્રવર્તવું—માતા-પિતાદિના ચિત્તની અનુપેક્ષાર્થે વવાણિયે જવું ૮૫
ઉદીરણ પ્રવૃત્તિ સંક્ષેપવી—અવિરતિરૂપ ઉદયકારણે અપ્રગટ રહેવું ૮૬
સર્વસંગનિવૃત્તિની ઇચ્છા—આત્મભાવે વૈભવાદિની અનિચ્છા—અવિકલ્પ સમાધિ અનુભવવી ૮૭
'જ્યોતિષ' 'અણિમાદિ સિદ્ધિ' માયિક જણાવા—સમાધિની ગૌણતાથી ખેદ—સમ્યગ્દર્શન જૈનદૃષ્ટિએ સભવ—જીવન મંતવ્ય દર્શનોદ્ધાર — તેની અસભવિતતાના કારણો ૮૮
મૂળમાર્ગ પ્રકાશવાની શક્તિ હોવી —માર્ગ પ્રકટાવવામાં સર્વ સગપરિત્યાગની જરૂર—સહજ-સ્વરૂપે જ્ઞાન હોવું ૮૯
માર્ગ પ્રકાશવા લક્ષ થવાના કારણો—મૂળમાર્ગ—ઉપદેશકની ખામી—તે માટે 'સ્વ'—પર દૃષ્ટિ —તેમા નડતરો—ગુરુપણું દર્શિત ન કરવુ ૯૦
ધર્મ સ્થાપવાના માનનો અસભવ—યથાયોગ્ય દશાએ માર્ગ પ્રકાશવો—પરિગ્રહ ત્યાગનો વિચાર રહેવો—દર્શનોદ્ધારની ભાવના—તેમા મતભેદાદિ નડતરો ૯૧
દુસ્તર પ્રારબ્ધ—પ્રતિબધથી ડરીને વર્તવુ—ગુણસ્થાન ક્રમારોહણ મનોરથો ૯૨
જ્ઞાનીઓના ભીષ્મવ્રતનુ સ્મરણ—ખેદ સમતાસહિત વેદવો—અન્નવસ્ત્રમા સંતોષ—સહન કરવામા હર્ષ ૯૫
ઉપયોગની તીવ્રતા — સમ્યગ્ દર્શનની પ્રત્યક્ષતા—અંતિમ ધ્યેય—આ કાળમા જન્મવું સુખ —દુખદાયક—સ્વરૂપ પ્રાપ્તિ અર્થે સત્સગની ન્યૂનતા ૯૬
આત્માની અન્યાલબન રહિત સ્થિતિ—આત્મિક વર્તનામા શિથિલતા—સ્વચ્છંદ પરિણામથી ભવવૃદ્ધિ—મિશ્ર ગુણસ્થાનક

જેવી સ્થિતિ-વેશ્યવેશે અને નિર્ગ્રન્થભાવે વસતા હાનિ ૯૭

વિભાવયોગ મટર્યે ચિત્ત સંતોપ-ઉદય વિભાવ-ક્રિયાનો-ઇચ્છા આત્મભાવમા ૯૮

દીર્ઘકાળનો આત્મભાવ હોઈ ન હણાવો-શિથિલતા આવવી-જ્ઞાનતારતમ્ય કરતા ઉદય-બળની વિશેપતા-દુપમકાળના કારણે સાવધાનતા-વેદોદય હોઈ વ્યવહાર નિવર્તાવવો કઠણ ૯૯

સ્વરૂપપ્રાપ્તિ અર્થે જાગૃતિમા મંદતા-પરિચયમા અરુચિ છતા કરવો-સયમ આરાધનમા ઉદય પ્રતિબંધ ૧૦૦

માર્ગ પ્રવર્તક દશા-તેમા વિકળતા -માર્ગ પ્રવર્તન રીતિ-સ્વાચરણમાં વિરોધતાના કારણો -ઈશ્વરપદ-મનુષ્યદેહે તેની પ્રાપ્તિ ૧૦૧

અપ્રમત્ત ઉપયોગે વર્ત્યે જવુ-જ્ઞાનીઓ સર્વકાળ જયવત વર્તો એ ભાવના-પદાર્થ પ્રતીતિ - સર્વજ્ઞોપદિષ્ટ આત્મધ્યાનમા સ્થિતિ ૧૦૨

પ્રમત્તભાવ ટાળનારા ઉદ્‌ગારો-આત્મસ્વરૂપ પ્રતીતિ ૧૦૩

કેવળ જ્ઞાનસ્વરૂપ તેનું ધ્યાન-આત્માનું શુદ્ધ સ્વરૂપ ૧૦૪

નિજસ્વરૂપમા ઉપયોગ, તન્મય વૃત્તિ-શુદ્ધ આત્મસ્વરૂપનુ ધ્યાન-વ્યવહાર પ્રતિ તીવ્ર અપ્રિયતા ૧૦૫

પ્રારબ્ધ નિવર્તાવવા અર્થે ત્યાગ ભજવો - સર્વસગપરિત્યાગ પર લક્ષ-સ્વસ્વરૂપ અનુભવ અર્થે શિથિલતા ન કરવી ૧૦૬

ચારિત્રજાગૃતિસૂચક ઉદ્‌ગારો ૧૦૭

આભ્યતર વર્ગણા ઉપશમાવવી -અતરાયક દોપોની ઉપેક્ષા-સમ્યગ્દર્શન અને ઉપકારક પુરુષોને નમસ્કાર ૧૦૮

અતિમ વચનો ૧૦૯